सत्यमेव जयते

# ઇડરના મે.બીજા એડીશ્નલ સેશન્સ જજની કોર્ટમાં,મુ.ઇડર

---

## સેસન્સ કેસ નં.૧૨/૨૦૨૦ તથા સેસન્સ કેસ નં.૫/૨૦૨૧ તથા સેસન્સ કેસ નં.૯/૨૦૨૧ તથા સેસન્સ કેસ નં.૪૯/૨૦૨૩ ના કામે સંયુકત જજમેન્ટ

---

**સેસન્સ કેસ નં.૧૨/૨૦૨૦**

આંક–

| | | | | |
|---|---|---|---|---|
| **GJSK180008522020** | કેસ દાખલ થયા તા. | ૦૫/૧૦/૨૦૨૦ | | |
| | કેસ રજીસ્ટરે નોંધ્યા તા. | ૦૫/૧૦/૨૦૨૦ | | |
| | કેસ ફેસલ કર્યા તા. | **૦૮/૦૮/૨૦૨૬** | | |
| | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૫ | ૧૦ | ૦૩ |

**ફોર્મ–એ**

| **(ખેડબ્રહમા પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૨૦૯૦૨૮૨૦૦૦૪૧/૨૦૨૦)** | |
|---|---|
| ફરીયાદી | સ્ટેટ ઓફ ગુજરાત<br>ફરીયાદીનુ નામ: વિનયભાઇ અશોકભાઇ નાયક |
| ફરીયાદી તર્ફે વિ.એડી.પી.પી.શ્રી | એન.એન.બારોટ |
| આરોપી | **મહમદ અનિસ હબીબભાઇ સોલંકી(સીપાઇ)**<br>ઉ.વ.૨૭<br>રહે. ધોડાપીરની દરગાહ પાસે, કાસમપુર વિસ્તાર, વિરમગામ , તા.વિરમગામ, જી.અમદાવાદ |
| આરોપી તર્ફે વિ.વ.શ્રી | બી.આઇ.લીંમાણી |

**ફોર્મ–બી**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૨૧/૦૧/૨૦૨૦ |
| એફ.આઇ.આર ની તારીખ | ૨૧/૦૧/૨૦૨૦ |
| ચાર્જશીટની તારીખ | ૦૫/૦૫/૨૦૨૦(ફો.કે.નં.૩૮૩/૨૦૨૦) |

| | |
|---|---|
| તહોમતનામુ ઘડયાની તારીખ | ૨૪/૦૪/૨૦૨૩ |
| પુરાવો લેવાનો શરૂ કર્યાની તારીખ | ૦૬/૦૯/૨૦૨૪ |
| જજમેન્ટ આપવાની નકકી કરેલ તારીખ | ૨૯/૦૭/૨૦૨૬ |
| જજમેન્ટ આપ્યાની તારીખ | ૦૮/૦૮/૨૦૨૬ |
| સજાના ઓર્ડર કર્યાની તારીખ (જો હોય તો) | – |

**<u>આરોપીની વિગતો</u>**

| આરોપી ની સંખ્યા | આરોપીનું નામ | અટક કર્યાની તારીખ | જામીન પર મુકત કર્યાની તારીખ | ગુનાઓના આરોપસર | સજા/ નિર્દોષ | ફરમાવેલ સજા | કેદમાં રહેલ મુદતનો સમય ક્રિ.પ્રો.કોડ ની સે.૪૨૮ના હેતુસર |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **મહમદ અનિસ હબીબભાઇ સોલંકી (સીપાઇ)** | ૬.૨.૨૨ | ૨૯.૧૨.૨૦ | ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ–૩૯૬, ૩૯૭,૩૦૨, ૧૨૦(બી) તથા આમર્સ એકટની કલમ– ૨૫ (૧–બી–એ), ૨૭ તથા જી.પી.એકટ. કલમ૧૩૫ મુજબ | નિર્દોષ | – | |

---

**<u>સેસન્સ કેસ નં.૫/૨૦૨૧</u>**

આંક–

| | | | | |
|---|---|---|---|---|
| GJSK180000702021 | કેસ દાખલ થયા તા. | ૧૯/૦૧/૨૦૨૧ | | |
| | કેસ રજીસ્ટરે નોંધ્યા તા. | ૧૯/૦૧/૨૦૨૧ | | |
| | કેસ ફેસલ કર્યા તા. | **૦૮/૦૮/૨૦૨૬** | | |
| | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૫ | ૦૬ | ૨૦ |

**<u>ફોર્મ–એ</u>**

| **(ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૨૦૯૦૨૮૨૦૦૦૪૧/૨૦૨૦)** | |
|---|---|
| ફરીયાદી | સ્ટેટ ઓફ ગુજરાત |

| | |
|---|---|
| | ફરીયાદીનુ નામ: વિનયભાઇ અશોકભાઇ નાયક |
| ફરીયાદી તર્ફે વિ.એડી.પી.પી.શ્રી | એન.એન.બારોટ |
| આરોપી | **(૧) મહિપતસિંહ ઉર્ફે રામવાળો ઉર્ફે સીતારામ ચંપુભા ઝાલા,** ઉ.વ.૩૭ રહે.ઝીંઝુવાડા, રસાણીપાટી, તા.પાટડી, જી.સુરેન્દ્રનગર **(૨) મહાવીરસિંહ સ/ઓ. રણવીરસિંહ લાલસિંહ જોધ્ધા,** ઉ.વ.૩૭, રહે. મેઢાસણ, રાજપુત ફળીયુ, તા.મોડાસા, જી.અરવલ્લી **(૩) પધ્યુમનસિંહ ઉર્ફે રાજેન્દ્રસિંહ ઉર્ફે પદુભા ધનશ્યામસિંહ ઉર્ફે નવલસિંહ ઝાલા,** ઉ.વ.૩૫ રહે.રાંદલનગર, જામનગર, તા.જી.જામનગર **(૪) અજીતસિંહ હેમુભા ચાવડા, (એબેટ)** ઉ.વ.૩૪ રહે.છારા, તા.કોડીનાર, જી.ગીર સોમનાથ |
| આરોપી નં.૧ તર્ફે વિ.વ.શ્રી | એમ.બી.જોષી |
| આરોપી નં.૨ તર્ફે વિ.વ.શ્રી | આર.એસ.દેવડા |
| આરોપી નં.૩ તર્ફે વિ.વ.શ્રી | પી.એ.ગુર્જર |

## <u>ફોર્મ–બી</u>

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૨૧/૦૧/૨૦૨૦ |
| એફ.આઇ.આર ની તારીખ | ૨૧/૦૧/૨૦૨૦ |
| ચાર્જશીટની તારીખ | ૦૧/૧૨/૨૦૨૦(ફો.કે.નં.૪૩૨/૨૦૨૦) |
| તહોમતનામુ ઘડયાની તારીખ | ૨૧/૦૩/૨૦૨૪ |
| પુરાવો લેવાનો શરૂ કર્યાની તારીખ | ૦૬/૦૯/૨૦૨૪ |
| જજમેન્ટ આપવાની નકકી કરેલ તારીખ | ૨૯/૦૭/૨૦૨૬ |
| જજમેન્ટ આપ્યાની તારીખ | ૦૮/૦૮/૨૦૨૬ |
| સજાના ઓર્ડર કર્યાની તારીખ (જો હોય તો) | – |

## <u>આરોપીની વિગતો</u>

| આરોપીની સંખ્યા | આરોપીનું નામ | અટક કર્યાની તારીખ | જામીન પર મુકત કર્યાની તારીખ | ગુનાઓના આરોપસર | સજા/ નિર્દોષ | ફરમાવેલ સજા | કેદમાં રહેલ મુદતનો સમય ક્રિ.પ્રો.કોડની સે.૪૨૮ના હેતુસર |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **મહિપતસિંહ ઉર્ફે રામવાળો ઉર્ફે સીતારામ ચંપુભા ઝાલા** | ૭.૯.૨૦ | ---- | ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ- ૩૯૬,૩૯૭, ૩૦૨,૧૨૦ (બી), ૩૪, ૨૧૨,૨૦૧, ૪૬૫,૪૬૭, ૪૭૧ તથા આમર્સ એકટની કલમ- ૨૫ (૧-બી-એ), ૨૭ તથા જી.પી.એકટ. કલમ૧૩૫ મુજબ | નિર્દોષ | - | - |
| ૨ | **મહાવીરસિંહ સ/ઓ. રણવીરસિંહ લાલસિંહ જોધ્ધા** | ૧૭.૯.૨૦ | ૩.૮.૨૧ | | | | |
| ૩ | **પધ્યુમનસિંહ ઉર્ફે રાજેન્દ્રસિંહ ઉર્ફે પદુભા ધનશ્યામ સિંહ ઉર્ફે નવલસિંહ ઝાલા** | ૧.૧૦.૨૦ | ૧૮.૪.૨૫ | | | | |
| ૪ | **અજીતસિંહ હેમુભા ચાવડા** | ૧.૧૦.૨૦ | ૧૫.૧.૨૧ | | | | |

--------------------------------------

**<u>સેસન્સ કેસ નં.૯/૨૦૨૧</u>**

**આંક- ૧૧**

| | | | | |
|---|---|---|---|---|
| **GJSK180002242021** | કેસ દાખલ થયા તા. | ૨૨/૦૨/૨૦૨૧ | | |
| | કેસ રજીસ્ટરે નોંધ્યા તા. | ૨૨/૦૨/૨૦૨૧ | | |
| | કેસ ફેસલ કર્યા તા. | **૦૮/૦૮/૨૦૨૬** | | |
| | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૫ | ૦૫ | ૧૭ |

**<u>ફોર્મ-એ</u>**

| | |
|---|---|
| **(ખેડબ્રહમા પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૨૦૯૦૨૮૨૦૦૪૧/૨૦૨૦)** | |
| ફરીયાદી | સ્ટેટ ઓફ ગુજરાત<br>ફરીયાદીનુ નામ: વિનયભાઇ અશોકભાઇ નાયક |

| | |
|---|---|
| ફરીયાદી તર્ફે વિ.એડી.પી.પી.શ્રી | એન.એન.બારોટ |
| આરોપી | **(૧) રોહિતસિંહ ઉર્ફે રણવીરસિંહ ઉર્ફે ભાણુભા કિરીટસિંહ ઝાલા,** ઉ.વ.૩૦ મુળ રહે.ધાંગધ્રા, ભાર્ગવી સોસાયટી, તા.ધાંગધ્રા, જી.સુરેન્દ્રનગર હાલ રહે. સાવલી, નંદર રેસીડેન્સી, ફલેટ નં.૩૦૧, ભાદરવા ચોકડી, તા.સાવલી, જી.વડોદરા |
| આરોપી તર્ફે વિ.વ.શ્રી | બી.એન.ગઢવી |

**ફોર્મ–બી**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૨૧/૦૧/૨૦૨૦ |
| એફ.આઇ.આર ની તારીખ | ૨૧/૦૧/૨૦૨૦ |
| ચાર્જશીટની તારીખ | ૧૬/૦૨/૨૦૨૧(ફો.કે.નં.૮૧૯/૨૦૨૧) |
| તહોમતનામુ ઘડયાની તારીખ | ૨૪/૦૪/૨૦23 |
| પુરાવો લેવાનો શરૂ કર્યાની તારીખ | ૦૬/૦૯/૨૦૨૪ |
| જજમેન્ટ આપવાની નકકી કરેલ તારીખ | ૨૯/૦૭/૨૦૨૬ |
| જજમેન્ટ આપ્યાની તારીખ | ૦૮/૦૮/૨૦૨૬ |
| સજાના ઓર્ડર કર્યાની તારીખ (જો હોય તો) | – |

**આરોપીની વિગતો**

| આરોપી ની સંખ્યા | આરોપીનું નામ | અટક કર્યાની તારીખ | જામીન પર મુકત કર્યાની તારીખ | ગુનાઓના આરોપસર | સજા/ નિર્દોષ | ફરમાવેલ સજા | કેદમાં રહેલ મુદતનો સમય ક્રિ.પ્રો.કોડ ની સે.૪૨૮ના હેતુસર |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **રોહિતસિંહ ઉર્ફે રણવીરસિંહ ઉર્ફે ભાણુભા કિરીટસિંહ ઝાલા** | ૨૫.૧૧.૨૦ | ૫.૧૧.૨૨ | ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ– ૩૯૬,૩૯૭, ૩૦૨,૧૨૦ (બી), ૩૪, ૨૧૨,૨૦૧, ૪૬૫,૪૬૭, ૪૭૧ તથા | નિર્દોષ | – | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | આમર્સ એકટની કલમ– ૨૫ (૧–બી–એ), ૨૭ તથા જી.પી.એકટ. કલમ૧૩૫ મુજબ | | | |

––––––––––––––––––––––––––––––––––––

**<u>સેસન્સ કેસ નં.૪૯/૨૦૨૩</u>**

આંક–

| GJSK180014322023 | | | | |
|---|---|---|---|---|
| | કેસ દાખલ થયા તા. | ૨૨/૦૮/૨૦૨૩ | | |
| | કેસ રજીસ્ટરે નોંધ્યા તા. | ૨૨/૦૮/2023 | | |
| | કેસ ફેસલ કર્યા તા. | **૦૮/૦૮/૨૦૨૬** | | |
| | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૨ | ૧૧ | ૧૭ |

**<u>ફોર્મ–એ</u>**

| **(ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૨૦૯૦૨૮૨૦૦૦૪૧/૨૦૨૦)** | |
|---|---|
| ફરીયાદી | સ્ટેટ ઓફ ગુજરાત<br>ફરીયાદીનુ નામ: વિનયભાઇ અશોકભાઇ નાયક |
| ફરીયાદી તર્ફે વિ.એડી.પી.પી.શ્રી | એન.એન.બારોટ |
| આરોપી | **(૧) હનીફભાઇ ઉર્ફે સબીરભાઇ ઉર્ફે કાળીયો ઉર્ફે નાનુખાન ઇમામભાઇ એહમદભાઇ બેલીમ,** ઉ.વ.૪૮,<br>રહે.મફતપુરા, બસ સ્ટેશનની બાજુમાં સમી, તા.સમી, જી.પાટણ |
| આરોપી તર્ફે વિ.વ.શ્રી | બી.એન.ગઢવી |

**<u>ફોર્મ–બી</u>**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૨૧/૦૧/2020 |
| એફ.આઇ.આર ની તારીખ | ૨૧/૦૧/2020 |
| ચાર્જશીટની તારીખ | ૨૩/૦૫/2023(ફો.કે.નં.૧૧૨/૨૦૨૩) |
| તહોમતનામુ ઘડયાની તારીખ | ૨૧/૦૩/૨૦૨૪ |

| | |
|---|---|
| પુરાવો લેવાનો શરૂ કર્યાની તારીખ | ૦૬/૦૯/૨૦૨૪ |
| જજમેન્ટ આપવાની નકકી કરેલ તારીખ | ૨૯/૦૭/૨૦૨૬ |
| જજમેન્ટ આપ્યાની તારીખ | ૦૮/૦૮/૨૦૨૬ |
| સજાના ઓર્ડર કર્યાની તારીખ (જો હોય તો) | – |

**<u>આરોપીની વિગતો</u>**

| આરોપી ની સંખ્યા | આરોપીનું નામ | અટક કર્યાની તારીખ | જામીન પર મુકત કર્યાની તારીખ | ગુનાઓના આરોપસર | સજા/ નિર્દોષ | ફરમાવેલ સજા | કેદમાં રહેલ મુદતનો સમય ક્રિ.પ્રો.કોડ ની સે.૪૨૮ના હેતુસર |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **હનીફભાઇ ઉર્ફે સબીરભાઇ ઉર્ફે કાળીયો ઉર્ફે નાનુખાન ઇમામભાઇ એહમદભાઇ બેલીમ** | ૯.૩.૨૩ | -- | ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ– ૩૯૬,૩૯૭, ૩૦૨,૧૨૦ (બી), ૩૪, ૨૧૨,૨૦૧, ૪૬૫,૪૬૭, ૪૭૧ તથા આમર્સ એકટની કલમ– ૨૫ (૧–બી–એ), ૨૭ તથા જી.પી.એકટ. કલમ૧૩૫ મુજબ જી.પી.એકટ. કલમ૧૩૫ મુજબ | નિર્દોષ | – | |

**<u>:: ઠરાવ ::</u>**

(હાલનો કેસ નામદાર ડિસ્ટ્રીકટ કોર્ટ હિંમતનગરના ઓફિસ ઓર્ડર નંબર ૫૭૪/૨૦૨૪ તારીખ ૨૬/૧૧/૨૦૨૪ અન્વયે બીજા એડિ.ડિસ્ટ્રીકટ કોર્ટ, ઈડરથી અત્રેની ત્રીજા એડિ.ડિસ્ટ્રીકટ કોર્ટ, ઈડર ખાતે તબદીલ થઈને આવેલ અને પ્રથમ સુનવણી તારીખ: ૧૦/૧૨/૨૦૨૪ રોજ મુકર્રર કરવામાં આવેલ હતી

અને સદર કેસ પુરાવા માટે મુલતવી હતો. ત્યારબાદ નામદાર ગુજરાત હાઈકોર્ટના નોટીફીકેશન નંબર No.A.1201/2026 [ 19 ] તારીખ ૦૧/૦૭/૨૦૨૬ અન્વયે ત્રીજી એડીશ્નલ ડીસ્ટ્રીકટ કોર્ટ બીજી એડીશ્નલ ડીસ્ટ્રીકટ કોર્ટ તરીકે કાર્યરત થતા ના.ડીસ્ટ્રીકટ કોર્ટ, હિંમતનગરના ઓફીસ ઓડર નં.૩૨૪/૨૦૨૬, તારીખ ૦૩/૦૭/૨૦૨૬ અન્વયે સદર કામ અત્રેની બીજી એડીશ્નલ ડીસ્ટ્રીકટ કોર્ટમાં ટ્રાન્સફર થઈ આવેલ છે )

**<u>ફરિયાદની વિગત :</u>**

(૧) ફરિયાદી ફરિયાદના મથાળે જણાવેલ સરનામે રહે છે. તેમના કુંટુબી હરગોવિંદભાઈ અંબાલાલ નાયક તેમના મોટા દાદા થાય છે. જેમને સંતાનમાં બે દિકરા હતા જેમા મોટા પ્રકાશભાઈ આ.ઉ.વ.૪૦ ના હતા અને તેનાથી નાના ઘનશ્યામભાઈ હતા. જેઓ બે વર્ષ ઉપર મરણ ગયેલ છે. પ્રકાશભાઈ ખેડબ્રહમામાં મુખી માર્કેટમા એન. માધવલાલ આંગડીયા પેઢીમા દોઢ મહિનાથી નોકરી કરતા હતા જે પેઢી દોઢ માસથી ચાલુ કરેલ છે. જેના માલીક નાયક અશોકભાઈ રમણલાલ તથા પ્રજાપતી ભગવાનભાઈ નાથાભાઈ છે. આ પ્રકાશભાઈનો મોબાઈલ નં.૯૯૨૫૩૫૪૩૯૦ નો છે. પ્રકાશભાઈ હિંમતનગર બગીચા વિસ્તાર ખાતે એકલા રહેતા હતા અને ખેડબ્રહમાં અપડાઉન કરતા હતા. આજરોજ તેઓ તેમના ઘરે હતો તે વખતે બપોરના આશરે ત્રણેક વાગ્યાના સુમારે પ્રકાશભાઈની પત્નિ રંજનબેને તેમને જાણ કરેલ કે, "પ્રકાશભાઈના મોબાઈલથી મારા મોબાઈલ ઉપર કોઈકે ફોન કરી જાણ કરેલ છે કે, ખેડબ્રહમા ખાતે આ મોબાઈલ વાળા ભાઈને કોઈ અજાણ્યા ઈસમોએ પિસ્તોલ જેવા હથિયાર વડે ગોળી મારી દિધેલ હોઈ અને ચાકુના ઘા કરેલ હોઈ અને તેઓ ગંભીર રીતે ઘાયલ છે. જેથી અમો તેઓને સિવિલમાં લઈ જઈએ છીએ તમો આવી જાઓ" એ રીતેની જાણ કરતા તેઓ તથા તેમના કુઆ રાજુભાઈ માધવલાલ

નાયક તથા પ્રજાપતી ભગવાનભાઈ વિગેરે ખેડબ્રહમા સિવિલમા આવેલ અને પી.એમ. રૂમમાં જઇ જોયેલ તો પ્રકાશભાઈ મરણ ગયેલ હતા અને તેમની લાશ સ્ટ્રેચર ઉપર સુવડાવેલ હતી. જે જોતા પ્રકાશભાઇના શરીરે છાતીમાં ફાયરીંગ થવાના કારણે નાના પંચર થયેલ હોવાના કારણે લોહી નિકળેલ હતુ. જે જોતા રીવોલ્વર/પિસ્તોલ જેવા હથિયારથી ફાયરીંગ થવાના કારણે ઈજા થયેલ હોવાનું જણાયેલ તેમજ છાતીના જમણા ભાગે નીપલ ઉપર ચપ્પુ મારવાથી ઈજા થયેલ તથા છાતીના ડાબા ભાગે ગોળી માર્યા જેવો ગોળ ઘા જોવા મળેલ તથા નાભીથી નીચેના ભાગે ડાબી બાજુએ ગોળ રાઉન્ડ ગોળીના ઘા જેવી ઈજા દેખાતી હોઈ તથા ડાબા હાથમાંથી ચાકુના ઘા ના કારણે થયેલા હોય તેવા ઈજાના લોહીવાળા બે ઘા જોવા મળેલ જેના કારણે મરણ ગયેલ હોવાનુ જણાયેલ જેથી બનાવ સબંધે ભેગા થયેલ માણસોથી જાણવા મળેલ કે, ખેડબ્રહમા મુખી માર્કેટ ખાતે આવેલ આંગડીયા પેઢી ઉપરથી થેલો લઇને હિંમતનગર જવા માટે ચાલતા જતા હતા તે વખતે બપોરના આશરે પોણા ત્રણેક વાગ્યાના સુમારે સરદાર ચોક તરફ જતા રોડ ઉપર સ્વીફ્ટ જેવી ગાડી લઇને અજાણ્યા ઈસમો આવી ખેડબ્રહમા જનતા બેંક નજીક ફાયરીંગ કરી ઈજા પહોચાડી તેમજ છરીથી ઈજા પહોંચાડતા અને થેલો ખેંચવા જતા પબ્લીકના માણસો ભેગા થઈ જતા આ સ્વીફ્ટ જેવી ગાડી વાળો ઈસમો થેલો તથા છરો ફેકી ભાગી ગયેલ છે. જેથી આ સ્વીફ્ટ જેવી ગાડીમા આવેલ ઈસમો લુંટ કરવાના ઈરાદે થેલાની ખેંચતાણ કરી પ્રકાશભાઇ ઉપર રીવોલ્વર/પિસ્તોલ જેવા હથિયારથી ફાયરીંગ કરી છાતીના ભાગે ઈજા પહોચાડી તેમજ છરાથી ઈજા પહોચાડી મોત નિપજાવી ભાગી ગયેલ હોઇ તે મતલબની ફરીયાદ હકીકત જાહેર થયેલ છે.

## આરોપીઓ વિરુધ્ધનું તહોમત:

(૨) ફરિયાદીએ ઉપરોકત ફરિયાદ હકીકત જાહેર કરતાં, સદરહું

ફરિયાદ ખેડબ્રહમા પોલીસ સ્ટેશન  પાર્ટ એ ગુ.ર.નં. ૧૧૨૦૯૦૨૮૨૦૦૦૪૧/૨૦૨૦ થી આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કોડની કલમ–૩૯૭,૩૦૨ તથા આર્મસ એકટની કલમ–૨૫ (૧–બી–એ), ૨૭ તથા ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ મુજબનો ગુન્હો રજીસ્ટર કરવામાં આવેલ. ત્યારબાદ તપાસ કરનાર અમલદાર ધ્વારા ગુનાની તપાસના કામે કલમ ઉમેરવા રીપોર્ટ રજુ થતાં એફ.આઇ.આર.માં ઇ.પી.કો.કલમ–૩૯૬,૪૬૫,૪૬૭,૪૭૧,૨૦૧, ૨૧૨, ૩૪ મુજબ ઉમેરો કરવામાં આવેલ છે અને તપાસનીશ અધિકારી દ્ધારા તપાસના અંતે આ કામના આરોપીઓ વિરૂધ્ધ ખેડબ્રહમાના એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ શ્રીની કોર્ટમાં ક્રિ.પ્રો.કોડ કલમ–૧૭૩ મુજબ આખરી રીપોર્ટો કરેલા.

**<u>કેસ કમિટલ પ્રોસીડીંગ્સ:</u>**

(૩) ખેડબ્રહમાના વિ. એડી. ચીફ જયુડી. મેજી. શ્રીએ આ ગુન્હો સેશન્સ ટ્રાયેબલ હોઈ, આરોપીઓને તપાસના કાગળોની નકલો પુરી પાડી, તેઓના બચાવ માટે વકીલ રોકેલ છે કે કેમ તે અંગે ખાતરી કર્યા બાદ ક્રિ.પ્રો. કોડ કલમ–૨૦૯ મુજબ સદરહું કેસો કમીટ કરી અત્રેની સેશન્સ કોર્ટમાં મોકલી આપેલો.

**<u>કેસની સેશન્સ કોર્ટ સમક્ષની કાર્યવાહી:</u>**

(૪) આરોપીઓએ સ્વખર્ચે વકીલ રોકેલ હોઈ, આરોપીઓને તપાસના કાગળો ની  નકલો મળ્યાની ખાતરી કરી, તેઓને બચાવ કરવાની તક પુરી પાડયા બાદ સેસન્સ કેસ નં.૧૨/૨૦૨૦ ના કામે આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૯૬,૩૯૭,૩૦૨,૧૨૦(બી) તથા આર્મસ એકટની કલમ–૨૫(૧–બી–એ), ૨૭ તથા ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાનું આંક–૯ થી તહોમતનામું કરમાવેલ, જે આરોપીને વાંચી સંભળાવી સમજાવવામાં આવેલ અને આરોપીનું આંક–૧૦ થી નિવેદન નોંધતા આરોપીએ ગુન્હો કર્યાનો ઈન્કાર કરતાં ફરિયાદપક્ષને

પોતાનો કેસ પુરવાર કરવા સારુ જરુરી સાક્ષી પુરાવા રજુ કરવા આદેશ કરવામાં આવેલ.

(૪.૧) **સેસન્સ કેસ નં.૫/૨૦૨૧** ના કામે આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૯૬,૩૯૭,૩૦૨,૧૨૦(બી), ૩૪,૨૧૨,૨૦૧,૪૬૫,૪૬૭,૪૭૧ તથા આર્મસ એકટની કલમ–૨૫(૧–બી–એ), ૨૭ તથા ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાનું આંક–૪૨ થી તહોમતનામું કરમાવેલ, જે આરોપીને વાંચી સંભળાવી સમજાવવામાં આવેલ અને આરોપીઓનું અનુક્રમે આંક–૪૩ થી આંક–૪૬ સુધી નિવેદન નોંધતા આરોપીઓએ ગુન્હો કર્યાનો ઈન્કાર કરતાં ફરિયાદપક્ષને પોતાનો કેસ પુરવાર કરવા સારુ જરુરી સાક્ષી પુરાવા રજુ કરવા આદેશ કરવામાં આવેલ.

(૪.૨) **સેસન્સ કેસ નં.૯/૨૦૨૧** ના કામે આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૯૬,૩૯૭,૩૦૨,૧૨૦(બી), ૩૪, ૨૧૨,૨૦૧,૪૬૫,૪૬૭,૪૭૧ તથા આર્મસ એકટની કલમ–૨૫(૧–બી–એ), ૨૭ તથા ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાનું આંક–૭ થી તહોમતનામું કરમાવેલ, જે આરોપીને વાંચી સંભળાવી સમજાવવામાં આવેલ અને આરોપીનું આંક–૮ થી નિવેદન નોંધતા આરોપીએ ગુન્હો કર્યાનો ઈન્કાર કરતાં ફરિયાદપક્ષને પોતાનો કેસ પુરવાર કરવા સારુ જરુરી સાક્ષી પુરાવા રજુ કરવા આદેશ કરવામાં આવેલ.

(૪.૩) **સેસન્સ કેસ નં.૪૯/૨૦૨૩** ના કામે આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૯૬,૩૯૭,૩૦૨,૧૨૦(બી),૩૪, ૨૧૨,૨૦૧,૪૬૫,૪૬૭,૪૭૧ તથા આર્મસ એકટની કલમ–૨૫(૧–બી–એ), ૨૭ તથા ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાનું આંક–૨ થી તહોમતનામું કરમાવેલ, જે આરોપીને વાંચી સંભળાવી સમજાવવામાં આવેલ અને આરોપીનું આંક–૩ થી નિવેદન નોંધતા આરોપીએ ગુન્હો કર્યાનો ઈન્કાર કરતાં ફરિયાદપક્ષને પોતાનો કેસ પુરવાર કરવા

સારુ જરુરી સાક્ષી પુરાવા રજુ કરવા આદેશ કરવામાં આવેલ.

(૪.૪) ત્યારબાદ સદર કામે વિધ્વાન એ.પી.પી.શ્રી તર્ફે આંક–૨૯ થી મુખ્ય ચાર્જશીટ સેસન્સ કેસ નં.૧૨/૨૦૨૦ હોય તેમજ પુરવણી ચાર્જશીટ સેસન્સ કેસ નં. ૫/૨૦૨૧ તેમજ સેસન્સ કેસ નં. ૯/૨૦૨૧ તેમજ સેન્સસ ૪૯/૨૦૨૩ ની હોય જેથી તમામ કેસો એકી સાથે ચલાવવા સારૂ અરજી રજુ કરતાં સદર અરજી નીચે હુકમ કરી સેસન્સ કેસ નં.૧૨/૨૦૨૦ ને મુખ્ય કેસ તરીકે તેમજ પુરવણી ચાર્જશીટ સેસન્સ કેસ નં. ૫/૨૦૨૧, સેસન્સ કેસ નં. ૯/૨૦૨૧, સેન્સસ કેસ નં. ૪૯/૨૦૨૩ ના તમામ કેસો એકી સાથે ચલાવવાનો હુકમ તા.૦૬–૦૯–૨૦૨૪ ના રોજ કરવામાં આવેલ છે.

**<u>ફોર્મ–સી</u>**

**(૫)** આ કામે ફરિયાદપક્ષે રજુ તહોમતનામા મુજબના ગુનાની હકીકતો પુરવાર કરવા માટે નીચે પ્રમાણેનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

(એ) **<u>ફરિયાદ પક્ષ તરફે મૌખિક પુરાવા :–</u>**

| **અ.નં.** | **સાહેદ નંબર** | **આંક** | **સાહેદનું નામ** | **વિગત** |
|---|---|---|---|---|
| | | | **<u>મુખ્ય સાહેદો</u>** | |
| ૧ | ૧ | ૩૦ | વિનયભાઇ અશોકભાઇ નાયક | ફરીયાદી |
| ૨ | ૯ | ૮૨ | રાકેશસિંહ રમણસિંહ પરમાર | સાહેદ |
| ૩ | ૨૫ | ૧૧૬ | મહેન્દ્રસિંહ કરણસિંહ સોલંકી | સાહેદ |
| ૪ | ૨૬ | ૧૧૭ | જીતેન્દ્રભાઇ લક્ષ્મણભાઇ વણઝારા | સાહેદ |
| ૫ | ૨૮ | ૧૧૯ | દિનેશભાઇ નારણભાઇ ગમાર | સાહેદ |
| ૬ | ૨૯ | ૧૨૦ | સચિન જશવંતભાઇ બારીયા | સાહેદ |
| ૭ | ૩૦ | ૧૨૩ | રિષભ દિલીપકુમાર જૈન | સાહેદ |
| ૮ | ૩૧ | ૧૨૪ | વિશાલકુમાર વાલજીભાઇ ભાનુશાલી | સાહેદ |
| ૯ | ૩૨ | ૧૨૫ | વિશાલ પ્રવિણચંદ્ર સુતરીયા | સાહેદ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ૧૦ | ૩૪ | ૧૩૫ | ધમેન્દ્રકુમાર હસમુખલાલ જોષી | સાહેદ |
| ૧૧ | ૩૭ | ૧૫૧ | રંજનબેન કિરણકુમાર ઉર્ફે પ્રકાશભાઇ નાયક | સાહેદ |
| ૧૨ | ૩૮ | ૧૫૨ | જીજ્ઞેશકુમાર કિરણકુમાર ઉર્ફે પ્રકાશભાઇ નાયક | સાહેદ |
| ૧૩ | ૩૯ | ૧૫૩ | ગોપીભાઇ ધનાભાઇ ગમાર | સાહેદ |
| **<u>તબીબ સાહેદો</u>** | | | | |
| ૧૪ | ૪૫ | ૧૭૮ | ડૉ.નિશીથ કાંતિલાલ ચૌધરી | પી.એમ. કરનાર તબીબ |
| **<u>પંચ સાહેદો</u>** | | | | |
| ૧૫ | ૨ | ૩૫ | બ્રિજેશકુમાર દેવાભાઇ પટેલ | પંચ સાહેદ |
| ૧૬ | ૩ | ૪૨ | વિષ્ણુકુમાર પરાગભાઇ ચૌધરી | પંચ સાહેદ |
| ૧૭ | ૪ | ૬૧ | પ્રકાશકુમાર છોટાલાલ ઓડ | પંચ સાહેદ |
| ૧૮ | ૫ | ૬૬ | અરવિંદભાઇ રામજીભાઇ મોચી | પંચ સાહેદ |
| ૧૯ | ૬ | ૬૯ | ભેરૂભાઇ મોતીજી ભાટ | પંચ સાહેદ |
| ૨૦ | ૭ | ૭૧ | પવનકુમાર દિપકભાઇ બારોટ | પંચ સાહેદ |
| ૨૧ | ૮ | ૭૬ | કિશોરસિંહ રામસિંહ પવાર | પંચ સાહેદ |
| ૨૨ | ૧૦ | ૮૬ | ધનશ્યામસિંહ બચુભા જાડેજા | પંચ સાહેદ |
| ૨૩ | ૧૧ | ૮૮ | જાલમસંગ લખુભા જાડેજા | પંચ સાહેદ |
| ૨૪ | ૧૨ | ૮૯ | સલમાન ઇસ્માઇલભાઇ મનસુરી | પંચ સાહેદ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫ | ૧૩ | ૯૦ | ધનરાજસિંહ મદનસિંહ કુંપાવત | પંચ સાહેદ |
| ૨૬ | ૧૪ | ૯૨ | પુષ્કર ઉમેશભાઇ મહેતા | પંચ સાહેદ |
| ૨૭ | ૧૫ | ૯૩ | ગોપાલભાઇ ગોવિંદભાઇ સોલંકી | પંચ સાહેદ |
| ૨૮ | ૧૬ | ૯૫ | રાકેશસિંહ ભીખુસિંહ પરમાર | પંચ સાહેદ |
| ૨૯ | ૧૭ | ૯૭ | ઝુલ્ફીકારઅલી મહમદ ઉમર પુનાસીયા | પંચ સાહેદ |
| ૩૦ | ૧૮ | ૯૯ | જાવેદહુસેન મહમદ જમાલ પુનાસીયા | પંચ સાહેદ |
| ૩૧ | ૧૯ | ૧૦૦ | રોહિતભાઇ લાશુભાઇ ડાભી | પંચ સાહેદ |
| ૩૨ | ૨૦ | ૧૦૨ | જુજારસિંહ ઇંદ્રસિંહ મામેરા | પંચ સાહેદ |
| ૩૩ | ૨૧ | ૧૦૪ | જીગરકુમાર મીઠાજી વણઝારા | પંચ સાહેદ |
| ૩૪ | ૨૨ | ૧૦૫ | મહમંદનુર અહેમદજીભાઇ વકતાપુરીયા | પંચ સાહેદ |
| ૩૫ | ૨૩ | ૧૧૦ | તખતસિંહ સોકળસિંહ પરમાર | પંચ સાહેદ |
| ૩૬ | ૨૪ | ૧૧૨ | વિજયભાઇ સાયબાભાઇ ગમાર | પંચ સાહેદ |
| ૩૭ | ૨૭ | ૧૧૮ | ઉમેશકુમાર પ્રભાતભાઇ ચૌહાણ | પંચ સાહેદ |
| ૩૮ | ૩૩ | ૧૩૨ | અહેમદહુસેન ગ્યાસુદીન સૈયદ | પંચ સાહેદ |
| **<u>પોલીસ સાહેદો</u>** | | | | |
| ૩૯ | ૩૫ | ૧૪૪ | ક્રિષ્નાબેન માધાજી ડામોર | ગુનો દાખલ કરનાર |
| ૪૦ | ૩૬ | ૧૪૯ | લક્ષ્મણભાઇ હીરાભાઇ દેસાઇ | ત.ક.અમલદાર |
| ૪૧ | ૪૦ | ૧૫૬ | પ્રકાશભાઇ ભીમજીભાઇ પટેલ | ત.ક.અમલદાર |
| ૪૨ | ૪૧ | ૧૫૮ | પરેશકુમાર પ્રવિણકુમાર જાની | ત.ક.અમલદાર |

| | | | | |
|---|---|---|---|---|
| ૪૩ | ૪૨ | ૧૬૧ | વિશાલકુમાર મધુ રબારી | ત.ક.અમલદાર |
| ૪૪ | ૪૩ | ૧૬૫ | બીલાલ ઉસ્માનભાઈ મુરીમા | ત.ક.અમલદાર |
| ૪૫ | ૪૪ | ૧૭૭ | વિશાલકુમાર ભીખાભાઈ પટેલ | ત.ક.અમલદાર |
| ૪૬ | ૪૬ | ૧૮૪ | લલીતસિંહ પહાડસિંહ રાણા | ત.ક.અમલદાર |

## (એ) <u>ફરિયાદ પક્ષ તરફે દસ્તાવેજી પુરાવા :–</u>

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૩૧ | ફરીયાદ |
| ૨ | ૩૬ | મરણ જનારની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ |
| ૩ | ૪૩ | આરોપી મહેશ શર્માની ધરપકડ તથા મુદ્દામાલ રીકવરીનું પંચનામુ |
| ૪ | ૪૪ થી ૪૯ | પંચ સ્લીપો |
| ૫ | ૫૦ | ડીસ્કવરી પંચનામુ |
| ૬ | ૫૧ | સી.સી.ટી.વી.કુટેજની ડી.વી.ડી કબજે કર્યાનું પંચનામુ |
| ૭ | ૫૨ થી ૫૪ | પંચ સ્લીપો |
| ૮ | ૫૫ | સી.સી.ટી.વી. કુટેજની ડી.વી.ડી. તથા પેન ડ્રાઈવર કબજે કર્યાનું પંચનામુ |
| ૯ | ૬૨ | મરણ જનારની લાશ પાસેથી મળી આવેલ કાળો થેલો કબજે કર્યા અંગેનું પંચનામુ |
| ૧૦ | ૬૩ | પંચ સ્લીપ |
| ૧૧ | ૬૭ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ |
| ૧૨ | ૬૮ | પંચ સ્લીપ |
| ૧૩ | ૭૭ | આરોપી મોહમદ અનીસ હબીબભાઈ સોલંકીને અટક કર્યા અંગેનું તેમજ ઈકો ગાડી કબજે કબજે કર્યા અંગેનું પંચનામુ |
| ૧૪ | ૭૮ | આરોપી અજીતસિંહ તથા આરોપી પધ્યુમનસિંહની શરીર સ્થીતીનું તેમજ ગુનામાં વપરાયેલ મોબાઈલ તથા સફેદ કલરની હોન્ડા અમેજ ગાડી કબજે કર્યાનું પંચનામુ |
| ૧૫ | ૭૯ | ડીસ્કવરી પંચનામુ |
| ૧૬ | ૮૦ | વાહન ઈકો સ્પોર્ટ ગાડી કબજે કર્યાનું પંચનામુ |

| | | |
|---|---|---|
| ૧૭ | ૮૧ | ડીસ્કવરી પંચનામુ |
| ૧૮ | ૮૭ | આરોપી પધ્યુમનસિંહે મોબાઇલ સીમકાર્ડ નાંખી દીધેલા તે જગ્યાનું પંચનામુ |
| ૧૯ | ૯૧ | મરણ જનાની લાશ ઉપરથી કપડાં કબજે કર્યા અંગેનું પંચનામુ |
| ૨૦ | ૯૪ | આરોપી મહીપતસિંહ ઉર્ફે રામવારોએ બતાવેલ જગ્યા અંગેનું પંચનામુ |
| ૨૧ | ૯૮ | સ્વીફ્ટ ડીઝાયર ગાડી કબજે લીધા અંગેનું પંચનામુ |
| ૨૨ | ૧૦૧ | આરોપીની ઓળખ પરેડ અંગેનું પંચનામુ |
| ૨૩ | ૧૦૩ | આરોપીની ઓળખ પરેડ અંગેનું પંચનામુ |
| ૨૪ | ૧૦૬ | આરોપી મહાવીરસિંહ જોધ્ધા કંઇક બતાવતા માંગતો હોઇ જે અંગેનું પંચનામુ |
| ૨૫ | ૧૧૧ | આરોપી હનીફ ઉર્ફે સબીરભાઇ કંઇક બતાવતા માંગતો હોઇજે અંગેનું પંચનામુ |
| ૨૬ | ૧૨૬ | સી.સી.ટી.વી. કુટેજ મેળવવા બાબતેની બેન્ક ઓફ ઇન્ડીયા ખેડબ્રહમાનાઓને કરેલ ચાદી |
| ૨૭ | ૧૨૭ | ભારતીય પુરાવા અધિનિયમ ૬૫–ખ(૪)(સી) મુજબનું પ્રમાણપત્ર |
| ૨૮ | ૧૨૮ | ડી.વી.ડી. તથા પેનડ્રાઇવ |
| ૨૯ | ૧૩૬ | ડીવાઇસમાં થયેલ રેકોર્ડીંગ પેનડ્રાઇવમાં આપેલા તે બાબતનું લખાણ |
| ૩૦ | ૧૪૫ | સ્ટેશન ડાયરી |
| ૩૧ | ૧૫૪ | ગુનાવાળી જગ્યાનો નકશો |
| ૩૨ | ૧૫૯ | મામલતદારશ્રી ખેડબ્રહમાને કરેલ ચાદી |
| ૩૩ | ૧૬૦ | મરણોત્તર પોલીસ રીપોર્ટ |
| ૩૪ | ૧૬૬ | મુદ્દામાલ પીસ્ટલનુ પરીક્ષણ કરવા બાબતે બેલેસ્ટીક વિભાગને લખેલ પત્ર |
| ૩૫ | ૧૬૭ | એફ.એસ.એલ.અમદાવાદનો પરીક્ષણ અહેવાલ |
| ૩૬ | ૧૬૮ | એફ.એસ.એલ.નો બાયોલોજી વિભાગનો અહેવાલ |
| ૩૭ | ૧૬૯ | એફ.એસ.એલ.નો સીરોલોજી વિભાગનો અહેવાલ |
| ૩૮ | ૧૭૦ | મેઢાસણ ગ્રામ પંચાયતનો દાખલો |
| ૩૯ | ૧૭૧ | આરોપીઓ વિરૂધ્ધ્ કલમ ઉમેરોનો રીપોર્ટ |
| ૪૦ | ૧૭૨ | આરોપીઓ વિરૂધ્ધ્ કલમ ઉમેરોનો રીપોર્ટ |

| | | |
|---|---|---|
| ૪૧ | ૧૭૯ | પોલીસ યાદી |
| ૪૨ | ૧૮૦ | પી.એમ.નોટ |
| ૪૩ | ૧૮૧ | કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ આપવાની યાદી |
| ૪૪ | ૧૮૨ | મરણજનારનું કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ |
| ૪૫ | ૧૮૩ | પોલીસ યાદી |
| ૪૬ | ૧૮૯ | ડાયરેકટોરેટ ઓફ ફોરેન્સિક સાયન્સ, ગાંધીનગરનો સ્થળ પરીક્ષણ અહેવાલ |
| ૪૭ | ૧૯૦ | આરોપીની બ્લડ સેમ્પલ લેવા બાબતની પોલીસ યાદી |
| ૪૮ | ૧૯૧ | મરણ જનારની લાશ સોંપ્યા બાબતની પહોંચ |
| ૪૯ | ૧૯૨ | મુદ્દામાલ રવાનગી નોંધ |
| ૫૦ | ૧૯૩ | મુદ્દામાલ એફ.એસ.એલ. મળ્યાની અંગેની પહોંચ |
| ૫૧ | ૧૯૪ | મુદ્દામાલ એફ.એસ.એલ. નો પરીક્ષણ બાબતેનો પત્ર |
| ૫૨ | ૧૯૫ | મુદ્દામાલ એફ.એસ.એલ. નો બાયોલોજી વિભાગનો અહેવાલ |
| ૫૩ | ૧૯૬ | મુદ્દામાલ એફ.એસ.એલ. નો સીરોલોજી વિભાગનો અહેવાલ |
| ૫૪ | ૧૯૭ | મુદ્દામાલ રવાનગી નોંધ |
| ૫૫ | ૧૯૮ | મુદ્દામાલ ડી.એફ.એસ. ને મળ્યાની અંગેની પહોંચ |
| ૫૬ | ૧૯૯ | મુદ્દામાલ રવાનગી નોંધ |
| ૫૭ | ૨૦૦ | મુદ્દામાલ એફ.એસ.એલ.માં મળ્યા અંગેની પહોંચ |
| ૫૮ | ૨૦૧ | ભારતીય પુરાવા અધિનિયમ-૧૮૭૨ ના કાયદાની કલમ-૬૫-ખ(૪)(સી) મુજબ બ્રાન્ચ મેનેજર જનતા બેન્ક ખેડબ્રહમાનાઓનું સર્ટીફીકેટ |
| ૫૮ | ૨૦૨ | એફ.આઈ.આર.માં આરોપીના નામ સરનામાના ઉમેરો કરવા બાબતનો રીપોર્ટ |
| ૫૯ | ૨૦૩ | ગુનાવાળી જગ્યાન નકશો બનાવી આપવા બાબતે ચીફ ઓફીસરશ્રી નગરપાલીકા ખેડબ્રહમાનાઓને કરેલ યાદી |

➢ **<u>આરોપીઓનું વિશેષ નિવેદન :-</u>**

(૬) ઉપરોકત સાક્ષીઓનો પુરાવો રજુ થયા બાદ ફરિયાદ પક્ષ તરફે વિ, એ.પી.પી.શ્રી તરફથી આંક-૨૦૪ થી પુરાવા બંધની પુરસીસ રજુ થયેલ છે તેમજ તેઓ તરફે વધુ કોઈ સાક્ષી પુરાવો રજુ કરવા માંગતા

નથી તેમ જણાવતાં, આરોપીઓનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબનું વધારાનું નિવેદન લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ તેઓની વિરુધ્ધના ફરિયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરેલ છે અને સોગંદ ઉપર જુબાની આપેલ નથી તેમજ બચાવના સાહેદો તપાસેલ નથી અને વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે એન આવો કે આવા પ્રકારનો કોઈ ગુન્હો કરેલ નથી અને તેઓ આરોપી ઉપર ખોટો કેસ કરી ખોટું ચાર્જશીટ કરેલ હોવાનું જણાવેલ છે.

**<u>પક્ષકારોની મૌખિક દલીલોઃ</u>**

(૭) **ફરિયાદપક્ષની દલીલ :**

ફરિયાદપક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી એન.એન. બારોટ ની મુખ્ય દલીલ છે કે, આ કામના આરોપીઓએ તેમના કબ્જા ભોગવટાની ઈકકો ગાડી ન. જી.જે. ૩૮ બી ૬૧૯૫ માં આ કામના ભોગબનનાર મરણ જનાર આંગડીયા પેઢીના કર્મચારીને પેસેન્જર તરીકે બેસાડી રસ્તામાં શીશી સુંઘાડી ગમે તે રીતે લુટી લેવા સારુ આરોપીઓએ સાથે મળી ગુનાહિત કાવતરુ રચી સદરહુ ધાડ વીથ મર્ડરને અંજામ આપવા સારુ આરોપી પ્રધ્યુમનસિંહના કબ્જા ભોગવટાની જી.જે. ૧૦ ડીએ ૦૦૫૨ નંબરની હોન્ડા અમેઝ ગાડીમાં મરનાર આંગડીયા કર્મચારીની આરોપીઓએ રેકી કરેલ ત્યારબાદ, આરોપીઓની સ્વીફટ ડીજાયર ગાડી નંબર જી.જે. ૩૧ એ ૫૫૨૬ ની માં પણ તે પ્રમાણે મરનાર આંગડીયા કર્મીની રેકી કરેલ તથા ગુન્હાવાળી જગ્યાએ પોલીસની તથા સી.સી.ટી.વી. કેમેરાની નજરમાં ન આવાય તે માટે આંતરીક ચોક રસ્તાની રેકી કરેલ. વધુમાં દલીલ કરેલ છે કે, તા.૨૧/૦૧/૨૦૨૦ ના રોજ આ કામના આરોપી મહમદ અનીસ હબીબભાઈ ની મારુતિ ઈકો ગાડી નં. જી.જે. ૩૮ બી ૬૧૯૫ માં વિરમગામથી નિકળી હિંમતનગર સહકારી જીન ચાર રસ્તા ખાતે આવેલ તથા આરોપી રોહીતસિંહ ઉર્ફે રણવીરસિંહ ઉર્ફે ભાણુભા કિરીટસિંહ ઝાલા નાનો પોતાની રીતે સહકારી જીન ખાતે આવી ગયેલ અને અગાઉ થયેલ વાતચીત / કાવતરા મુજબ આરોપી મહંમદ હનીસ નાઓ પણ

સહકારી જીન ખાતે આવી ગયેલ તથા આરોપી મહિપતસિંહ ઉર્ફે રામવાળો ઉર્ફે સીતારામ ચંપુભા ઝાલા નાનો આરોપી મહાવિરસિંહ રણવીરસિંહ ની સ્વીફ્ટ ડીજાયર ગાડી નં. જી.જે. ૩૧ એ ૫૫૨૬ ની આંગડીયા લુંટ માટે વાપરવા દેવા બદલ આરોપી મહાવિરસિંહ રણવીરસિંહ ને રૂા. ૨૦,૦૦૦/– ભાગમાં આપવાનુ નકકી કરી આરોપી મહાવિરસિંહ રણવીરસિંહ ની સ્વીફ્ટ ડીજાયર ગાડી નં. જી.જે. ૩૮ બી ૫૫૨૬ નાનો મેઢાસણ થી લઈને સહકારી જીન ચાર રસ્તા આવી ગયેલાં અને તે મુજબ વ્યવિસ્થત કાવતરૂ રચેલ. વધુમાં દલીલ કરેલ છે કે, ત્યારબાદ, ગુન્હાવાળી જગ્યાએ પોલીસની તથા સી.સી.ટી.વી. કેમેરાની નજરમાં ન અવાય તે માટે આરોપીઓએ અગાઉ જોઈ રાખેલ આંતરીક ચાર રસ્તે આરોપી મહિપતસિંહ લાવેલ સ્વીફ્ટ ડીજાયર ગાડી નંબર જી.જે. ૩૧ એ ૫૫૨૬ નીમાં આરોપી મહિપતસિંહ, આરોપી પ્રધ્યુમનસિંહ, આરોપી રોહીતસિંહ પકડાયેલ આરોપી હનીફભાઈ ખેડબ્રહમા ખાતે જવા નિકળી આંગડીયા કર્મીને પેસેન્જર તરીકે શીશી સુધાડી બેભાન કરી ગાડીમાં ઉપાડી લઈ જઈ લુંટી લેવા બીજી ગાડીની જરૂરીયાત હોઈ તે માટે આરોપી મહંમદ અનીસ હબીબભાઈ ની મારુતિ ઈકો ગાડી નંબર : જી.જે. ૩૮ બી ૬૧૯૫ માં આરોપી મહંમદ અનીસ હબીબભાઈ તથા અન્ય સહ આરોપીઓ આ ગુનાને અંજામ આપવા ફાયરીંગ કરી મરનારનુ મોત નિપજાવેલ. વધુમાં દલીલ કરેલ છે કે, આ તમામ આરોપીઓએ ગુન્હામાં એકબીજાની મદદગારી કરી સુવ્યવસ્થીત કાવતરૂ રચી, પ્રાણધાતક હથિયારો ધારણ કરી, ફાયરીંગ કરેલ છે તેમજ હથીયાર વડે ઈજા પહોંચાડેલ છે અને મોટી રકમની લૂંટ કરેલ છે તે મુજબનો ગુનો આ તમામ આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ– ૩૯૬,૩૯૭,૩૦૨,૧૨૦(બી), ૩૪, ૨૧૨,૨૦૧,૪૬૫,૪૬૭, ૪૭૧ તથા આર્મસ એકટની કલમ–૨૫(૧–બી–એ),૨૭ મુજબનો શિક્ષા પાત્ર ગુનો નોંધાયેલ છે.

(૭.૧) વધુમા એ.પી.પી.શ્રીએ દલીલ કરતા જણાવેલ છે કે, ફરીયાદપક્ષે

આંક–૩૦ થી ફરીયાદીને તપાસેલાં છે અને આંક–૩૧ થી ફરીયાદ રજુ થયેલ છે. તેમજ આ કામે આરોપીઓની હાજરી સુસ્થાપિત કરવા અને જે જગ્યાએ બનાવ બનેલ છે તેની આજુબાજુના સી.સી.ટી.વી. કેમેરાના ફુટેજ મેળવેલ છે અને તે અંગેના સાહેદોને તપાસવામાં આવેલ છે અને તે અંગેના જરૂરી પ્રમાણપત્રો રજુ કરેલ છે. તેમજ આ કામમાં આરોપીઓ ધ્વારા ફાયરીંગ મરણ જનારને ઈજાઓ પહોંચાડી તે ઈજાઓ અને જે કારણે મરણ જનારનું મૃત્યુ થયેલ તે અન્વયે પી.એમ.કરનાર ડૉકટરશ્રીને તપાસવામાં આવેલ છે. ડૉકટરશ્રીએ તેમની જુબાનીમાં મરણજનારને પેલેટગનથી ઈજા થયેલાનું અને મરણજનારના શરીર ઉપર થયેલી ઈજાઓ ફાયરીંગની ઈજાઓ થયેલ હોવાનું જણાવેલ છે. તેમજ કુદરતના સામાન્ય ક્રમમાં મુત્યુ નિપજાવવા પુરતી હતી તેવુ તારણ આપેલ છે અને તપાસ કરનાર અમલદારોએ સુવ્યસ્થીત અને તમામ હકીકતોને લક્ષમાં લઈ તપાસ કરી ચાર્જશીટ કરેલ છે અને ફરીયાદપક્ષે જે સાહેદો તપાસેલાં છે તે ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતાં હોઈ ફરીયાદ આરોપીઓ સામે ચાર્જશીટ અને તેના અનુંસંધાને નામદાર કોર્ટે ફરમાવેલ તહોમતનામા મુજબના તહોમતો નિ:શંકપણે પુરવાર કરેલ છે. જેથી આરોપીઓની તેઓની વીરૂધ્ધ્ ફરમાવવામાં આવેલ તહોમત મુજબ અને તે કલમોની જોગવાઈ મુજબ મહત્તમ સજા અને દંડ કરવા રજુઆત દલીલો કરેલ છે.

**(બ) બચાવપક્ષની દલીલ :**

(૮) આરોપીઓ પક્ષે વિ.વ.શ્રીઓએ દલીલ કરતાં જણાવેલ છે કે, આ કામે તપાસવામાં આવેલ ફરીયાદી તથા અન્ય સાહેદોએ ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપેલ નથી. તેમજ નજરે જોનાર સાહેદોએ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપેલ નથી.

(૮.૧) વધુમાં દલીલ કરતાં જણાવેલ છે કે, આ કામે સી.સી.ટી.વી. ફુટેજની જે ડી.વી.ડી.ઓ તથા પેનડ્રાઈવ રજુ થયેલ છે જેને નામદાર કોર્ટ ધ્વારા રન કરવામાં આવેલ છે. જે જોતાં પણ આ કામના

આરોપીઓ વિરૂધ્ધની કોઇ જ હકીકતો રેકર્ડ ઉપર આવતી નથી. જેથી રજુ થયેલ સી.સી.ટી.વી. ફુટેજ પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતાં નથી. વધુમાં જે બેંક સાહેદ ધ્વારા સી.સી.ટી.વી.ની ફુટેજની ડી.વી.ડી. બનાવી પોલીસે તપાસ અર્થે આપેલ છે તે સાહેદ તેમની ઉલટતપાળમાં તેઓ કોમ્પ્યુટર એન્જીનીયર હોવાની હકીકત જણાવે છે. પરંતુ, તેઓ કોમ્પ્યુટર એન્જીનીયરની ડીગ્રી ધરાવતાં હોય તે દર્શાવતો કોઇ આધારભુત પુરાવા રજુ રાખેલ નથી.

(૮.૨) વધુમા બચાવ પક્ષ તરફે દલીલ કરતાં જણાવેલ છે કે આ કામે ગુનાવાળી જગ્યાના પંચનામા તથા મરણજનારના કપડા કબજે કર્યાના પંચો એ પંચનામાને સમર્થન કરેલ નથી અને પંચનામા પુરવાર થતા નથી. તેવી જ રીતે ઇન્કવેસ્ટ પંચનામાના પંચો ધ્વારા પણ પંચનામાને સમર્થન કરેલ નથી. તેવી જ રીતે મુદામાલ કબજે કર્યાના પંચનામાના પંચો ધ્વારા પંચનામાને સમર્થન કરેલ નથી. તેમજ આરોપીઓની ઓળખ પરેડ અંગેન પંચનામાના પંચોએ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી. તેવી જ રીતે સી.સી.ટી.વી. ફુટેજની ડી.વી.ડી. તથા પેનડ્રાઇવ કબજે કર્યા અંગેના પંચનામાના પંચોએ પણ પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી. તેમજ આ કામે ગુનામાં વપરાયેલ વાહનો કબજે કર્યા અંગેના પંચનામાના પંચોએ પણ પંચનામાની હકીકતને કબજે કરેલ નથી. તેવીજ રીતે આરોપીઓની શરીર સ્થીતી તેમજ આરોપીઓ પાસેથી મુદ્દામાલ કબજે કર્યાના પંચોએ પણ પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી. વધુમાં તપાસ કરનાર અધિકારીઓની ઉલટતપાસ ધ્યાને લેતાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદીએ પોતાની ફરીયાદમાં આરોપીનું નામ, વર્ણન, ઉંમર કે સંખ્યા જણાવેલ નથી. વધુમાં કબુલ કરેલ છે કે, તેઓએ જે સાહેદોના નિવેદન નોંધેલા તે નિવેદનોમાં સાહેદોએ કોઇપણ આરોપીઓના નામ કે ગાડી નંબર જણાવેલ નથી.

(૮.૩) આરોપીઓ તર્ફે વિ.વ.શ્રીએ દલીલ કરતાં જણાવેલ છે કે, આ કામે કોઇ રીવોલ્વર/પીસ્તોલ આ કામના આરોપી પાસે કબજે થયેલ

નથી. આમ, ફરીયાદ પક્ષનો પુરાવો શંકાસ્પદ જણાઈ આવતો હોઈ, આરોપીઓ વિરુધ્ધના ગુનાની હકીકતો નિ:શકપણે પુરવાર થતી ન હોય, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

**<u>કેસના ન્યાયિક નિર્ણય અર્થેના મુદ્દા અને તેનો જવાબ :</u>**

(૯) ઉપરોકત વિગતે અત્રેની કોર્ટ સમક્ષ રજુ થયેલ સાક્ષી પુરાવાની વિગતોના આધારે સદરહું કેસના ન્યાયિક નિર્ણયાર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>:: મુદ્દા ::</u>**

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે એ બાબત પુરવાર કરે છે કે, મરણજનાર કિરણભાઈ ઉર્ફે પ્રકાશભાઈ ગોવિંદભાઈ અંબાલાલ નાયક નું મૃત્યુ સાપરાધ મનુષ્યવધ છે ?

(૨) શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે એ બાબત પુરવાર કરે છે કે, આરોપીઓએ તેમના કબ્જા ભોગવટાની ઈકકો ગાડી ન. જી.જે. ૩૮ બી ૬૧૯૫ માં આ કામના ભોગબનનાર મરણ જનાર આંગડીયા પેઢીના કર્મચારીને પેસેન્જર તરીકે બેસાડી રસ્તામાં શીશી સુંઘાડી ગમે તે રીતે લુટી લેવા સારુ આરોપીઓએ સાથે મળી ગુનાહિત કાવતરુ રચી સદરહુ ધાડ વીથ મર્ડરને અંજામ આપવા સારુ આરોપી પ્રધ્યુમનસિંહના કબ્જા ભોગવટાની જી.જે. ૧૦ ડીએ ૦૦૫૨ નંબરની હોન્ડા અમેઝ ગાડીમાં મરનાર આંગડીયા કર્મચારીની આરોપીઓએ રેકી કરેલ ત્યારબાદ, આરોપીઓની સ્વીફ્ટ ડીજાયર ગાડી નંબર જી.જે. ૩૧ એ ૫૫૨૬ ની માં પણ તે પ્રમાણે મરનાર આંગડીયા કર્મીની રેકી કરેલ તથા ગુન્હાવાળી જગ્યાએ પોલીસની તથા સી.સી.ટી.વી. કેમેરાની નજરમાં ન આવાય તે માટે આંતરીક ચોક રસ્તાની રેકી કરેલ. વધુમાં શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે એ બાબત પુરવાર કરે છે કે, તા.૨૧/૦૧/૨૦૨૦ ના રોજ આ કામના આરોપી મહમદ અનીસ હબીબભાઈ ની મારુતિ ઈકો ગાડી નં. જી.જે. ૩૮ બી

૬૧૯૫ માં વિરમગામથી નિકળી હિંમતનગર સહકારી જીન ચાર રસ્તા ખાતે આવેલ તથા આરોપી રોહીતસિંહ ઉર્ફે રણવીરસિંહ ઉર્ફે ભાણુભા કિરીટસિંહ ઝાલા નાનો પોતાની રીતે સહકારી જીન ખાતે આવી ગયેલ અને અગાઉ થયેલ વાતચીત / કાવતરા મુજબ આરોપી મહંમદ હનીસ નાઓ પણ સહકારી જીન ખાતે આવી ગયેલ તથા આરોપી મહિપતસિંહ ઉર્ફે રામવાળો ઉર્ફે સીતારામ ચંપુભા ઝાલા નાનો આરોપી મહાવિરસિંહ રણવીરસિંહ ની સ્વીફ્ટ ડીજાયર ગાડી નં. જી.જે. ૩૧ એ ૫૫૨૬ ની આંગડીયા લુંટ માટે વાપરવા દેવા બદલ આરોપી મહાવિરસિંહ રણવીરસિંહ ને રૂા. ૨૦,૦૦૦/- ભાગમાં આપવાનુ નકકી કરી આરોપી મહાવિરસિંહ રણવીરસિંહ ની સ્વીફ્ટ ડીજાયર ગાડી નં. જી.જે. ૩૮ બી ૫૫૨૬ નાનો મેઢાસણ થી લઈને સહકારી જીન ચાર રસ્તા આવી ગયેલાં અને તે મુજબ વ્યવિસ્થત કાવતરૂ રચેલ. વધુમાં શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે એ બાબત પુરવાર કરે છે કે,ગુન્હાવાળી જગ્યાએ પોલીસની તથા સી.સી.ટી.વી. કેમેરાની નજરમાં ન અવાય તે માટે આરોપીઓએ અગાઉ જોઈ રાખેલ આંતરીક ચાર રસ્તે આરોપી મહિપતસિંહ લાવેલ સ્વીફ્ટ ડીજાયર ગાડી નંબર જી.જે. ૩૧ એ ૫૫૨૬ નીમાં આરોપી મહિપતસિંહ, આરોપી પ્રધ્યુમનસિંહ, આરોપી રોહીતસિંહ પકડાયેલ આરોપી હનીફભાઈ ખેડબ્રહમા ખાતે જવા નિકળી આંગડીયા કર્મીને પેસેન્જર તરીકે બેસાડી શીશી સુધાડી બેભાન કરી ગાડીમાં ઉપાડી લઈ જઈ લુંટી લેવા બીજી ગાડીની જરૂરીયાત હોઈ તે માટે આરોપી મહંમદ અનીસ હબીબભાઈ ની મારુતિ ઈકો ગાડી નંબર : જી.જે. ૩૮ બી ૬૧૯૫ માં આરોપી મહંમદ અનીસ હબીબભાઈ તથા અન્ય સહ આરોપીઓ આ ગુનાને અંજામ આપવા તા. ૨૧/૧/૨૦ ના રોજ ૧૪:૪૫ વાગે ખેડબ્રહમા સરદાર ચોક રોડ ઉપર જનતા બેંક નજીક મરણ જનાર થેલો લઈ જતા હતા તે વખતે તમો તમામ

આરોપીનાઓ જીજે ૧૮ બીએફ ૩૯૩૮ વાળી બોગસ નંબર પ્લેટવાળી ગાડી લઈને આવેલા અને મરણ જનાર પેશાબ કરવા ઉભા રહેલા તે વખતે મહીપતસિંહ ઉર્ફે રામવાડો અને અન્ય આરોપીએ મરણ જનાર પાસેના થેલાની ખેચતાણ કરતા મરણજનારે થેલો નહી છોડતા આરોપી દ્વારા પોતાની પાસેના છરા વડે મરણ જનારને છાતી તથા હાથ ઉપર ઈજા કરી તેમજ પીસ્તોલ વડે બે રાઉન્ડ ફાયરીંગ કરી મરણ જનારના પેટ તથા પીઠના ભાગે બે ગોળી મારી મરનારનુ મોત નીપજાવી થેલામાં બીજી થેલીમાં મુકેલ રૂ. ૧,૮૪,૬૭૦/-ની રોકડ રકમની લુટ કરી છરો તથા મરનારનો ખાલી થેલો મુકી વાહનો લઈ નાશી જઈ  તેમજ ગુનામાં વાપરેલ વાહનોનો નંબર પ્લેટો બદલી ખોટી નંબર પ્લેટોનો ખરા તરીકે ઉપયોગ કરી તેમજ વાહનની ઓળખ ન થાય તે માટે વાહન ઉપરથી કાળી ફીલ્મ દુર કરાવી તેમજ આરોપીઓએ ગુનામાં વપરાયેલ મોબાઈલ ફોનનો નાશ કરી, તેમજ  પુરાવાનો નાશ કરી પુરાવાનો નાશ કરી તે મુજબ આ તમામ આરોપીઓએ ગુન્હામાં એકબીજાનો સમાન ઈરાદો પાર પાડવા એકબીજાની મદદગારી કરી, સુવ્યવસ્થીત કાવતરૂ રચી, પ્રાણઘાતક હથિયારો ધારણ કરી, અગ્નીશસ્ત્ર ધારણ કરી, ફાયરીંગ કરી તેમજ હથીયાર વડે ઈજા પહોંચાડી, મોટી રકમની લૂંટ કરી, આરોપીએ પોતાની ઓળખ છુપાવાના ઈરાદાસર નામ બદલી તેમ કરી આ તમામ આરોપીઓ ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ-૩૯૬, ૩૯૭, ૩૦૨, ૧૨૦(બી), ૩૪, ૨૧૨, ૨૦૧, ૪૬૫, ૪૬૭, ૪૭૧ તથા આર્મસ એકટની કલમ-૨૫(૧-બી-એ),૨૭ મુજબનો શિક્ષા પાત્ર ગુનાઓ કર્યા છે ?

(૩) શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે એ બાબત પુરવાર કરે છે કે, બનાવ સમયે, સ્થળે અને તારીખે આ કામના આરોપીએ જીલ્લા મેજી.શ્રી ના હથિયાર બંધીના ચાલતા જાહેરનામાનો ભંગ કરી જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કર્યો

છે ?

(૪) શું હુકમ ?

(૧૦) આ કામે રજુ થયેલા પુરાવા તથા પક્ષકારોના વિધવાન વકીલશ્રીઓની રજુઆતો ધ્યાને લેતાં, ઉપરોકત મુદ્દાઓ અંગે નીચે મુજબ નિર્ણય આપવામા આવેલા છે.

**:: નિ ર્ણ યો ::**

(૧) હકારમાં

(૨) નકારમાં

(૩) નકારમાં

(૪) આખરી હુકમ મુજબ.

➢ **<u>પુરાવાનુ મુલ્યાંકનઃ</u>**

(૧૧) ફરીયાદપક્ષના પુરાવાનુ મુલ્યાકન કરતા પહેલાં અત્રે ઉલ્લેખનીય છે કે,ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાત અનુસાર આરોપી વિરૂધ્ધનો ગુનો જયાં સુધી નિ:શંકપણે પુરવાર ન થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવું કાયદાનુ અનુમાન છે. સાથે સાથે એક એવુ પણ અનુમાન છે કે, જે સાહેદ વીટનેશ બોક્ષમાં આવી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપરનો પુરાવો આપે છે તે સત્ય હકીકત જણાવે છે. પુરાવાનું મુલ્યાંકન કરવા અંગેની કાયદામાં કોઇ ચોકકસ માર્ગદર્શીકા નથી, પરંતુ દરેક કેસના અને હકીકતના સંદર્ભે રજુ થયેલા પુરાવાનું મુલ્યાંકન કરવા અંગેની કાયદામાં કોઇ ચોકકસ માર્ગદર્શીકા નથી, પરંતુ દરેક કેસના અને હકીકતના સંદર્ભે રજુ થયેલા પુરાવાનું મુલ્યાંકન કરવાનુ રહે છે.

**નામદાર સુપ્રિમકોર્ટે લાલબહાદુર વિ.સ્ટેટ (એન.સી.ટી.) દિલ્હી,૨૦૧૩(૪) એસ.સી.સી. પાન નં. ૫૫૭ તેમજ ભરવાડ ભોગીનભાઇ હિરજીભાઇ વિ.સ્ટેટ ઓફ ગુજરાત, ૧૯૮૩(૩) એસ.સી. સી. પાન નં. ૨૧૭ વાળા** ચુકાદાથી પુરાવાના મુલ્યાંકન સંબંધેના પ્રતિપાદિત કરેલ માર્ગદર્શક સિધ્ધાંતો ધ્યાને લીધેલ છે, જે મુજબ પુરાવાનુ મુલ્યાંકન કરતી વખતે અદાલતે સાહેદોના ભણતર, સામાજીક મોભો, સામાજીક પરિસ્થીતી, બૌધિક સ્તર

વિગેરે બાબત ધ્યાને લઈ તેના પુરાવાનુ મુલ્યાંકન કરવાનુ હોય છે. કારણ કે, દરેક સાહેદની યાદદાસ્ત અને બનાવ સંદર્ભે નિરીક્ષણ કરવાની ક્ષમતા અલગ અલગ હોય છે. તેથી સાહેદ ટેપ રેકોર્ડરની જેમ તમામ વખતે એક જ પ્રકારના ઉચ્ચારણો કરે તેવી અપેક્ષા રાખી શકાય નહી. મોટાભાગે શબ્દ:સહ પુન: ઉચ્ચારણો કરે તેવી અપેક્ષા રાખી શકાય નહી. મોટાભાગે, શબ્દ:સહ પુન: ઉચ્ચારણ કોઈ સાહેદ કે વ્યકિત ધ્વારા સમયાંતરે કરવું મુશ્કેલ હોય છે. જેથી કયારેય સામાન્ય વિરોધાભાસ પુરાવામાં મળતો હોય છે. પરંતુ આ વિરોધાભાસ કેસના ગુણદોષને અસર કરતા ન હોય તો તે ફરીયાદપક્ષના કેસને ઘાતક બનતા નથી અને આવા સામાન્ય વિરોધાભાસ કેસને અસર કરતા ન હોય તો તે ફરીયાદપક્ષના કેસને ઘાતક બનતા નથી અને આવા સામાન્ય વિરોધાભાસ અદાલતે અવગણવાના રહે છે, પરંતુ મહત્વના વિરોધાભાસ કે જે કેસના ગુણદોષને અસર કરતા હોય, ત્યારે અદાલતે તે ધ્યાને લેવાના હોય છે તેમજ ક્રિમીનલ ટ્રાયલમાં અદાલતે માત્ર આરોપીનુ જ હિત જોવાનું નથી. પરંતુ ગુનામાં ભોગબનનાર અને સમાજનુ હિત તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે બાબત પણ ધ્યાને લેવાની હોય છે.પરંતુ, ગુનામાં ભોગ બનનાર અને સમાજનું હિત તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે બાબત પણ ધ્યાને લેવાની હોય છે. માત્ર નિર્દોષ માણસને ગુનેગાર ઠરાવી શકાય નહિ. તેવા સંજોગો ધ્યાને રાખવા ઉપરાંત અદાલતે ફોજદારી ટ્રાયલ વખતે એ બાબત પણ ધ્યાને લેવી જોઈએ કે, દોષીત માણસ ગુનામાંથી છટકી ના જાય. આમ,નિર્દોષ માણસને ગુનેગાર ઠરાવી શકાય નહિ. તેવા સંજોગો ધ્યાને રાખવા ઉપરાંત અદાલતે ફોજદારી ટ્રાયલ વખતે એ બાબત પણ ધ્યાને લેવી જોઈએ કે, દોષીત માણસ ગુનામાંથી છટકી ના જાય. આમ, નિર્દોષ વ્યકિત દોષીત ના ઠરે, સાથે સાથે દોષીત વ્યકિતને પણ લાભ ન મળે તે જોવાની અદાલતની ફરજ છે. ઉપરોકત સિધ્ધાંત નામદાર સુપ્રીમકોર્ટ **અંબિકા પ્રસાદ વિ.સ્ટેટ(દિલ્હી) રીપોર્ટેડ ઇન**

**૨૦૦૦(એસ.સી.સી) પાન નં.૬૪૬ થી** પ્રતિપાદીત કરેલ છે.

ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે વિશ્વસનીય અને નિ:શંક પુરાવા રજુ કરવાના હોય છે. અદાલતને સાક્ષીઓની સંખ્યા સાથે નિસ્બત નથી. પરંતુ, ગુણવત્તાયુકત પુરાવા ધ્યાને લેવાના રહે છે. જયારે રજુ થયેલ પુરાવા યોગ્ય અને વિશ્વસનીય જણાતા હોય અને તે આરોપીના દોષ તરફ નિર્દેશ કરતા હોય ત્યારે પ્રોસીકયુશનના પુરાવા સ્વીકારી, આરોપીને દોષીત ઠરાવી શકાય છે. જયારે નિ:શંક પુરાવો ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ ન હોય, ત્યારે તેમજ રજુ થયેલ પુરાવામાંથી બે પ્રકારની સંભાવના ઉદભવતી હોય, તે સંજોગોમાં આરોપી શંકાનો લાભ મેળવવા હકદાર બને છે. આ તમામ બાબતો ધ્યાને લઇ અદાલતે પુરાવાનું મુલ્યાંકન કરવાનું રહે છે અને તે મુજબ આ કામે રજુ થયેલ પુરાવાનું  મુલ્યાંકન પાયાના સુસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લઇને કરવામાં આવેલું છે.

➢ **<u>ફરીયાદપક્ષે પુરાવાર કરવાના ગુનાના આવશ્યક તત્વો:</u>**

**(૧૨)** હવે ઉપરોકત હકીકત સંબધે પડેલ પુરાવાની ચર્ચા કરતાં પહેલા આ તબકકે ઇ.પી.કો.ની કલમ–૩૦૦ ની જોગવાઇમાં જે સાપરાધ મનુષ્યવધ જે ખુન ગણાય અને જે ખુન ન ગણાય તે અંગે પ્રાથમીક કાયદાકીય ચર્ચા કરવાની થાય છે. આરોપીઓ સામે ખુનનો આક્ષેપ પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે નિ:શકપણે નીચે મુજબની હકીકત પુરવાર કરવાની થાય છે.

૧. સાપરાધ મનુષ્યવધ થવા પામ્યો હોય,

૨.આરોપીએ કોઇ કૃત્ય અથવા કાર્યલોપ આચર્યુ હોય,

૩. જે કારણે ભોગબનનારનુ મૃત્યુ નિપજયુ હોય,

૪. આરોપીએ કરેલ કૃત્યુ–મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી કર્યુ હોય,

અથવા

– આરોપીને જ્ઞાન હોય કે જે વ્યકિતને શારીરીક હાનિ પહોચી છે તેનુ મૃત્યુ નિપજવા સંભવ છે તથા તેવી શારીરીક હાનિ પહોચાડવાના

ઈરાદાથી કર્યુ હોય, અથવા

– શારીરીક હાનિ પહોચાડવાના ઈરાદાથી કર્યુ હોય તથા જે ઈજા પહોચાડવા ધારી હોય તે ઈજા કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજાવવા માટે પુરતી હોય, અથવા

કૃત્ય કરનાર વ્યકિતને જ્ઞાન હોય કે તે કૃત્ય તત્કાલીક એવું ભયજનક છે કે તમામ શકયતાઓ વચ્ચે મૃત્યુ જ નિપજે અથવા તેવી શારીરીક ઈજાના કારણે મૃત્યુ નિપજવાની સંભાવના હોય તથા મૃત્યુ નિપજાવવા કે ઉપર મુજબની ઈજા પહોચાડવા માટેનુ જોખમ લેવા માટેના કોઈ જ કારણ વગર કૃત્ય કરવામા આવ્યું હોય.

૫. કરવામાં આવેલું કૃત્ય કલમ–૩૦૦ માં આપવામા આવેલ પાંચ પૈકી કોઈ અપવાદમાં અથવા પ્રકરણ–૪ ના સામાન્ય અપવાદમા પડતુ ન હોય.

ઈન્સાફી કાર્યવાહી ચલાવતી અદાલત સમક્ષ ખુનનો મુકદમો ચાલે ત્યારે આરોપીનું કૃત્ય ખુન છે કે કેમ ? તે નકકી કરવાનો પ્રશ્ન હંમેશા આવે છે. તેમાં કયારેક તેવો સાપરાધ મનુષ્ય વધ ખુન ગણાય કે કેમ ? તે પ્રશ્ન અત્યંત પેચીદો અને જટીલ બની જાય છે. આ બાબત નકકી કરવામાં સાહેદો, તબીબી પુરાવો, નિષ્ણાંતોનો અભિપ્રાય વિગેરે વિવિધ પાસા ભાગ ભજવે છે તથા મહત્વની બાબત ગુનો કરનારની માનસીક પ્રક્રિયા હોય છે. મનુષ્યવધના કિસ્સામાં નીચે મુજબના ક્રમે ચર્ચા તર્ક સંગત ગણાશે–

૧. અદાલતે પ્રથમ એ નકકી કરવાનુ છે કે મૃત્યુ કુદરતી છે, આત્મહત્યા છે, અકસ્માત છે કે મનુષ્યવધનો કિસ્સો છે.

૨. એ કિસ્સો મનુષ્યવધનો જણાય તો કલમ–૨૯૯ નાં તત્વો પ્રમાણે તે મનુષ્યવધ છે કે કેમ ?

૩. ત્યારપછીના તબકકે એ બાબત પર લક્ષ કેન્દ્રીત કરવાનું રહે છે કે કલમ–૩૦૦ માં દર્શાવેલ કોઈ પ્રકારમા આરોપીનુ કૃત્ય આવે છે કે કેમ ?

૪. જો આરોપીનુ કૃત્ય કલમ–૩૦૦ મા દર્શાવેલ ચાર પૈકી કોઈ પ્રકારમાં પડતુ હોય તો તે કલમ–૩૦૦ મા દર્શાવેલા પાંચ પૈકી કોઈ

અપવાદમા અથવા પ્રકરણ–૪ ના સામાન્ય અપવાદો પૈકી કોઇ અપવાદમા આરોપીનુ કૃત્ય આવે છે કે કેમ ?

૫. આરોપીનુ કૃત્ય કલમ–૩૦૦ માં દર્શાવેલ ચાર પૈકી કોઇ એક પ્રકારમાં પડતુ હોય તથા કલમ–૩૦૦ મા દર્શાવેલા પૈકી અપવાદમા અથવા પ્રકરણ–૪ ના કોઇ સામાન્ય અપવાદમા પડતુ ન હોય તો તે સાપરાધ મનુષ્યવધ નિશ્ચતપણે ખુન ગણાય તથા કલમ–૩૦૨ના પ્રબંધ મુજબ સજા થાય.

૬. કલમ–૩૦૦ માં દર્શાવેલા ચાર પૈકી કોઇપણ પ્રકારમાં આરોપીનુ કૃત્ય પડતુ હોય તથા તેવુ કૃત્ય કલમ–૩૦૦ મા દર્શાવેલા પાંચ પૈકી કોઇ અપવાદમા પડતુ હોય ત્યારે અપવાદના કારણે તે સાપરાધ મનુષ્યવધ નહિ તથા કલમ–૩૦૪ ના પુર્વાધ મુજબ સજા કરી શકાય.

૭. કલમ–૩૦૦ માં દર્શાવેલા ચાર પૈકી કોઇપણ પ્રકારમાં આરોપીનું કૃત્ય પડતુ ન હોય તો અપવાદ વિષે વિચારવાનો પ્રશ્ન રહેતો જ નથી, પરંતુ તેમ છતાં તે સાપરાધ મનુષ્યવધ ગણાય ત્યારે કલમ–૩૦૪ ના મુજબ સજા કરી શકાય.

૮. કયારેક મનુષ્ય વધ હોય, અપરાધનુ તત્વ હોય, છતાં કલમ–૨૯૯ ના તત્વો સંતોષાતા ન હોય ત્યારે વ્યથા કે મહાવ્યથા ગણી તે મુજબ સજા થઇ શકે, જે પ્રત્યેક કેસના આગવા સંજોગો ઉપર આધારીત છે

માનવીનું મૃત્યુ અનેક કારણસર નિપજે છે. મૃત્યુ કુદરતી કારણોસર થાય, અકસ્માતના કારણે નિપજી શકે. બેદકારીપુર્વકના કૃત્યને કારણે નિપજે આત્મહત્યા કિસ્સો હોઇ શકે, મનુષ્યવધના કારણે થયુ હોય તથા સાપરાધ મનુષ્યવધ પણ કારણરુપ હોય ફરિયાદ પક્ષે પ્રથમ તે બાબત પુરવાર કરવાની રહે કે મૃત્યુ મનુષ્યવધના કારણે (homicidal death) થયુ છે. ત્યારબાદ એ પુરવાર કરવાનુ રહે છે કે, મનુષ્યવધ સાપરાધ મનુષ્ય વધ છે. સાપરાધ મનુષ્યવધ આંતરીક અથવા બાહય ઈજાના કારણે નિપજી શકે. બાહય ઈજાના કારણેથતી આંતરીક ઈજાથી નીપજી શકે,

શરીરના મહત્વના માર્મીક (Vital organ) અવયવ ની ક્રિયાશીલતા ને ઘાતક અસર પહોચાડવાથી મૃત્યુ નિપજી શકે. આ ઘાતક અસર તેવા અવયવની ક્રિયાશીલતા અટકાવે અથવા ઘટાડે જે કારણે મૃત્યુ નિપજી શકે. કલમ–૨૯૯ માં સાપરાધ મનુષ્યવધ ની વ્યાખ્યા દર્શાવે છે કે, મનુષ્યવધ સાપરાધ મનુષ્યવધ પુરવાર કર્યા બાદ તેવો સાપરાધ મનુષ્યવધ ખુન ગણાય કે કેમ ? તે પુરવાર કરવાનું રહે છે. કલમ–૩૦૦ માં ખુનની વ્યાખ્યા કરવામાં આવી છે. ફરીયાદપક્ષે કલમ–૩૦૦ માં દર્શાવેલા ચાર પૈકી કોઇ એક પ્રકાર પુરવાર કરવાનો રહે છે. ત્યારે કલમ–૩૦૦ માં જે ચાર પ્રકાર દર્શાવેલા છે. તે નીચે મુજબ છે.

૧. જે કૃત્યથી મૃત્યુ નિપજાવ્યુ હોય તે કૃત્ય મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી કરેલ હોય અથવા

૨.જો ગુનેગારને એવુ જ્ઞાન હોય કે જે વ્યકિતને શારીરીક હાની પહોચે તેનુ મૃત્યુ નિપજાવવામાં સંબંધ છે અને તેવી શારીરીક હાની પહોચાડવાના ઈરાદાથી કૃત્ય કર્યુ હોય.

અથવા

૩.જો કોઇ વ્યકિતને શારીરીક ઈજા પહોચાડવાના ઈરાદાથી કૃત્ય કર્યુ હોય અને શારીરીક ઈજા પહોચાડવા ધાર્યુ હોય તે કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજાવવા પુરતી હોય.

અથવા

૪.જો કૃત્ય કરનાર વ્યકિતને જ્ઞાન હોય કે તે તેવુ તાત્કાલીન ભયજનક કૃત્ય છે તે તમામ શકયતા વચ્ચે મૃત્યુ નિપજે અથવા તેવી શારીરીક ઈજાથી મૃત્યુ નિપજવાની પુરી સંભાવના હોય તથા મૃત્યુ નિપજાવવા માટે કે ઉપરની ઈજા પહોચાડવા માટેની જોખમ લેવા કોઈ જ કારણ વગર તે કૃત્યુ કર્યુ હોય.

ઉપરોકત ચાર પૈકી એક પ્રકાર મુજબનુ કૃત્ય કરેલ હોવાની હકીકત પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષ ઉપર રહેલી છે અને પુરાવાની માત્રા, પુરાવાની ગુણવત્તા, તે કક્ષાની હોવી જોઇએ કે ગુનો નિ:શકપણે તમામ શંકાથી પર પુરવાર થાય, વધુમાં અગાઉ

કરેલ ચર્ચા મુજબ ગુનો નિ:શંકપણે પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલો છે અને બોજો ઇન્સાફી કાર્યવાહી દરમ્યાન કયારેય ખસતો નથી કે હળવો થતો નથી. વધુમાં ઉપરોકત બાબત પુરવાર થયા બાદ જો આરોપીનો બચાવ એવો હોય કે તેનું કૃત્ય કલમ–૩૦૦ દર્શાવેલ પાંચ પૈકી કોઇ એક અથવા વધારે અપવાદમાં અથવા પ્રકરણ –૪ માં દર્શાવેલ સામાન્ય અપવાદમાં પડે છે તો તે પુરવાર કરવા માટેનો બોજો આરોપી ઉપર છે.

આ સંદર્ભે પણ ભારતીય પુરાવા અધિનિયમ –૧૮૭૨ ની કલમ–૧૦૫ ની જોગવાઇ મુજબ આરોપી ઉપર બોજો હોય છે.

અપવાદનો કિસ્સો પડતો નથી તેવો નકારાત્મક બોજો ફરીયાદપક્ષ ઉપર હોતો નથી તથા ઇન્સાફી કાર્યવાહી ચલાવનાર અદાલતે એવુ અનુમાન કરવાનુ રહે છે કે અપવાદ મુજબના સંજોગો ન હતા તથા આરોપીએ તેવા અનુમાનનુ ખંડન કરવાનુ હોય છે. વધુમા આરોપી ઉપર પણ તે અનુમાન ખંડન કરવા માટેનો બોજો ફરીયાદપક્ષ જેટલો નિ:શંકપણેના સિધ્ધાંત મુજબનો હોતો નથી પરંતુ આરોપીએ માત્ર એક સંભાવના, શકયતા દર્શાવવાની રહેતી હોય છે અને ફરીયાદપક્ષના કેસ સામે એક પ્રશ્ન ઉભો કરવાનો હોય છે.

**<u>મુદા નં. ૧ ના નિર્ણય માટે ફરીયાદપક્ષના સાહેદોના પુરાવાનુ મુલ્યાંકન:–</u>**

(૧૩) આ કામે મુદ્દા નં.૧ મરણજનાર કિરણભાઇ ઉર્ફે પ્રકાશભાઇ હરગોવિંદભાઇ અંબાલાલ નાયક નું મૃત્યુ સાપરાધ મનુષ્યવધુ છે. તે અંગે ફરિયાદ પક્ષનો પુરાવો જોવામાં આવે તો, **સાહેદ નં.૭૫ ડૉ. નીશીથ કાંતીલાલ ચૌધરીને આંક–૧૭૮ થી** તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તારીખ: ૨૨/૦૧/૨૦૨૦ ના રોજ તેઓ અને તેમના સાથી ડોકટરો ડો. કે. સી.પટની અને ડો.ડેકી બોધ નાઓ બી.જે. મેડીકલ કોલેજ, અમદાવાદ ખાતે ફરજ પર હાજર હતા તે દરમ્યાન ખેડબ્રહમા પોલીસ સ્ટેશન ના એ.એસ.આઇ. લક્ષ્મણભાઇ હિરાભાઈ બ.નં.

૧૩૧૦ નાઓએ મરણ જનાર : કિરણકુમાર ઉર્ફે પ્રકાશભાઈ હરગોવિંદભાઈ નાયક ઉ.વ. ૪૦ પુરુષ વ્યકિતની યાદી તથા ઈન્કવેસ્ટ પંચનામું તથા મરણોત્તર રિપોર્ટ સાથે શબનું પેનલ ડોકટર મારફતે પી.એમ. કરવા સારુ તેમની સમક્ષ લાવવામાં આવેલ, જે પોલીસ યાદી આંક–૧૭૯ થી રજુ થયેલ છે. આ કામે મરણજનાર : કિરણકુમાર ઉર્ફે પ્રકાશભાઈ હરગોવિંદભાઈ નાયક ઉ.વ. ૪૦ નાઓના શબનું પી.એમ. તેમની હોસ્પિટલના પી.એમ. નં. ૨૩૭/૨૦ થી તારીખ : ૨૨/૦૧/૨૦૨૦ ના રોજ સવારના ૧૧–

૧૦ વાગ્યે પી.એમ. કરવાનુ શરુ કરેલ છે અને તે જ દિવસે બપોરના ૪–૦૦ વાગ્યે પૂર્ણ કરેલુ અને શબનુ બાહ્ય પરિક્ષણ કરતાં, આશરે ૪૦ વર્ષના ઉંમરના પુરુષનું શબ હતુ, શબ સફેદ કપડા કે જેના પર ભુરા રંગની લાઈનો હતી તેના વડે ઢંકાયેલ હતુ, શબ પર નીચે મુજબના કપડાઓ પહેરેલી હાલતમાં હતા. (૧) બાય વિનાનુ ક્રિમ કલરનુ સ્વેટર કે જેના પર ગ્રે કલરની લાઈન હતી અને તેનામાં નીચે મુજબ ફાટેલાનુ નિશાન હતુ. સ્વેટર પર નીચે મુજબ ફાટેલાના નિશાા જણાયેલ અને સ્વેટરની ડાબી બાજુએ સામેની તરફ 0.6 સેમી X 0.1 સેમી કદનું એક અનિયમિત ફાટેલું મધ્યરેખાથી 8 સેમી ડાબી બાજુ અને ડાબા ખભાની ટાંકા રેખા નીચે 25 સેમી. નીચે હતુ અને (૨) સ્વેટરની ડાબી બાજુએ સામેની તરફ મધ્યરેખાથી 27 સેમી નીચે 0.5 સેમી વ્યાસનું એક ફાટેલું છે. (૩) એક અનિયમીત આકારનો આડો તિક્ષ્ણ કાપેલો ભાગ 3 સેમી X 0.2 સેમી કદનો સ્વેટરની સામેની સાઈડે આવેલ છે અને તેના ઉપરનો બહારનો ભાગ કપાયેલા ભાગ નંબર ૪ થી ૧ સે.મી. નીચે અને તેનો નીચેનો અંદરનો ભાગ મધ્ય રેખાથી ૮ સે.મી. જમણી તરફે અને જમણા ખભાના સીવેલા ભાગથી ૨૮ સે.મી. નીચે છે. (૪) સ્વેટરની સામેની જમણી તરફે એક અનિયમીત તિક્ષ્ણ કપાયેલો ઉભો ભાગ કે જેનુ માપ ૫ સેમી X ૦.૨ સેમી છે, જેનો નીચેનો છેડો મધ્ય રેખાથી જમણી તરફે ૧૦ સે.મી.આવેલ છે અને તેનો ઉપરનો છેડો જમણા ખભાની સીવેલા ભાગથી ૨૩ સે.મી.

નીચે આવેલ છે. સ્વેટરની સામેની તરફે અકે ઠેકાણે લોહીના ડાઘા જોવા મળેલ હતા. શરીર પર એક લાંબી બાયનો સફેદ રંગનો સફેદ ભુરા અને લાલ રંગની ડીજાઇનવાળો શર્ટ પહેરેલ હતો અને તેના પર નીચે મુજબના ફાટેલાના નિશાનો હતા. (૧) શર્ટની સામેની ડાબી બાજુએ એક અનિયમીત આકારનો ૧ સે.મી. ડાયામેટરનો ભાગ હતો. ડાબા ખભાના સીલાયેલા ભાગથી તે ૫૫ સે.મી. નીચે હતો અને શર્ટના સાતમાં બટન પાસેથી ૬.૫ સે.મી. ડાબી તરફે હતો. (૨)શર્ટની સામેની તરફે ડાબી બાજુએ એક અનિમયીત આકારનો કપાયેલો  ૦.૫ સે.મી. ડાયામેટરનો ભાગ હતો. ડાબા કોલરથી સીલાયેલા ભાગથી તે ૧૬ સે.મી. નીચે હતો અને શર્ટના ત્રીજા બટન પાસેથી ૧.૫ સે.મી. ડાબી તરફે હતો. (૩) શર્ટની જમણી સામેની તરફે એક આડો ૩.૫ સે.મી.  X  ૦.૧ સેમી નો તિક્ષ્ણ કપાયેલો ભાગ હતો. તેનો બહારનો ઉપરનો છેડો જમણા ખભાની સ્ટીચ લાઇન ૨૩ સે.મી. નીચે અને જમણી બગલની સીલાઇની લાઇનથી ૧૫ સે.મી. અંદરની તરફ હતો. (૪)શર્ટના જમણા ખભાના ભાગે એક  ઉભો તિક્ષ્ણ કપાયેલો ભાગ ૪.૫ સે.મી.  X ૦.૧ સેમી નો હતો તેનો ઉપરનો છેડો જમણા ખભાની પીઠથી ૪.૫ સે.મી. અંદરની તરફ હતો. શર્ટની સામેની તરફે અકે ઠેકાણે લોહીના ડાઘા જોવા મળેલ હતા. એક બાય વગરનુ સફેદ રંગનુ બનીયાન કે જેના પર રણજીત સ્માર્ટ ૯૦ સે.મી. નુ લેબલ હતુ તેના પર નીચે  મુજબના ફાટેલાના નિશાનો હતા. (૧) બનીયાનની સામેની ડાબી તરફે ૨ સે.મી. X ૦.૫ સેમી ના માપનો અનીયમીત આકારનો કપાયેલો ભાગ હતો તે મધ્ય રેખાથી ૬ સે.મી. ડાબી બાજુએ અને ડાબા ખભાના સીલાઇવાળા ભાગથી ૫૭ સે.મી. નીચે હતો. (૨) બનીયાનની સામેની ડાબી તરફે  ૦.૫ સેમી ના માપનો અનીયમીત આકારનો કપાયેલો ભાગ હતો તે મધ્ય રેખાથી ૫ સે.મી. ડાબી બાજુએ અને ડાબા ખભાના સીલાઇવાળા ભાગથી ૨૬.૫ સે.મી. નીચે હતો.(૩)બનીયાનની જમણી તરફે આડો અંડાકાર આકારનો તિક્ષ્ણ કપાયેલો ૩.૫ સે.મી. X ૨ સેમી ના

માપનો ભાગ હતો. નીચેનો અંદરનો છેડો મધ્ય રેખાથી ૫ સે.મી. જમણી તરફે અને ઉપરનો બહારનો છેડો જમણા ખભાની સીલાઇવાળા ભાગથી ૨૫ સે.મી. નીચે હતો. બનીયાનની સામેની તરફે અકે ઠેકાણે લોહીના ડાઘા જોવા મળેલ હતા. શર્ટની સામેની ડાબી બાજુએ એક અનિયમીત આકારનો ૧ સે.મી. ડાયામેટરનો ભાગ હતો. ડાબા ખભાના સીલાયેલા ભાગથી તે ૫૫ સે.મી. નીચે હતો અને શર્ટના સાતમાં બટન પાસેથી ૬.૫ સે.મી. ડાબી તરફે હતો અને એક ભુખરા રંગનુ પેન્ટ હતુ. પેન્ટના કમ્મરવાળા ભાગે સામે અને ડાબી તરફે એક અનિયમીત ૧ સે.મી. વ્યાસનો કપાયેલો ભાગ હતો. તે મધ્ય રેખાથી ૫.૫ સે.મી. ડાબી તરફે અને બહારની સીલાઇથી ૧૬ સે.મી. અંદરની બાજુ હતો. પેન્ટ પર લોહીના ડાઘા હતા.એક ભુખરા રંગનુ અંડર વિયર હતુ. જેના પર માચોનુ લેબલ હતુ. તેના પર લોહીના ડાઘા હતા. જમણા પગના મોજાનુ વર્ણન એક ભુખરા રંગનો મોજો હતો. સફેદ કલરની જનોઇ પહેરેલ હતી. જે કાપડ પર લાશ વિંટળાયેલ હતી તે કાપડ લોહીથી ખરડાયેલ હતુ. સદર શબના શરીર ઉપર બાહય ભાગે જણાયેલ ઈજાઓ જે આ કામે પી.એમ. નોટના કોલમ નં.૧૭માં દર્શાવ્યા મુજબ (૧) જમણા ખભાના સામેના ભાગે એક ઉભો ૫ સે.મી. X ૧ સે.મી. માંસપેશીઓ સુધી ગયેલો કપાયેલો ઘા હતો. તેનો ઉપરનો છેડો મધ્ય રેખાથી ૧૨ સે.મી. જમણી તરફે અને જમણા ખભાની હીપ થી ૩ સે.મી. અંદરની બાજુએ હતો. ઘા નુ માર્જીન તિક્ષ્ણ કપાયેલ હતુ અને તેના ઉપરના છેડે ફીશ ટેઇલીંગ હતુ. માર્જીન પર લાલ રંગનુ ગંઠાયેલુ લોહી હતુ. આ ઈજા સ્વેટર અને શર્ટના વર્ણન નં. ૪ માં જણાવ્યા મુજબની સાથે સુસંગત હતુ. (૨)જમણા સ્તન પર એક ત્રાસો ૩.૫ સે.મી. X ૧ સે.મી. ના માપનો માંસપેશીઓ સુધી અંદર જતો કપાયેલો ઘા હતો. તેનો નીચેનો અંદરનો છેડો મધ્ય રેખાથી ૯ સે.મી. જમણી તરફે અને બહારનો ઉપરનો છેડો જમણા ખભાની હીપ થી ૨૧ સે.મી. નીચે હતો. ઘા નુ માર્જીન તિક્ષ્ણ કપાયેલ હતુ અને તેના ઉપર ગંઠાયેલુ લોહી હતુ. આ ઈજા સ્વેટર, શર્ટ અને બનીયાનમાં વર્ણવેલ નં. ૩

સાથે સુસંગત હતી. (૩) છાતીની સામેની તરફે ડાબા ભાગમાં એક ગોળાકાર ફાયર આર્મ એન્ટ્રીવુન્ડ કે જેનો વ્યાસ ૦.૬ સે.મી. નો હતો તેનો અંદરનો છેડો મધ્ય રેખાથી ૫ સે.મી. ડાબી તરફે અને ઉપરનો છેડો ડાબા કલેવીકલના અંદરના છેડાથી ૧૧.૫ સે.મી. નીચે હતો અને તેનો નીચેનુ માર્જીન ડાબા પગના તળીયાના ભાગથી ૧૩૩.૫ સે.મી. ઉપર હતો. ફાયર આર્મ એન્ટ્રીવુન્ડની ફરતે ૦.૨ સે.મી. થી ૦.૫ સે.મી. ની પહોળાઇવાળો લાલ ભુખરા રંગનો અંડાકાર એબ્રેશન કોલર જોવા મળેલ હતો. આ એબ્રેશન કોલર ની પહોળાઇ ઉપરની તરફે વધુ હતી. આ ફાયર આર્મ વુન્ડ ની ફરતે બર્નીગ, બ્લેકનીંગ કે ટેટુઇંગ જોવા મળેલ ન હતુ તેના પર કાપો મુકતા ફાયર આર્મમાંથી નિકળેલી ગોળી આ ઘા ની નીચે આવેલ મૃદુ પેશીઓ, ડાબી છાતીની માંસપેશીઓ, ચાર નંબરની ઇન્ટર કોસ્ટલ સ્પેશ, સામેની ડાબી તરફથી પ્લુરા, પેરી કાર્ડીયમ, ડાબા હદયની વેન્ટ્રીકલ, ડાબા ફેફસાનો નીચેનો લોબ(ભાગ), ડાબા ફેફસાની પ્લુરા, છાતીનો પાછળનો ભાગ, ૭ નંબરની ઇન્ટરકોસ્ટલ સ્પેસવાળી માંસપેશીઓ ને કાપી એક આખી ધાતુવાળી જેકેટવાળી બુલેટ કે જેની લંબાઇ ૧.૧ સે.મી. અને ૦.૬ સે.મી. ના વ્યાસવાળા બેઝ સાથેની રાઉન્ડ નુઝ બુલેટ મળી હતી. આ બેઝ પર એક માર્ક કરવામાં આવેલ હતો. આ ઘા ના ટ્રેકમાં લાલ રંગનુ લોહી તેમજ ગંઠાયેલુ લોહી જોવા મળેલ હતુ. આ ઘા ની દિશા જમણે થી ડાબી તરફ અને નીચેની પાછળની તરફ જતી હતી. આ ઇજા સ્વેટર, શર્ટ અને બનીયાનમાં જણાવેલ વર્ણન નંબર : ૨ સાથે સુસંગત હતી. (૪)ડાબા ઇલીયાક કોસાના ભાગે એક અંડાકાર ૧ સે.મી. X ૦.૫ સે.મી. નો ફાયર આર્મ એન્ટ્રીવુન્ડ જોવા મળેલ હતો, તેનુ અંદરનુ માર્જીન મધ્ય રેખાથી ૪ સે.મી. ડાબી તરફે અને તેની નીચેનુ માર્જીન ડાબા પગના તળીયેથી ૧૦૦ સે.મી. ઉપર ફાયર આર્મ એન્ટ્રીવુન્ડની ફરતે ૦.૩ સે.મી. X ૦.૫ સે.મી. ની પહોળાઇવાળો લાલ ભુખરા રંગનો એબ્રેશન કોલર જોવા મળેલ હતો. આ એબ્રેશન કોલર ની પહોળાઇ ઉપરની તરફે

વધુ હતી. આ ફાયર આર્મ વુન્ડ ની ફરતે બર્નીગ, બ્લેકનીંગ કે ટેટુઇંગ જોવા મળેલ ન હતુ તેના પર કાપો મુકતા ફાયર આર્મમાંથી નિકળેલી ગોળી આ ઘા ની નીચે આવેલ મૃદુ પેશીઓ, પેટની માંસપેશીઓ પેરીટોનીયમ, ડાબી તરફનુ નાનુ આંતરડુ, મેજેન્ટ્રી, મોટા આંતરડાને કાપી જમણા મુત્રપીંડની પાછળના ભાગે એક આખી ધાતુવાળી જેકેટવાળી બુલેટ કે જેની લંબાઇ ૧.૧ સે.મી. અને ૦.૬ સે.મી. ના વ્યાસવાળા બેઝ સાથેની રાઉન્ડ નુઝ બુલેટ મળી હતી. આ બેઝ પર એક માર્ક કરવામાં આવેલ હતો. આ ઘા ના ટ્રેકમાં લાલ રંગનુ લોહી તેમજ ગંઠાયેલુ લોહી જોવા મળેલ હતુ. આ ઘા ની દિશા પાછળની બાજુએ ડાબે થી જમણી તરફ જતી હતી. આ ઈજા શર્ટ માં જણાવેલ વર્ણન નંબર : ૧ અને કોલમ નં. ૮ (૪) સાથે સુસંગત હતી. (૫) ડાબા અગ્ર હાથના પાછળના અને અંદરના ભાગે એક ત્રાંસો ૪.૫ સે.મી. X ૧.૫ સે.મીના માપનો માંસપેશીઓ સુધી ઉંડો જતો કપાયેલો ઘા હતો, તેનો બહારનો નીચેનો છેડો ડાબા કાંડાના જોઇન્ટથી ૧૧ સે.મી. ઉપર હતો, તેનુ માર્જીન તિક્ષ્ણ કપાયેલુ હતુ, તેની ઉપરની માર્જીન પર શૅરેશન જોવા મળેલ હતુ, આ માર્જીન પર ગંઠાયેલુ લાલ રંગનુ લોહી જોવા મળેલ હતુ. (૬) ડાબા અંગુઠાના પાયાના સામેની તરફે એક ત્રાંસો ૪ સે.મી. X ૦.૨ સે.મીના માપનો માંસપેશીઓ સુધી ઉંડો જતો કપાયેલો ઘા હતો, તેની બહારનો ઉપરનો છેડો ડાબા કાંડેથી ૩ સે.મી. નીચે હતો. આ માર્જીન કલીન કટ હતુ અને તેના પર ગંઠાયેલુ લાલ રંગનુ લોહી જોવા મળેલ હતુ. કોલમ નં. ૧૭, ૨૨ અને ૨૩ માં જણાવેલ તમામ ઈજાઓ મૃત્યુ પહેલાની હતી અને ઉપરોકત ઇજાઓ કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજાવવા માટે પુરતી હતી. વધુમાં (૮)છાતીના ભાગે કોલમ નં. ૧૭(૩) માં જણાવેલ તેમજ પ્લુરલ કલેવીટીમાં ૨ લીટર જેટલુ ગંઠાયેલુ લોહી જોવા મળેલ. જમણા અને ડાબા ફેફસામાં કોલમ નં. ૧૭(૩) માં જણાવ્યા મુજબ તેમજ કાપો મુકતા લાલ રંગનુ ફીણવાળુ પ્રવાહી નિકળતુ હતુ. હૃદયના આવરણમાં કોલમ નં. ૧૭(૩) માં જણાવ્યા મુજબ, પેરી કાર્ડીયમમાં ૨૦૦ એમ.એલ.

જેટલુ ગંઠાયેલુ લોહી જોવા મળેલ. શબ પરીક્ષણ દરમ્યાન તેઓએ નમુના નં. (૧) પ્લેન બલ્બમાં લોહી, નમુના નં. (૨) ઇડીટીએ બલ્બમાં લોહી, નમુના નં. (૩) બલેસ્ટીક તપાસ માટે છાતીના એન્ટ્રવુન્ડ વાળા ભાગેથી લીધેલ સ્વાબ , નમુના નં. (૪) બલેસ્ટીક તપાસ માટે પેટના એન્ટ્રવુન્ડ વાળા ભાગેથી લીધેલ સ્વાબ , નમુના નં. (૫) કન્ટ્રોલ સ્વાબ. નમુના નં. (૬) બલેસ્ટીક તપાસ માટે છાતીના એન્ટ્રવુન્ડ વાળા ભાગેથી લીધેલ ચામડી,નમુના નં. (૭) બલેસ્ટીક તપાસ માટે પેટના એન્ટ્રવુન્ડ વાળા ભાગેથી લીધેલ ચામડી, નમુના નં. (૮) કન્ટ્રોલ ચામડી, નમુના નં. (૯) બલેસ્ટીક તપાસ માટે પેટના ભાગેથી મળેલ બુલેટ, નમુના નં. (૧૦) બલેસ્ટીક તપાસ માટે શરીરના પાછળના ભાગે મળેલ બુલેટ,નમુના નં.(૧૧) જમણા હાથના નખ, નમુના નં. (૧૨) ડાબા હાથના નખ, નમુના નં. (૧૩) વધુ ચકાસણી માટે આગળ પાછળ ભાગે હાથધોવડાવી લીધેલ જમણાહાથનુ પ્રવાહી. નમુના નં. (૧૪) વધુ ચકાસણી માટે આગળ પાછળ ભાગે હાથ ધોવડાવી લીધેલ ડાબા હાથનુ પ્રવાહી ,નમુના નંબર ૧૫ થી ૧૯ લાશ પરથી લીધેલ કપડા સ્વેટર, શર્ટ અને બનીયાન, પેન્ટ, અંડરવિયર. મુજબના વિશેરા ભેગા કરી એફ.એસ.એલ. પરીક્ષણ સારુ એ.એસ.આઇ. લક્ષ્મણભાઇ હીરાભાઈ બ.નં. ૧૩૧૦ નાઓને સોંપેલ. સદર મરણ જનારનું મૃત્યુ અમો પેનલ ડોકટરના અભિપ્રાય મુજબ ફાયર આર્મ ડીસ્ચાર્જને કારણે છાતી અને પેટના ભાગે થયેલ ઇજાઓથી આઘાત અને લોહી વહી જવાના કારણે થયેલ છે અને મૃત્યુનો સમય પી.એમ. શરુ કર્યાના સમયથી ૧૨ થી ૨૪ કલાક પહેલા થયેલુ. ઉપરોકત હકીકતો તેઓએ પી.એમ.નોટ માં જણાવેલ જે પી.એમ. નોટમાં તેમની તથા ડો. કેસી પટની તથા ડીકે બોધ નાઓની સહી તથા હોસ્પીટલનુ સીલ છે જે તેઓએ ઓળખી બતાવી આંક–૧૮૦ થી રજુ થયેલ છે. મરણ જનારની લાશનુ પી.એમ. કરી કોઝ ઓફ ડેથ સર્ટી. આપવા બાબતની યાદી આંક–૧૮૧ થી રજુ થયેલ છે. સદર મરણ જનારનું કોઝ ઓફ ડેથ

સર્ટીફીકેટ બતાવતા જેમાં મરણજનારનું મૃત્યુનું કારણ તેમના અભિપ્રાય મુજબ ફાયર આર્મ ડીસ્ચાર્જને કારણે છાતી અને પેટના ભાગે થયેલ ઈજાઓથી આઘાત અને લોહી વહી જવાના કારણે થયેલ હોવાનુ જણાયેલ, જે સર્ટી.માં તેમની તથા ડો. કેસી પટની તથા ડીકે બોધ નાઓની સહી તથા હોસ્પીટલનુ સીલ છે, જે ઓળખી બતાવી આંક-૧૮૨ થી રજુ કરેલ છે. નાયબ પોલીસ અધિ. ઈડર નાઓએ મરણ જનારની લાશનુ પી.એમ. સારુ મોકલી આપવા બાબતેની કરેલ યાદી જે યાદી આંક-૧૮૩ થી રજુ થયેલ છે. તેમને મુદ્દામાલ ' છરો ' બતાવતા જે જોઈને જણાવેલ છે કે,મરણ જનારને પી.એમ. નોટના કોલમ નં. ૧૭ માં જણાવ્યા મુજબની ઈજા નં. ૧,૨, ૫,૬ આ પ્રકારના હથીયાર વડે થઈ શકે અને તેમને મુદ્દામાલ લાશ પરના કપડા બતાવતા જે જોઈને જણાવેલ છે કે, જે પી.એમ. કરતા પહેલા લાશ પરથી મળેલ તે જ હોવાનું જણાવેલ છે.

(૧૩.૧)ઉપરોકત તબીબ સાહેદની બચાવ પક્ષ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમા કબુલ કરેલ છે કે, લાશ પી.એમ. માટે આવી ત્યારે ઈન્કવેસ્ટ પંચનામુ તથા યાદી આવેલી તે તેઓએ જોયેલું. વધુમાં કબુલ કરેલ છે કે, યાદી પ્રમાણે મરણજનારનું નામ, ઉંમર લખી લીધેલું. વધુમાં જે ઈજાઓ જણાયેલ છે તે ઈજાઓ દાજી જવાથી થયેલ હોવાનું જણાવેલ નથી.

(૧૩.૨) હવે ઉપરોકત તબીબ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, ઉપરોકત તબીબ સાહેદના પુરાવા પરથી મરણજનારની લાશનું પેનલ ડોકટર ધ્વારા પી.એમ. કરેલ હોવાની અને મરણજનારના શબનુ બાહય અને આંતરીક પરીક્ષણ કરેલ હોવાની અને મરણજનારનુ મૃત્યુ મરણજનારને થયેલ ફાયર આર્મ ડીસ્ચાર્જને કારણે છાતી અને પેટના ભાગે થયેલ ઈજાઓથી આઘાત અને લોહી વહી જવાના કારણે થયેલ હોવાનુ જણાવેલ છે. વધુમાં સદર સાહેદે તેમના પુરાવામાં આંક-૧૮૦ થી પી.એમ.રીપોર્ટ રજુ રાખેલ છે અને પી.એમ.નોટમાં કોલમ નં.૧૭,૨૨ અને ૨૩ માં જણાવેલ તમામ

ઈજાઓ મૃત્યુ પહેલાની હતી અને સદરહું ઈજાઓ કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજાવવા માટે પુરતી હોવાનું જણાવેલ છે. વધુમાં આ કામે તબીબ સાહેદની જુબાની દરમ્યાન રજુ થયેલ આંક–૧૮૦ ની પી.એમ.નોટ રજુ થયેલ છે અને તેઓએ તેમની જુબાનીમાં પી.એમ.નોટ મુજબનો પુરાવો આપેલ છે તેમજ એફ.એસ.એલ.નો બાયલોજી વિભાગનો અહેવાલ આંક–૧૯૫ થી રજુ થયેલ છે જેમાં પાર્સલ નં.ડી બેગ માં રૂધીરની હાજરી મળેલ હતી તેમજ આંક–૧૬૭ વાળા એફ.એસ.એલ.નો રીપોર્ટ વંચાણે લેતાં તેમાં ગુનાના કામમાં વપરાયેલ હથિયાર થી ફાયર થયેલ હોવાનુ જણાવેલ છે. તેવી જ રીતે બાયોલોજી વિભાગના આંક–૧૬૮ વાળા અહેવાલને વંચાણે લેતાં હથીયાર છરા ઉપર રૂધીર મળેલ હોવાનું જણાવેલ છે. આમ, એફ.એસ.એલ.ના રીપોર્ટ ઉપરથી પણ મેડીકલ ઓફીસરના પુરાવાને સમર્થન મળે છે અને તે હકીકતોનુ ખંડન બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ નથી. આમ, મરણ જનાર કિરણભાઇ ઉર્ફે પ્રકાશભાઇ હરગોવિંદભાઇ અંબાલાલ નાયક નુ મૃત્યુ સાપરાધ મનુષ્ય વધ હોવાનું ફરીયાદ પક્ષના ઉપરોકત પુરાવા પરથી નિ:શંકપણે પુરવાર કરેલ હોય, **મુદ્દા નં.૧** નો નિર્ણય **'' હકાર ''** માં ઠરાવવામા આવે છે.

**<u>મુદ્દા નં.ર :–</u>**

(૧૪) મુદ્દા નં.ર ની હકીકતો પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષ તરફે ફરીયાદપક્ષે **સાહેદ નં.૧ ફરીયાદી વિનયભાઇ અશોકભાઇ નાયકને આંક–૩૦** થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેમનો દીકરો મરણ જનાર પ્રકાશભાઇ ખેડબ્રહમા આંગડીયા પેઢીમાં નોકરી કરતા હતાં અને હિંમતનગર થી અપડાઉન કરતાં હતાં. બનાવ આજથી આશરે ચારેક વર્ષ અગાઉ બનેલો, બનાવના દિવસે તેઓ તેમના ઘરે હતો ત્યારે બપોરના સમયે તેમના કાકી રંજનબેનનો ફોન આવેલો અને કહેલ કે, મારે ખેડબ્રહમા થી ફોન આવેલ છે અને તમારા કાકા પ્રકાશભાઇને ગોળી મારેલ છે તેમજ ઈજાઓ કરેલ છે જેથી તેઓ તથા તેમના કુઆ તથા

બીજા કુટુંબના માણસો ખેડબ્રહમા સીવીલમાં આવેલા અને ત્યાં પી.એમ. રૂમમાં જઈ જોયેલ તો તેમના કાકા પ્રકાશભાઈ લોહીલુહાણ થયેલ હતા અને શરીરે ઈજાઓ થયેલ હતી અને મરણ ગયેલા હતા તે સીવાય બનાવની બીજી કોઇ હકીકત તેમને ખબર નથી. પ્રકાશભાઇ કેવી રીતે મરણ ગયેલા તે તેમને ખબર નથી કે તેમને કોઇએ જણાવેલ નથી. ત્યારબાદ તેઓએ ખેડબ્રહમા પો.સ્ટે. માં ફરીયાદ આપેલી જે ફરીયાદમાં તેમની સહી ઓળખી બતાવી આંક–૩૧ થી ફરીયાદ રજુ રાખેલ છે. સદર ફરીયાદી વધુમાં તેમના પુરાવામાં જણાવે છે કે, ફરીયાદ આપ્યા બાદ પોલીસે મરણજનાર પ્રકાશભાઈની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ પંચો તથા તેમની રૂબરૂમાં કરેલું અને લાશને ઓળખી બતાવેલી અને ત્યારબાદ પોલીસે લાશનો કબજો તેઓને સોંપતા લાશની અંતિમ વિધી તેઓએ કરેલ હોવાનું જણાવેલ છે. સદર ફરીયાદીએ તેમના પુરાવામાં મુદ્દામાલ સ્વેટર તેમના કાકાનું હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. આમ, સદર ફરીયાદી ફરીયાદની કોઇ જ હકીકતને સમર્થન કરતા ન હોય, એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી વિસ્તૃત ઉલટતપાસ કરેલ છે. પરંતુ ઉલટતપાસ થકી તેમના નિવેદનને સમર્થનકારી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૧૪.૧) ઉપરોકત સાહેદની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ છે તેમાં કબુલ કરેલ છે કે, બનાવ વખતે તેઓ ઘરે હતો જેથી બનાવ તેઓએ નજરે જોયેલ નથી. બનાવ કેવી રીતે બનેલો તેની તેમને કોઇ જાત માહિતી નથી અને પાછળથી પણ બનાવ અંગેની તેમને કોઇ હકીકત જાણવા મળેલ નહી. વધુમાં કબુલ કરેલ છે કે, આજરોજ મુદ્દામાલ કપડાં તેઓએ જોયેલ તેવા કપડાં બજારમાં પણ મળી શકે. વધુમાં કબુલ કરેલ છે કે, પી.એમ.રૂમમાં તેઓએ લાશ જોયેલી ત્યારે તેઓ કુટુંબના માણસો અને પોલીસ સીવાય કોઇ હાજર ન હતું.

(૧૪.૨) આમ, ઉપરોકત ફરીયાદીની સરતપાસની હકીકત ધ્યાને લેતાં ફરીયાદીને મરણજનારને ગોળી વાગેલાના સમાચાર મળતા તેઓ

સીધા જ સીવીલ હોસ્પીટલમાં ગયેલ હોવાની અને મરણજનારની લાશનુ પી.એમ. કરેલ હોવાની તેમજ ઈન્કવેસ્ટ પંચનામુ કરેલ હોવાની હકીકતને સમર્થન મળે છે. પરંતુ બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસ ની હકીકતો ધ્યાને લેતાં, આરોપીઓને ગુનામાં સંડોવણી કરતી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી.

**(૧૫)** ત્યારબાદ ફરીયાદપક્ષે મરણ જનારની લાશનું ઈન્કવેસ્ટ પંચનામાના **પંચ સાહેદ નં.૨ બ્રીજેશકુમાર દેવાભાઈ પટેલને આંક–૩૫ થી** તપાસવામાં આવેલ છે. તેઓએ તેમના પુરાવામાં આંક–૩૬ થી રજુ મરણ જનારની લાશનું ઈન્કવેસ્ટ પંચનામામાં તેમની સહી સીવાયની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે. આમ, સદર પંચ પંચનામાની કોઈ જ હકીકતને સમર્થન કરતા ન હોય, એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી વિસ્તૃત ઉલટતપાસ કરેલ છે. પરંતુ ઉલટતપાસ થકી પંચનામાને સમર્થનકારી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૧૫.૧) ઉપરોકત પંચ સાહેદની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ છે તેમાં એ વાત કબુલ કરેલ છે કે, તૈયાર પંચનામામાં સહી કર્યા સીવાય પંચનામાની વિગતે કઈ જાણતો નથી.

(૧૫.૨) આમ, ઉપરોકત પંચ સાહેદના પુરાવા પરથી મરણ જનારની લાશના ઈન્કવેસ્ટ પંચનામાની હકીકતોને સમર્થન મળતુ નથી. જેથી સદર પંચનો પુરાવો ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતો નથી.

**(૧૬)** ત્યારબાદ ફરીયાદપક્ષે મરણ જનારની લાશનું ઈન્કવેસ્ટ પંચનામા તેમજ આરોપી કંઈ કહી જગ્યા બતાવતા હોય જે જગ્યા અંગેનું પંચનામુ તથા આરોપી મહેશ શર્મા ની ડાયરી, જાકીટ ,બુટ , રીવોલ્વરનું પાકીટ, ગાડીની કુલ–૭ નંબર પ્લેટો ,ધારીયા નંગ–૨ , સ્પોટ બુટ કબજે કર્યા અંગેના પંચનામાના તેમજ સી.સી.ટી.વી. કુટેજની ડીવીડી કેસેટ તથા પેન ડ્રાઈવ કબજે લીધા અંગેના પંચનામાના **પંચ સાહેદ નં.૩ વિષ્ણુકુમાર પરાગભાઈ ચૌધરીને આંક–૪૨ થી તેમજ પંચ સાહેદ નં.૭ પવનકુમાર દિપકભાઈ**

**બારોટને આંક–૭૧ થી** તપાસવામાં આવેલ છે. તેઓએ તેમના પુરાવામાં આંક–૩૬ થી રજુ મરણ જનારની લાશનું ઇન્કવેસ્ટ પંચનામામાં તેમજ આંક–૪૩ થી રજુ આરોપી કંઇ કહી જગ્યા બતાવતા હોય જે જગ્યા અંગેનું પંચનામુ તથા આરોપી મહેશ શર્મા ની ડાયરી, જાકીટ ,બુટ , રીવોલ્વરનું પાકીટ, ગાડીની કુલ–૭ નંબર પ્લેટો ,ધારીયા નંગ–ર , સ્પોટ બુટ કબજે કર્યા અંગેનું પંચનામામાં તેમજ આંક–૫૦ તથા આંક–૫૧ તથા આંક–૫૫ થી રજુ સી.સી.ટી.વી. ફુટેજની ડીવીડી કેસેટ તથા પેન ડ્રાઇવ કબજે લીધા અંગેના પંચનામામાં તેમજ આંક–૪૪ થી આંક–૪૯ તથા આંક–૫૨ થી આંક–૫૪ સુધીની પંચ સ્લીપોમાં તેમની સહી સીવાયની તમામ હકીકતોનો ઇન્કાર કરેલ છે. તેમને મુદ્દામાલ બતાવતાં તેઓએ ઓળખી બતાવેલ નથી. આમ, સદર પંચો પંચનામાઓની કોઇ જ હકીકતને સમર્થન કરતા ન હોય, એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી વિસ્તૃત ઉલટતપાસ કરેલ છે. પરંતુ ઉલટતપાસ થકી પંચનામાઓને સમર્થનકારી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૧૬.૧) ઉપરોકત પંચ સાહેદોની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ છે તેમાં એ વાત કબુલ કરેલ છે કે, તૈયાર પંચનામામાં સહી કર્યા સીવાય પંચનામાની વિગતે કઇ જાણતો નથી. વધુમાં કબુલ કરેલ છે કે, કોઇ વ્યકિતએ જગ્યા બતાવેલ હોય અને તે જગ્યા પર તેઓ ગયેલ હોય અને ત્યાં કોઇ ચીજ વસ્તુ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી.

(૧૬.૨) આમ, ઉપરોકત પંચ સાહેદના પુરાવા પરથી આંક–૩૬,આંક–૪૩, આંક–૫૦, આંક–૫૧ના પંચનામાની હકીકતોને સમર્થન મળતુ નથી. જેથી સદર પંચનો પુરાવો ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતો નથી.

**(૧૭)** ત્યારબાદ ફરીયાદપક્ષે મરણ જનારની લાશ પાસેથી મળી આવેલ કાળા કલરનો થેલો કબજે કર્યાના પંચનામાના **પંચ સાહેદ નં.૪ પ્રકાશકુમાર છોટાલાલ ઓડને આંક–૬૧ થી** તપાસવામાં આવેલ

છે. તેઓએ તેમના પુરાવામાં આંક–૬૨ થી રજુ મરણ જનારની લાશ પાસેથી મળી આવેલ કાળા કલરનો થેલો કબજે કર્યા અંગેના પંચનામામાં તેમજ આંક–૬૩ થી પંચ સ્લીપમાં તેમની તથા બીજા પંચ દીપક બાબુજી ભાટનાઓની પંચ તરીકેની સહી સીવાયની તમામ હકીકતોનો ઇન્કાર કરેલ છે. વધુમાં સદર પંચ સાહેદને મુદ્દામાલ બતાવતાં તેઓએ ઓળખી બતાવેલ નથી. આમ, સદર પંચ પંચનામાની કોઇ જ હકીકતને સમર્થન કરતા ન હોય, એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી વિસ્તૃત ઉલટતપાસ કરેલ છે. પરંતુ ઉલટતપાસ થકી પંચનામાને સમર્થનકારી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૧૭.૧) ઉપરોકત પંચ સાહેદની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ છે તેમાં એ વાત કબુલ કરેલ છે કે, તૈયાર પંચનામાઓમાં સહી કર્યા સીવાય પંચનામાની વિગતે કઇ જાણતો નથી. વધુમાં કબુલ કરેલ છે કે, કોઇ વ્યકિતએ જગ્યા બતાવેલ હોય અને તે જગ્યા પર તેઓ ગયેલ હોઉ અને ત્યાં કોઇ ચીજ વસ્તુ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. વધુમાં કબુલ છે કે, પોલીસે તેમનુ નામઠામ પુછેલ અને તેઓએ તૈયાર પંચનામામાં સહી કર્યા સીવાય પંચનામાની વિગતે કંઇ જાણતા નથી.

(૧૭.૨) આમ, ઉપરોકત પંચ સાહેદના પુરાવા પરથી આંક–૬૨ થી રજુ પંચનામાની હકીકતોને સમર્થન મળતુ નથી. જેથી સદર પંચનો પુરાવો ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતો નથી.

**(૧૮)** ત્યારબાદ ફરીયાદપક્ષે ગુનાવાળી જગ્યાના તેમજ ગુનાના કામે વપરાયેલ મારક હથિયાર છરો તથા કાર્ટીઝના બે ખાલી ખોખા કબજે કર્યાના પંચનામાના **પંચ સાહેદ નં.પ અરવિંદભાઇ રામજીભાઇ મોચી ને આંક–૬૬ થી તેમજ બીજા પંચ સાહેદ નં.૬ ભેરૂભાઇ મોતીજી ભાટને આંક–૬૯ થી** તપાસવામાં આવેલ છે. તેઓએ તેમના પુરાવામાં આંક–૬૭ થી રજુ ગુનાવાળી જગ્યાના તેમજ ગુનાના કામે વપરાયેલ મારક હથિયાર છરો તથા કાર્ટીઝના બે ખાલી ખોખા કબજે કર્યા અંગેના પંચનામામાં તેમજ આંક–૬૮ થી પંચ

સ્લીપમાં તેમની પંચો તરીકેની સહી સીવાયની તમામ હકીકતોનો ઇન્કાર કરેલ છે. વધુમાં સદર પંચ સાહેદોને મુદ્દામાલ બતાવતાં તેઓએ ઓળખી બતાવેલ નથી. આમ, સદર પંચ પંચનામાની કોઇ જ હકીકતને સમર્થન કરતા ન હોય, એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી વિસ્તૃત ઉલટતપાસ કરેલ છે. પરંતુ ઉલટતપાસ થકી પંચનામાને સમર્થનકારી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૧૮.૧) ઉપરોકત પંચ સાહેદની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ છે તેમાં એ વાત કબુલ કરેલ છે કે, તૈયાર પંચનામાઓમાં સહી કર્યા સીવાય પંચનામાની વિગતે કઇ જાણતો નથી. વધુમાં કબુલ કરેલ છે કે, કોઇ વ્યકિતએ જગ્યા બતાવેલ હોય અને તે જગ્યા પર તેઓ ગયેલ હોઉ અને ત્યાં કોઇ ચીજ વસ્તુ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. વધુમાં કબુલ છે કે, પોલીસે તેમનુ નામઠામ પુછેલ અને તેઓએ તૈયાર પંચનામામાં સહી કર્યા સીવાય પંચનામાની વિગતે કંઇ જાણતા નથી.

(૧૮.૨) આમ, ઉપરોકત પંચ સાહેદના પુરાવા પરથી આંક–૬૬ થી રજુ પંચનામાની હકીકતોને સમર્થન મળતુ નથી. જેથી સદર પંચનો પુરાવો ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતો નથી.

**(૧૯)** ત્યારબાદ ફરીયાદપક્ષે આરોપી મોહંમદ અનીસ હબીબભાઇ સોલંકીને અટક કર્યા અંગેના પંચનામાના તેમજ ઇકો ગાડી કબજે કર્યા અંગેના પંચનામાના તેમજ આરોપી અજીતસિંહ હેમુભા ચાવડા તેમજ પ્રધ્યુમનસીંહ નવલસીંહ ઝાલાની શરીર સ્થીતી તેમજ ગુનામાં વાપરેલ મોબાઇલ તથા સફેદ કલરની હોન્ડા એમજ ગાડી કબજે લીધા અંગેના પંચનામાના તેમજ ડીસ્કવરી પંચનામાના તેમજ વાહન ઇકો સ્પોર્ટ ગાડી કબજે કર્યા અંગેના પંચનામાના તેમજ ડીસ્કવરી પંચનામાના **પંચ સાહેદ નં.૮ કિશોરસિંહ રામસિંહ પવાર ને આંક–૭૬ થી** તપાસવામાં આવેલ છે. તેઓએ તેમના પુરાવામાં આંક–૭૭ થી રજુ આરોપી મોહંમદ અનીસ હબીબભાઇ સોલંકીને અટક કર્યા અંગેના પંચનામામાં તેમજ ઇકો ગાડી કબજે

કર્યા અંગેના પંચનામામાં તેમજ આંક–૭૮ થી રજુ આરોપી અજીતસિંહ હેમુભા ચાવડા તેમજ પ્રધ્યુમનસીંહ નવલસીંહ ઝાલાની શરીર સ્થીતી તેમજ ગુનામાં વાપરેલ મોબાઇલ તથા સફેદ કલરની હોન્ડા એમજ ગાડી કબજે લીધા અંગેના પંચનામામાં તેમજ આંક–૭૯ થી રજુ ડીસ્કવરી પંચનામામાં તેમજ આંક–૮૦ થી રજુ વાહન ઇકો સ્પોર્ટ ગાડી કબજે કર્યા અંગેના પંચનામામાં તેમજ આંક–૮૧ થી રજુ ડીસ્કવરી પંચનામામાં તેમની પંચ તરીકેની સહી સીવાયની તમામ હકીકતોનો ઇન્કાર કરેલ છે. વધુમાં સદર પંચ સાહેદને મુદ્દામાલ બતાવતાં તેઓએ ઓળખી બતાવેલ નથી. આમ, સદર પંચ પંચનામાની કોઇ જ હકીકતને સમર્થન કરતા ન હોય, એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી વિસ્તૃત ઉલટતપાસ કરેલ છે. પરંતુ ઉલટતપાસ થકી પંચનામાને સમર્થનકારી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૧૯.૧) ઉપરોકત પંચ સાહેદની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ છે તેમાં એ વાત કબુલ કરેલ છે કે, તૈયાર પંચનામાઓમાં સહી કર્યા સીવાય પંચનામાની વિગતે કઇ જાણતો નથી. વધુમાં કબુલ કરેલ છે કે, કોઇ વ્યકિતએ જગ્યા બતાવેલ હોય અને તે જગ્યા પર તેઓ ગયેલ હોઉ અને ત્યાં કોઇ ચીજ વસ્તુ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. વધુમાં કબુલ છે કે, પોલીસે તેમનુ નામઠામ પુછેલ અને તેઓએ તૈયાર પંચનામામાં સહી કર્યા સીવાય પંચનામાની વિગતે કંઇ જાણતા નથી.

(૧૯.૨) આમ, ઉપરોકત પંચ સાહેદના પુરાવા પરથી આંક–૭૭ થી આંક–૮૧ સુધીના રજુ પંચનામાની હકીકતોને સમર્થન મળતુ નથી. જેથી સદર પંચનો પુરાવો ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતો નથી.

**(૨૦)** ત્યારબાદ ફરીયાદપક્ષે **સાહેદ નં.૯ રાકેશસિંહ રમણસિંહ પરમારને આંક–૮૨ થી** તપાસવામાં આવેલ છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, છેલ્લા દસેક વર્ષથી ખેડબ્રહમા મુકામે જયંતીભાઈ સોમાભાઈ આંગડીયા નામની પેઢીમા નોકરી કરી તેમની ગુજરાન ચલાવે છે અને બનાવ પાંચ છ વર્ષ અગાઉ બનેલો અને મરણ

જનાર પ્રકાશભાઈ પણ ખેડબ્રહમા મુકામે બીજી એક આંગડીયા પેઢીમાં નોકરી કરતા હતા અને અવાર નવાર ધંધાર્થે એકબીજાને મળવાનુ થતુ હોય જેથી તેઓ તેમને ઓળખતો હતો. બનાવમા શું બનેલું તેની તેમને ખબર નથી પરંતુ તેમને સિવિલ હોસ્પિટલમા લઈ ગયેલાની જાણ વાતો વાતોથી થયેલી. ત્યારબાદ તેમને શેઠે તેમને હિમતનગર આવવાનુ કહેતા તેઓ હિમતનગર આવી ગયેલો. બનાવના દિવસે પ્રકાશભાઈ તેમને મળેલ હોય અને તેઓની સાથે કોઈ વાતચીત થયેલ હોય તેવુ બનેલ નથી કે તેઓએ પ્રકાશભાઈના મોબાઈલ પર ફોન કરેલ હોય તેવુ બનેલ નથી. બનાવની ફરીયાદ થતા પોલીસે પુછપરછ કરી તેમનો જવાબ લીધેલો હોવાનું જણાવેલ છે. આમ, સદર સાહેદ તેમના પોલીસ રૂબરૂના નિવેદનની કોઇ જ હકીકતને સમર્થન કરતા ન હોય, એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી વિસ્તૃત ઉલટતપાસ કરેલ છે. પરંતુ ઉલટતપાસ થકી તેમના નિવેદનને સમર્થનકારી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૨૦.૧) ઉપરોકત સાહેદની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ છે તેમાં કબુલ કરેલ છે કે, પોલીસે ફકત તેમનું નામ સરનામું પુછેલ આ સીવાય તેઓ બીજુ કાંઇ જાણતા નથી.

(૨૦.૨) આમ, ઉપરોકત સાહેદના પુરાવા પરથી પણ આ કામના આરોપીઓને તેઓની વિરુધ્ધના તહોમતનામા મુજબના ગુનામા સંડોવતી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી અને ઉપરોકત સાહેદનો પુરાવો પણ ફરીયાદ પક્ષના કેસને લેશમાત્ર મદદરુપ થતો નથી.

**(૨૧)** ત્યારબાદ ફરીયાદપક્ષે આરોપી પધ્યુમનસિંહે મોબાઇલ સીમકાર્ડ નાંખી દીધેલ તે જગ્યાના પંચનામાના **પંચ સાહેદ નં.૧૦ ધનશ્યામસિંહ બચુભા જાડેજાને આંક–૮૬ થી તેમજ બીજા પંચ સાહેદ નં.૧૧ જાલમસંગ લખુભા જાડેજાને આંક–૮૮ થી** તપાસવામાં આવેલ છે. તેઓએ તેમના પુરાવામાં આંક–૮૭ થી રજુ આરોપી પધ્યુમનસિંહે મોબાઇલ સીમકાર્ડ નાંખી દીધેલ તે જગ્યાના

પંચનામા પંચો તરીકે તેમની સહી સીવાયની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે. આમ, સદર પંચો પંચનામાની કોઇ જ હકીકતને સમર્થન કરતા ન હોય, એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી વિસ્તૃત ઉલટતપાસ કરેલ છે. પરંતુ ઉલટતપાસ થકી પંચનામાને સમર્થનકારી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૨૧.૧) ઉપરોકત પંચ સાહેદોની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ છે તેમાં એ વાત કબુલ કરેલ છે કે, તૈયાર પંચનામામાં સહી કર્યા સીવાય તેઓ બીજુ કાંઇ જાણતો નથી.

(૨૧.૨) આમ, ઉપરોકત પંચ સાહેદોના પુરાવા પરથી આંક–૮૭ ના પંચનામાની હકીકતોને સમર્થન મળતુ નથી. જેથી સદર પંચનો પુરાવો ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતો નથી.

**(૨૨)** ત્યારબાદ ફરીયાદપક્ષે આરોપી મોહંમદ અનીસ હબીબભાઇ સોલંકીને અટક કર્યા અંગેના પંચનામાના તેમજ ઇકો ગાડી કબજે કર્યા અંગેના પંચનામાના તેમજ આરોપી અજીતસિંહ હેમુભા ચાવડા તેમજ પ્રધ્યુમનસીંહ નવલસીંહ ઝાલાની શરીર સ્થીતી તેમજ ગુનામાં વાપરેલ મોબાઇલ તથા સફેદ કલરની હોન્ડા એમજ ગાડી કબજે લીધા અંગેના પંચનામાના તેમજ વાહન ઇકો સ્પોર્ટ ગાડી કબજે કર્યા અંગેના પંચનામાના તેમજ ડીસ્કવરી પંચનામાના **પંચ સાહેદ નં.૧૨ પંચ સલમાન ઈસ્માઈલભાઈ મનસુરી ને આંક–૮૯ થી** તપાસવામાં આવેલ છે. તેઓએ તેમના પુરાવામાં આંક–૭૭ થી રજુ આરોપી મોહંમદ અનીસ હબીબભાઇ સોલંકીને અટક કર્યા અંગેના પંચનામામાં તેમજ ઇકો ગાડી કબજે કર્યા અંગેના પંચનામામાં તેમજ આંક–૭૮ થી રજુ આરોપી અજીતસિંહ હેમુભા ચાવડા તેમજ પ્રધ્યુમનસીંહ નવલસીંહ ઝાલાની શરીર સ્થીતી તેમજ ગુનામાં વાપરેલ મોબાઇલ તથા સફેદ કલરની હોન્ડા એમજ ગાડી કબજે લીધા અંગેના પંચનામામાં તેમજ આંક–૮૦ થી રજુ વાહન ઇકો સ્પોર્ટ ગાડી કબજે કર્યા અંગેના પંચનામામાં તેમજ આંક–૮૧ થી રજુ ડીસ્કવરી પંચનામામાં તેમની પંચ તરીકેની સહી

સીવાયની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે. વધુમાં સદર પંચ સાહેદને મુદ્દામાલ બતાવતાં તેઓએ ઓળખી બતાવેલ નથી. આમ, સદર પંચ પંચનામાની કોઈ જ હકીકતને સમર્થન કરતા ન હોય, એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી વિસ્તૃત ઉલટતપાસ કરેલ છે. પરંતુ ઉલટતપાસ થકી પંચનામાને સમર્થનકારી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૨૨.૧) ઉપરોકત પંચ સાહેદની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ છે તેમાં એ વાત કબુલ કરેલ છે કે, તૈયાર પંચનામાઓમાં સહી કર્યા સીવાય પંચનામાની વિગતે કઈ જાણતો નથી. વધુમાં કબુલ કરેલ છે કે, કોઈ વ્યકિતએ જગ્યા બતાવેલ હોય અને તે જગ્યા પર તેઓ ગયેલ હોઉ અને ત્યાં કોઈ ચીજ વસ્તુ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. વધુમાં કબુલ છે કે, પોલીસે તેમનુ નામઠામ પુછેલ અને તેઓએ તૈયાર પંચનામામાં સહી કર્યા સીવાય પંચનામાની વિગતે કંઈ જાણતા નથી.

(૨૨.૨) આમ, ઉપરોકત પંચ સાહેદના પુરાવા પરથી આંક–૭૭, આંક–૭૮ તથા આંક–૮૦ તથા આંક–૮૧ થી રજુ પંચનામાની હકીકતોને સમર્થન મળતુ નથી. જેથી સદર પંચનો પુરાવો ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતો નથી.

**(૨૩)** ત્યારબાદ ફરીયાદપક્ષે મરણ જનારની લાશ ઉપરથી કપડાં તથા એફ.એફ.એલ. માટે નમુના કબજે કર્યા અંગેના પંચનામાના **પંચ સાહેદ નં.૧૩ ધનરાજસિંહ મદનસિંહ કુંપાવતને આંક–૯૦ થી તેમજ બીજા પંચ સાહેદ નં.૧૪ પુષ્કર ઉમેશભાઈ મહેતાને આંક–૯૨ થી** તપાસવામાં આવેલ છે. તેઓએ તેમના પુરાવામાં આંક–૯૧ થી રજુ મરણ જનારની લાશ ઉપરથી કપડાં તથા એફ.એફ.એલ. માટે નમુના કબજે કર્યા અંગેના પંચનામામાં પંચો તરીકે તેમની સહી સીવાયની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે. આમ, સદર પંચો પંચનામાની કોઈ જ હકીકતને સમર્થન કરતા ન હોય, એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી વિસ્તૃત ઉલટતપાસ કરેલ છે. પરંતુ ઉલટતપાસ થકી પંચનામાને

સમર્થનકારી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૨૩.૧) ઉપરોકત પંચ સાહેદોની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ છે તેમાં એ વાત કબુલ કરેલ છે કે, તૈયાર પંચનામામાં સહી કર્યા સીવાય તેઓ બીજુ કાંઈ જાણતો નથી.

(૨૩.૨) આમ, ઉપરોકત પંચ સાહેદોના પુરાવા પરથી આંક–૯૧ ના પંચનામાની હકીકતોને સમર્થન મળતુ નથી. જેથી સદર પંચનો પુરાવો ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતો નથી.

**(૨૪)** ત્યારબાદ ફરીયાદપક્ષે આરોપી મહીપતસિંહ ઉર્ફે રામવાળો કંઈક બતાવવા માંગતો હોઈ જે અંગેના પંચનામાના **પંચ સાહેદ નં.૧૫ ગોપાલભાઈ ગોવિંદભાઈ સોલંકી ને આંક–૯૩ થી તેમજ બીજા પંચ સાહેદ નં.૧૬ રાકેશસિંહ ભીખુસિંહ પરમારને આંક–૯૫ થી** તપાસવામાં આવેલ છે. તેઓએ તેમના પુરાવામાં આંક–૯૪ થી રજુ આરોપી મહીપતસિંહ ઉર્ફે રામવાળો કંઈક બતાવવા માંગતો હોઈ જે અંગેના પંચનામામાં પંચો તરીકે તેમની સહી સીવાયની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે. આમ, સદર પંચો પંચનામાની કોઈ જ હકીકતને સમર્થન કરતા ન હોય, એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી વિસ્તૃત ઉલટતપાસ કરેલ છે. પરંતુ ઉલટતપાસ થકી પંચનામાને સમર્થનકારી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૨૪.૧) ઉપરોકત પંચ સાહેદોની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ છે તેમાં એ વાત કબુલ કરેલ છે કે, તૈયાર પંચનામામાં સહી કર્યા સીવાય તેઓ પંચનામાની વિગતે બીજુ કાંઈ જાણતો નથી.

(૨૪.૨) આમ, ઉપરોકત પંચ સાહેદોના પુરાવા પરથી આંક–૯૪ ના પંચનામાની હકીકતોને સમર્થન મળતુ નથી. જેથી સદર પંચનો પુરાવો ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતો નથી.

**(૨૫)** ત્યારબાદ ફરીયાદપક્ષે ગુના કામે સ્વીફટ ડીઝાયર ગાડી કબજે લીધા અંગેના પંચનામાના **પંચ સાહેદ નં.૧૭ ઝુલ્ફીકારઅલી મહમદ ઉમરપુનાસીયા ને આંક–૯૭ થી તેમજ બીજા પંચ સાહેદ નં.૧૮ જાવેદસિંહ મહમદ જમાલ પુનાસીયાને આંક–૯૯ થી**

તપાસવામાં આવેલ છે. તેઓએ તેમના પુરાવામાં આંક-૯૮ થી રજુ ગુના કામે સ્વીફટ ડીઝાયર ગાડી કબજે લીધા અંગેના પંચનામામાં પંચો તરીકે તેમની સહી સીવાયની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે. આમ, સદર પંચો પંચનામાની કોઈ જ હકીકતને સમર્થન કરતા ન હોય, એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી વિસ્તૃત ઉલટતપાસ કરેલ છે. પરંતુ ઉલટતપાસ થકી પંચનામાને સમર્થનકારી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૨૫.૧) ઉપરોકત પંચ સાહેદોની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ છે તેમાં એ વાત કબુલ કરેલ છે કે, તૈયાર પંચનામામાં સહી કર્યા સીવાય તેઓ પંચનામાની વિગતે બીજુ કાંઈ જાણતો નથી.

(૨૫.૨) આમ, ઉપરોકત પંચ સાહેદોના પુરાવા પરથી આંક-૯૮ ના પંચનામાની હકીકતોને સમર્થન મળતુ નથી. જેથી સદર પંચનો પુરાવો ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતો નથી.

**(૨૬)** ત્યારબાદ ફરીયાદપક્ષે ગુના કામે આરોપીઓની એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સમક્ષ ઓળખ પરેડ અંગેના પંચનામાના **પંચ સાહેદ નં.૧૯ રોહિતભાઈ લાશુભાઈ ડાભી ને આંક-૧૦૦ થી** તપાસવામાં આવેલ છે. તેઓએ તેમના પુરાવામાં આંક-૧૦૧ થી રજુ ગુના કામે આરોપીઓની એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સમક્ષ ઓળખ પરેડ અંગેના પંચનામામાં પંચ તરીકે તેમની સહી સીવાયની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે. આમ, સદર પંચ પંચનામાની કોઈ જ હકીકતને સમર્થન કરતા ન હોય, એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી વિસ્તૃત ઉલટતપાસ કરેલ છે. પરંતુ ઉલટતપાસ થકી પંચનામાને સમર્થનકારી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૨૬.૧) ઉપરોકત પંચ સાહેદની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ છે તેમાં એ વાત કબુલ કરેલ છે કે, તૈયાર પંચનામામાં સહી કર્યા સીવાય તેઓ પંચનામાની વિગતે બીજુ કાંઈ જાણતો નથી.

(૨૬.૨) આમ, ઉપરોકત પંચ સાહેદના પુરાવા પરથી આંક-૧૦૧ ના પંચનામાની હકીકતોને સમર્થન મળતુ નથી. જેથી સદર પંચનો

પુરાવો ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતો નથી.

(૨૭) ત્યારબાદ ફરીયાદપક્ષે ગુના કામે આરોપીઓની એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સમક્ષ ઓળખ પરેડ અંગેના પંચનામાના **પંચ સાહેદ નં.૧૯ રોહિતભાઇ લાશુભાઇ ડાભી ને આંક–૧૦૦ થી તેમજ બીજા પંચ સાહેદ નં.૨૪ વિજયભાઇ સાયબાભાઇ ગમારને આંક–૧૧૨ થી** તપાસવામાં આવેલ છે. તેઓએ તેમના પુરાવામાં આંક–૧૦૧ થી રજુ ગુના કામે આરોપીઓની એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સમક્ષ ઓળખ પરેડ અંગેના પંચનામામાં પંચો તરીકે તેમની સહી સીવાયની તમામ હકીકતોનો ઇન્કાર કરેલ છે. આમ, સદર પંચો પંચનામાની કોઇ જ હકીકતને સમર્થન કરતા ન હોય, એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી વિસ્તૃત ઉલટતપાસ કરેલ છે. પરંતુ ઉલટતપાસ થકી પંચનામાને સમર્થનકારી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૨૭.૧) ઉપરોકત પંચ સાહેદોની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ છે તેમાં એ વાત કબુલ કરેલ છે કે, તૈયાર પંચનામામાં સહી કર્યા સીવાય તેઓ પંચનામાની વિગતે બીજુ કાંઇ જાણતો નથી.

(૨૭.૨) આમ, ઉપરોકત પંચ સાહેદોના પુરાવા પરથી આંક–૧૦૧ ના પંચનામાની હકીકતોને સમર્થન મળતુ નથી. જેથી સદર પંચનો પુરાવો ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતો નથી.

(૨૮) ત્યારબાદ ફરીયાદપક્ષે ગુના કામે આરોપીઓની એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સમક્ષ ઓળખ પરેડ અંગેના પંચનામાના **પંચ સાહેદ નં.૨૦ જુજારસિંહ ઇન્દ્રસિંહ મામેરા ને આંક–૧૦૨ થી તેમજ બીજા પંચ સાહેદ નં.૨૧ જીગરકુમાર મીહાજી વણઝારા ને આંક–૧૦૪ થી** તપાસવામાં આવેલ છે. તેઓએ તેમના પુરાવામાં આંક–૧૦૩ થી રજુ ગુના કામે આરોપીઓની એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સમક્ષ ઓળખ પરેડ અંગેના પંચનામામાં પંચો તરીકે તેમની સહી સીવાયની તમામ હકીકતોનો ઇન્કાર કરેલ છે. આમ, સદર પંચો પંચનામાની કોઇ જ હકીકતને સમર્થન કરતા ન હોય, એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી વિસ્તૃત ઉલટતપાસ

કરેલ છે. પરંતુ ઉલટતપાસ થકી પંચનામાને સમર્થનકારી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૨૮.૧) ઉપરોકત પંચ સાહેદોની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ છે તેમાં એ વાત કબુલ કરેલ છે કે, તૈયાર પંચનામામાં સહી કર્યા સીવાય તેઓ પંચનામાની વિગતે બીજુ કાંઈ જાણતો નથી. તેમજ તેઓની હાજરીમાં કોઈ આરોપીની ઓળખ પરેડ કરવામાં આવેલ હોય તેવુ બનેલ નથી.

(૨૮.૨) આમ, ઉપરોકત પંચ સાહેદોના પુરાવા પરથી આંક–૧૦૩ ના પંચનામાની હકીકતોને સમર્થન મળતુ નથી. જેથી સદર પંચનો પુરાવો ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતો નથી.

**(૨૯)** ત્યારબાદ ફરીયાદપક્ષે આરોપી મહાવીરસિંહ રણવીરસિંહ જોધ્ધા કંઈક બતાવવા માંગતા જે અંગેના પંચનામાના **પંચ સાહેદ નં.૨૨ મહંમદનુર અહેમદજીભાઈ વકતાપુરીયાને આંક–૧૦૫ થી તેમજ બીજા પંચ સાહેદ નં.૩૩ અહેમદહુસેન ગ્યાસુદીન સૈયદને આંક–૧૩૨ થી** તપાસવામાં આવેલ છે. તેઓએ તેમના પુરાવામાં આંક–૧૦૬ થી રજુ આરોપી મહાવીરસિંહ રણવીરસિંહ જોધ્ધા કંઈક બતાવવા માંગતા જે અંગેના પંચનામામાં પંચો તરીકે તેમની સહી સીવાયની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે. આમ, સદર પંચો પંચનામાની કોઈ જ હકીકતને સમર્થન કરતા ન હોય, એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી વિસ્તૃત ઉલટતપાસ કરેલ છે. પરંતુ ઉલટતપાસ થકી પંચનામાને સમર્થનકારી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૨૯.૧) ઉપરોકત પંચ સાહેદોની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ છે તેમાં એ વાત કબુલ કરેલ છે કે, તૈયાર પંચનામામાં સહી કર્યા સીવાય તેઓ પંચનામાની વિગતે બીજુ કાંઈ જાણતો નથી. તેમજ તેઓ પોલીસ અને આરોપી સાથે કયાંય ગયેલ નથી તેઓની હાજરીમાં કોઈ આરોપીની ઓળખ પરેડ કરવામાં આવેલ હોય તેવુ બનેલ નથી.

(૨૯.૨) આમ, ઉપરોકત પંચ સાહેદોના પુરાવા પરથી આંક–૧૦૬ ના

પંચનામાની હકીકતોને સમર્થન મળતુ નથી. જેથી સદર પંચનો પુરાવો ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતો નથી.

**(૩૦)** ત્યારબાદ ફરીયાદપક્ષે આરોપી હનીફ ઉર્ફે સબીરભાઇ કંઇક બતાવતા માંગતો હોઈ જે અંગેના પંચનામાના **પંચ સાહેદ નં.૨૩ તખતસિંહ સોકળસિંહ પરમારને આંક–૧૧૦ થી તેમજ બીજા પંચ સાહેદ નં.૨૭ ઉમેશભાઈ પ્રભાતભાઈ ચૌહાણને આંક–૧૧૮ થી** તપાસવામાં આવેલ છે. તેઓએ તેમના પુરાવામાં આંક–૧૧૧ થી રજુ આરોપી હનીફ ઉર્ફે સબીરભાઇ કંઇક બતાવવા માંગતા જે અંગેના પંચનામામાં પંચો તરીકે તેમની સહી સીવાયની તમામ હકીકતોનો ઇન્કાર કરેલ છે. આમ, સદર પંચો પંચનામાની કોઇ જ હકીકતને સમર્થન કરતા ન હોય, એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી વિસ્તૃત ઉલટતપાસ કરેલ છે. પરંતુ ઉલટતપાસ થકી પંચનામાને સમર્થનકારી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૩૦.૧) ઉપરોકત પંચ સાહેદોની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ છે તેમાં એ વાત કબુલ કરેલ છે કે, તૈયાર પંચનામામાં સહી કર્યા સીવાય તેઓ પંચનામાની વિગતે બીજુ કાંઇ જાણતો નથી. વધુમાં પંચ ઉમેશભાઇ તેમની ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, તેમજ બનાવ વિશે તેઓ કંઇ જાણતો નથી અને બનાવ તેઓએ નજરો નજર જોયેલ નથી અને પોલીસ ફકત તેમનું નામ સરનામુ પુછેલું.

(૩૦.૨) આમ, ઉપરોકત પંચ સાહેદોના પુરાવા પરથી આંક–૧૧૧ ના પંચનામાની હકીકતોને સમર્થન મળતુ નથી. જેથી સદર પંચનો પુરાવો ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતો નથી.

**(૩૧)** ત્યારબાદ ફરીયાદપક્ષે **સાહેદ નં.૨૬ જીતેન્દ્રભાઇ લક્ષ્મણભાઇ વણઝારાને આંક–૧૧૭ થી** તપાસવામાં આવેલ છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ આજથી પાંચ વર્ષ પહેલા બનેલો બનાવ સમયે તેઓ તેમની ચાની હોટલ ઉપર ચા બનાવતો હતો. તે વખતે બુમાબુમનો અવાજ આવતા તેઓ પણ ત્યાં ગયેલો અને ત્યાં જઈને જોયેલ તો ત્યાં ઘણા બધા માણસોનું ટોળું ભેગુ થયેલું હતું

અને ત્યાં જઈને જોયેલ તો એક ભાઈ નીચે પડેલો હતો અને થોડીવાર પછી ત્યાં બધા માણસો જતા રહેતા તેઓ પણ ત્યાંથી તેમની ચાની હોટલ ઉપર જતો રહેલો. આ સિવાય બનાવ બાબતે બીજી કોઈ હકીકત જાણતો નથી. બનાવ સ્થળે તેઓ ગયેલો હોય ત્યારે સ્વીફ્ટ જેવી ગાડી જોયેલ હોય અને ત્યાં બે ચાર માણસો બેગની ખેચતાણ કરતા હોય અને તેમને જોઈને આ માણસો સ્વીફ્ટ જેવી ગાડીમાં બેસીને નાસી ગયેલ હોય તેવું તેઓએ જોયેલ નથી. બનાવ સ્થળે કોઈ ચપ્પુ કે બંદુકની ગોળી મારેલાના ખોખા પડેલ હોય તેવુ પણ જોયેલ નથી. બનાવ ફરીયાદ થતાં પોલીસે તેમનો જવાબ લીધલો હોવાનું જણાવેલ છે. વધુમાં સદર સાહેદને મુદ્દામાલ છરો તથા કાળા કલરનો થેલો બતાવતા તેઓએ બનાવ સ્થળે જાયેલ નહી હોવાનું જણાવેલ છે. આમ, સદર સાહેદ તેમના પોલીસ રૂબરૂના નિવેદનની કોઈ જ હકીકતને સમર્થન કરતા ન હોય, એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી વિસ્તૃત ઉલટતપાસ કરેલ છે. પરંતુ ઉલટતપાસ થકી તેમના નિવેદનને સમર્થનકારી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૩૧.૧) ઉપરોકત સાહેદની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ છે તેમાં કબુલ કરેલ છે કે, બનાવ વિશે તેઓ કંઈ જાણતો નથી તેમજ બનાવ તેઓએ નજરોનજર જોયેલ નથી, પોલીસે ફકત તેમનું નામ સરનામું પુછેલું.

(૩૧.૨) આમ, ઉપરોકત સાહેદના પુરાવા પરથી પણ આ કામના આરોપીઓને તેઓની વિરુધ્ધના તહોમતનામા મુજબના ગુનામા સંડોવતી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી અને ઉપરોકત સાહેદનો પુરાવો પણ ફરીયાદ પક્ષના કેસને લેશમાત્ર મદદરુપ થતો નથી.

**(૩૨)** ત્યારબાદ ફરીયાદપક્ષે **સાહેદ નં.૨૮ દિનેશભાઈ નારણભાઈ ગમારને આંક–૧૧૯ થી** તપાસવામાં આવેલ છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ આજથી આશરે પાંચેક વર્ષ અગાઉ બનેલો. બનાવના દિવસે તેઓ ખેડબ્રહમાં મુકામે સરદાર

ચોક જતાં રોડ ઉપર જનતાબેંક ની નજીક રીક્ષા લઈને પસાર થતો હતો તે વખતે ત્યાં માણસોનું ટોળુ થયેલ હતુ અને એક ઈસમને હાથમાં તથા પેટમાં ઈજા થયેલ હતી જેથી લોકોએ તેમને ઉભો રાખેલ અને તે વ્યકિતને તેમની રીક્ષામાં ખેડબ્રહમા સીવીલ હોસ્પિટલ સુધી મુકી આવેલ અને ત્યારબાદ તેઓ ત્યાંથી રીક્ષા લઈને જતો રહેલો. કોણે કયાં વાહનમાં આવી કયાં હથિયારો વડે કેવી રીતે ઈજાઓ કરેલી તે કોઈ હકીકત તેઓ જાણતો નથી કે ત્યાં કોઈ હથિયાર કે બેગ પડેલી તેઓએ જોયેલ નહી. બનાવ બાબતે આ સિવાય બીજું કાંઈ જાણતો નથી કે જણાવેલ નથી. બનાવ બાબતે પોલીસે પુછપરછ કરી તેમનો જવાબ લીધેલ હોવાનું જણાવેલ છે. વધુમાં તેમને મુદ્દામાલ છરો તથા કાળો થેલો બતાવતા જે જોઈને જણાવેલ છે કે, આ છરો તેઓએ પોલીસ સ્ટેશનમાં જોયેલો બનાવ સ્થળે જોયેલ નથી તેમજ કાળો થેલો તેઓએ સીવીલ હોસ્પિટલમાં જોયેલો હોવાનું જણાવેલ છે. આમ, સદર સાહેદ તેમના પોલીસ રૂબરૂના નિવેદનની કોઇ જ હકીકતને સમર્થન કરતા ન હોય, એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી વિસ્તૃત ઉલટતપાસ કરેલ છે. પરંતુ ઉલટતપાસ થકી તેમના નિવેદનને સમર્થનકારી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૩૨.૧) સદર સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં સાહેદ કબુલ કરેલ છે કે, બુમાબુમ થતાં તેઓ ત્યાં ગયેલો અને આ બનાવ વિશે તેઓ કંઈ જાણતો નથી તેમજ બનાવ તેઓએ નજરો નજર જોયેલ નથી, પોલીસે ફકત તેમનું નામ સરનામુ પુછેલુ.

(૩૨.૨) ઉપરોકત સાહેદના પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, સદર સાહેદ આ કામે મરણ જનાર સાહેદને બનાવમાં ઈજા થયેલ હોય તેને તેમની રીક્ષામાં બેસાડી ખેડબ્રહમા સીવીલ હોસ્પીટલમાં સારવાર અર્થે લઇ ગયેલ હોવાનું જણાય છે. પરંતુ, સાહેદનો પુરાવો ધ્યાને લેતાં તેઓને બનાવની જાત માહિતી નથી અને બનાવ તેઓએ નજરો નજર જોયેલ નથી. જેથી આ સાહેદના પુરાવા પરથી

પણ આ કામના આરોપીઓને તેઓની વિરુઘ્ધના તહોમતનામા મુજબના ગુનામા સંડોવતી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી અને ઉપરોકત સાહેદનો પુરાવો પણ ફરીયાદ પક્ષના કેસને લેશમાત્ર મદદરુપ થતો નથી.

(૩૩) ત્યારબાદ ફરીયાદપક્ષે **સાહેદ નં.૨૯ સચીન જશવંતભાઇ બારીયાને આંક–૧૨૦ થી** તપાસવામાં આવેલ છે. સદર સાહેદે તેમના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ આજથી આશરે પાંચેક વર્ષ અગાઉ બનેલો. બનાવના દિવસે તેઓ ખેડબ્રહમા મુકામે જનતાબેંક પાસે તેઓ તેમનો આયુર્વેદિક દવાઓનો સ્ટોલ લગાવેલ હતો અને બપોરના સમયે બુમાબુમ થયેલી અને તેમના સ્ટોરની થોડે દુર ટોળુ ભેગુ થઈ ગયેલુ અને તેમના સ્ટોલ ઉપર કોઈ હાજર ન હોઈ તેઓ તરત જ ત્યાંથી પાછો આવી ગયેલો અને ત્યારબાદ તેઓએ તેમનો સ્ટોલ બંધ કરી દીધેલો અને સામાન પેક કરી પરત આવવા સારૂ વાહનની રાહ જોઈને ઉભો હતો તે દરમિયાન જાણવા મળેલ કે, ત્યાં એક ભાઈ મરણ ગયેલ છે. બનાવની ફરીયાદ થતાં પોલીસે પુછપરછ કરી તેમનો જવાબ લીધેલો હોવાનું જણાવેલ છે. આમ, સદર સાહેદ તેમના પોલીસ રૂબરૂના નિવેદનની કોઇ જ હકીકતને સમર્થન કરતા ન હોય, એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી વિસ્તૃત ઉલટતપાસ કરેલ છે. પરંતુ ઉલટતપાસ થકી તેમના નિવેદનને સમર્થનકારી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૩૩.૧) ઉપરોકત સાહેદની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ છે તેમાં કબુલ કરેલ છે કે, બનાવ વિશે તેઓ કંઇ જાણતો નથી તેમજ બનાવ તેઓએ નજરોનજર જોયેલ નથી,

(૩૩.૨) આમ, ઉપરોકત સાહેદના પુરાવા પરથી પણ આ કામના આરોપીઓને તેઓની વિરુઘ્ધના તહોમતનામા મુજબના ગુનામા સંડોવતી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી અને ઉપરોકત સાહેદનો પુરાવો પણ ફરીયાદ પક્ષના કેસને લેશમાત્ર મદદરુપ થતો નથી.

(૩૪) ત્યારબાદ ફરીયાદપક્ષે **સાહેદ નં.૩૦ રીષભ દિલીપકુમાર જૈન ને આંક–૧૨ થી** તપાસવામાં આવેલ છે. સદર સાહેદે તેમના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ આજથી આશરે પાંચેક વર્ષ અગાઉ બનેલો. મરણજનાર પ્રકાશભાઈ આંગડીયા પેઢીમાં નોકરી કરતા હોય અને અવારનવાર તેમની દુકાને પેમેન્ટ માટે આવતા હતા જેથી તેઓ તેઓને ઓળખતો હતો. પ્રકાશભાઈ મરણ ગયેલાની હકીકત વાતોવાતથી જાણેલી, બનાવના દિવસે પ્રકાશભાઈને એકસઠ હજાર રૂપિયા સી. જી. રોડ, અમદાવાદ ખાતે મોકલવા સારૂ આપેલા જે તેઓએ હવાલાનો મેસેજ મળી ગયેલાનું તેઓને જણાવેલુ. પરંતુ થોડીવાર પછી હિંમતનગર આંગડીયા પેઢીમાંથી હવાલો કેન્સલ થયેલાનું તેઓને જણાવેલું અને આ પેમેન્ટ સામેવાળી પાર્ટીને મળેલ ન હતુ. પ્રકાશભાઈને કોઈએ જનતાબેંક નજીક લુંટ કરી, ફાયરીંગ કરી ઈજાઓ પહોંચાડી મારી નાખેલ હોય તેવી કોઈ હકીકત તેઓ જાણતો નથી. બનાવની ફરીયાદ થતાં પોલીસે તેમનો જવાબ લીધેલો.આમ, સદર સાહેદ તેમના પોલીસ રૂબરૂના નિવેદનની કોઇ જ હકીકતને સમર્થન કરતા ન હોય, એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી વિસ્તૃત ઉલટતપાસ કરેલ છે. પરંતુ ઉલટતપાસ થકી તેમના નિવેદનને સમર્થનકારી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૩૪.૧) ઉપરોકત સાહેદની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ છે તેમાં કબુલ કરેલ છે કે, બનાવ વિશે તેઓ કંઇ જાણતો નથી તેમજ બનાવ તેઓએ નજરોનજર જોયેલ નથી.

(૩૪.૨) આમ, ઉપરોકત સાહેદના પુરાવાનું મૂલ્યાંકન કરતાં મરણ જનાર પ્રકાશભાઇ આંગઢીયા પેઢીમાં નોકરી કરતાં હોવાનું અને સદર સાહેદની દુકાને અવાર નવાર પેમેન્ટ માટે આવતાં હોવાનું અને પ્રકાશભાઇ મરણ ગયેલાની હકીકત પણ જણાવેલ છે તે સીવાય આરોપીઓને ગુનામાં સાંકળતી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી.

(૩૫) ત્યારબાદ ફરીયાદપક્ષે **સાહેદ નં.૩૧ વિશાલકુમાર વાલજીભાઇ**

**ભાનુશાલીને આંક–૧૨૪ થી** તપાસવામાં આવેલ છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ આજથી આશરે પાંચેક વર્ષ અગાઉ બનેલો અને બનાવના દિવસે તેમના મિત્ર રાજેશભાઈ કે જેઓ અમદાવાદ રહે છે તેઓને તેમને પેમેન્ટ મોકલવાનું હોઈ તેઓએ તે પેમેન્ટ ખેડબ્રહમા આંગડીયા પેઢીમાં આપેલુ અને ત્યારબાદ તેઓ ત્યાંથી તેમની દુકાને આવેલો અને ત્યારબાદ થોડાક સમય પછી જાણવા મળેલ કે, આ આંગડીયા પેઢીમાં કામ કરતા પ્રકાશભાઈ ઉપર ફાયરીંગ થયેલ છે અને તેઓ મરણ ગયેલા છે. ત્યારબાદ આંગણીયા પેઢીવાળાને તેઓએ પેમેન્ટ બાબતે પુછતાં તેમને જણાવેલ કે, તમારૂ પેમેન્ટ અમને મળેલ ન હોય જેથી હું તમને પરત આપી શકુ નહી. પ્રકાશભાઇને કોઇએ જનતા બેંક નજીક લુંટ કરી, ફાયરીંગ કરી ઈજાઓ પહોંચાડી મારી નાખેલ હોય તેવી કોઇ હકીકત તેઓ જાણતો નથી. બનાવની ફરીયાદ થતાં પોલીસે તેમનો જવાબ લીધેલો હોવાનું જણાવેલ છે.આમ, સદર સાહેદ તેમના પોલીસ રૂબરૂના નિવેદનની કોઇ જ હકીકતને સમર્થન કરતા ન હોય, એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી વિસ્તૃત ઉલટતપાસ કરેલ છે. પરંતુ ઉલટતપાસ થકી તેમના નિવેદનને સમર્થનકારી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૩૫.૧) ઉપરોકત સાહેદની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ છે તેમાં કબુલ કરેલ છે કે, બનાવ વિશે તેઓ કંઇ જાણતો નથી તેમજ બનાવ તેઓએ નજરોનજર જોયેલ નથી.

(૩૫.૨) આમ, ઉપરોકત સાહેદના પુરાવાનું મૂલ્યાંકન કરતાં સદર સાહેદ તેમના પુરાવામાં થોડાક સમય પછી જાણવા મળેલ કે, આ આંગડીયા પેઢીમાં કામ કરતા પ્રકાશભાઈ ઉપર ફાયરીંગ થયેલ છે અને તેઓ મરણ ગયેલાની હકીકત જણાવે છે. તે સિવાય આ કામના આરોપીઓને ગુનામા સંડોવતી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી અને ઉપરોકત સાહેદનો પુરાવો પણ ફરીયાદ પક્ષના કેસને લેશમાત્ર મદદરુપ થતો નથી.

(૩૬) ફરીયાદપક્ષે **સાહેદ નં.૩૨ વિશાલ પ્રવિણચંદ્ર સુતરીયાને આંક-૧૨૫ થી** તપાસવામાં આવેલ છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ સને-જુન-૨૦૧૮ થી જુન-૨૦૨૦ ના સમયગાળા દરમિયાન સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા,ખેડબ્રહમા ખાતે બ્રાન્ચ મેનેજર તરીકે ફરજ બજાવતો હતો તે દરમિયાન ખેડબ્રહમા પો. સ્ટેશનથી પોલીસ તેમની બ્રાન્ચમાં આવેલી અને ખેડબ્રહમા પો. સ્ટે. ગુ. ર. નંબર-૪૧/૨૦૨૦ ના કામે તેમની બાન્ચમાં લગાવવામાં આવેલા સી.સી.ટી.વી.(કેમેરા) ફુટેજ તેઓને તપાસના કામે જરૂરીયાત હોઈ તેઓ પાસે તા.૨૦/૨૧ જાન્યુઆરી-૨૦૨૦ ના કલાક ૧૧:૦૦ થી ૧૫:૦૦ ના સમયગાળા દરમિયાનના સી.સી.ટી.વી. (કેમેરા) ફુટેજની સી.ડી. બનાવી આપવા બાબતે યાદી કરતા જે યાદી તેઓએ રીસીવ કરેલ. જે યાદી આંક-૧૨૬ થી રજુ થયેલ છે. જે યાદી આધારે તેઓએ તેમની બેંકમાં લગાડેલ સી.સી.ટી.વી. (કેમેરા)ની ગતિવિધિ રોજબરોજ તેમના સર્વરમાં ડેટાબેઝ તરીકે સ્ટોર કરવામાં આવે છે જે પૈકી કેમેરા નંબર-૫ ના તા. ૨૧/૦૧ /૨૦૨૦ ના કલાક ૧૪:૦૦ થી કલાક ૧૪:૫૯ સુધી તેમજ કેમેરા નંબર-૧૭ ના તા. ૨૧/૦૧/૨૦૨૦ ના કલાક ૧૪:૦૦ થી કલાક ૧૪:૫૯ સુધીના સી.સી.ટી.વી.(કેમેરા) વીડીયો ફુટેજની સાંકળતો ઈલેકટ્રોનિક ડીવાઈઝમાના રેકર્ડ રૂપાંતરિત ડેટાની સેન્ડડીસ્ક કંપનીની પેનડ્રાઈવમાં લઈ કમ્પ્યુટર મારફતે ફોન્ટેક કંપનીની ડી.વી.ડી. કેસેટ બનાવી આપેલ. આ સમગ્ર પ્રક્રિયા તેમના નિયંત્રણ હેઠળ નિભાવવામાં આવતા કોમ્પ્યુટર ડેટાબેઝ તરીકે સ્ટોર થયેલી હતી અને તેની ઉપર સંપુર્ણ તેમના નિયંત્રણ હતુ અને તે કમ્પ્યુટર છે નિયંત્રણમાં હતુ અને જે તારીખ અને સમયના ડેટા માંગવામાં આવેલ તે તારીખ અને સમયે તેમનુ કમ્પ્યુટર વ્યવસ્થિત રીતે અને કોઈપણ ખામી વગર કાર્યરત હતુ અને તેમાં સ્ટોર થયેલી માહિતી ચોકકસ હતી અને રોજબરોજની પ્રક્રિયામાં નિભાવવામાં આવતી કાર્યરીતી તરીકે સ્ટોર કરવામાં આવતી હતી અને તેમાંથી તે મુજબનો ડેટા ઉપરોકત

સી.ડી.માં તેમના નિયંત્રણ હેઠળ રેકર્ડ કરવામાં આવેલ અને તે અંગેની ચકાસણી કર્યા બાદ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫(ખ) (૪) (સી) મુજબનું સર્ટી. તેઓએ આપેલ. જે ઓળખી બતાવી આંક–૧૨૭ થી રજુ થયેલ છે. તેમને મુદામાલ પાવતી નં. ૨૦/૨૦ માં દર્શાવેલ આર્ટી નં. ૩ ની ડી.વી.ડી કેસેટ કુલ–૩ તથા પેનડ્રાઈવમાંથી બનાવેલ એસ.બી. આઈ. લખેલ ડી.વી.ડી રન કરી જોતા અને જે સાહેદને બતાવતાં જે જોઈને સાહેદ જણાવે છે કે, જે તેઓએ તેમના કમ્પ્યુટરમાંથી સ્ટોર થયેલ ડેટામાંથી તા. ૨૧/૦૧/૨૦૨૦ ના કલાક ૧૪:૦૦ થી કલાક ૧૪:૫૯ ના સમયગાળા દરમિયાનનું છે તે જે છે. તેમજ ડી.વી.ડી.ની કોપી પેનડ્રાઈવ મુજબની જ કોપી છે જે ઓળખી બતાવી જે ડી.વી.ડી તથા પેનડ્રાઈવને સંયુકત આંક–૧૨૮ થી રજુ થયેલ છે.

(૩૬.૧) સદર બેન્ક સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં એ હકીકત કબુલ કરેલ છે કે, સી.સી.ટી.વી.સંસ્થાની સલામતી માટે લગાવવામાં આવે છે. વધુમાં કબુલ કરેલ છે કે, આંક–૧૨૭ વાળા સર્ટીફીકેટમાં બેંકમાં લગાવેલ કેમેરા પૈકી કેટલા કેમેરા કાર્યરત હતાં તે જણાવેલ નથી. વધુમાં કબુલ કરેલ છે કે, તેમના સર્ટીફીકેટમાં રેર્કોડીંગવાળો કેમેરો બહાર લગાવેલો છે કેમ તે દર્શાવેલ નથી. વધુમાં કબુલ કરેલ છે કે, તેમની ચેમ્બરમાં પણ એક કેમરો લગાવેલ છે, આ કેમેરામાંથી તેઓએ ડી.વી.ડી. બનાવતા હોય તેવુ દશ્ય દર્શાવતી ફુટેજ રજુ કરેલ નથી. વધુમાં સાહેદે તેમની ઉલટતપાસમાં એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, સી.સી.ટી.વી. કેમેરા ઓપરેટ કરવાનો કોઇ સ્પેશ્યલ કોર્સ કરેલ નથી. સાહેદ જણાવે છે કે, તેઓ કોમ્પ્યુટર એન્જીનીયર છે.

(૩૬.૨) સદર સાહેદના પુરાવાનું મૂલ્યાંકન કરતાં સદર સાહેદ બનાવ સમયે તેઓ સ્ટેંટ બેંક ઓફ ઈન્ડીયા, ખેડબ્રહમા શાખાના બ્રાન્ચ મેનેજર હતાં અને સદર સાહેદ કોમ્પ્યુટર એન્જીનીયર હોવાનું તેમના પુરાવામાં જણાવે છે પરંતુ તેઓ કોમ્પ્યુટર એન્જીનીયર હોવા

બાબતે કોઈ જ દસ્તાવેજી પુરાવો રેકર્ડ ઉપર રજુ થયેલ નથી. વધુમાં ખેડબ્રહમા પોલીસે તા.૨૦/૨૧ જાન્યુઆરી ના સમયના તેમની બેંકમાં લગાડેલાં સી.સી.ટી.વી. કેમેરાની કુટેજ માંગતા સદર સાહેદે કેમેરા નં.૫ તથા કેમેરા નં.૧૭ ના તા.૨૧/૦૧/૨૦૨૦ ના કલાક ૧૪:૦૦ થી કલાક ૧૪:૫૯ સુધીના સી.સી.ટી.વી. કુટેજની ડી.વી.ડી. કેસેટ તથા પેનડ્રાઈવ બનાવી આપેલ છે અને આ સમગ્ર પ્રક્રિયા તેમના નિયંત્રણ હેઠળ નિભાવવામાં આવતા કોમ્પ્યુટર ડેટાબેઝ તરીકે સ્ટોર થયેલી હતી અને તેની ઉપર સંપુર્ણ તેમના નિયંત્રણ હતુ અને તે કમ્પ્યુટર છે નિયંત્રણમાં હતુ અને જે તારીખ અને સમયના ડેટા માંગવામાં આવેલ તે તારીખ અને સમયે તેમનુ કમ્પ્યુટર વ્યવસ્થિત રીતે અને કોઈપણ ખામી વગર કાર્યરત હતુ અને તેમાં સ્ટોર થયેલી માહિતી ચોકકસ હતી અને રોજબરોજની પ્રક્રિયામાં નિભાવવામાં આવતી કાર્યરીતી તરીકે સ્ટોર કરવામાં આવતી હતી અને તેમાંથી તે મુજબનો ડેટા ઉપરોકત સી.ડી.માં તેમના નિયંત્રણ હેઠળ રેકર્ડ કરવામાં આવેલ અને તે અંગેની ચકાસણી કર્યા બાદ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫(ખ) (૪) (સી) મુજબનું સર્ટી. તેઓએ આપેલ. જે ઓળખી બતાવી આંક–૧૨૭ થી રજુ થયેલ છે. પરંતુ આ કામે જે ઈલેકટ્રોનીકસ એવીડન્સ રજુ થયેલ છે. જે કોર્ટ રૂબરૂ જોતાં તેમાં જે દ્રશ્યો ચલાયમાન થાય છે તેમાં હાલના એક પણ આરોપીની ઓળખ થતી નથી. તેમજ ગુનાના કામે વપરાયેલ વાહનોના નંબરો પણ સ્પષ્ટ પણે દ્રશ્યમાન થતા નથી. વધુમાં આ કામે મુદામાલ વાહન રીકવરી પંચનામાના પંચો ધ્વારા પંચનામાને સમર્થન કરેલ નથી. જેથી આ કામે સીસીટીવી કુટેજમાં જે વાહનો દ્રશ્યમાન થાય છે તે વાહનો આ ગુનામાં સંડોવાયેલ હોવાનું અને આ ગુનાના કામે કબજે કરવામાં આવેલ હોવાની હકીકત અહી શંકાસ્પદ બની જાય છે.

(૩૭) ત્યારબાદ ફરીયાદપક્ષે **સાહેદ નં.૩૪ ધમેન્દ્રકુમાર હસમુખલાલ જોષીને આંક–૧૩૫ થી** તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની

જુબાનીમાં જણાવેલ છે કે, આજથી આશરે પાંચેક વર્ષ અગાઉ તેઓ તેમની ઓફિસે હાજર હતો તે વખતે ખેડબ્રહમા પોલીસ સ્ટેશનથી આવુ છું અને તેમને તેઓની ઓળખાણ પોલીસ તરીકે આપેલી અને તેમને એવુ કહેવામાં આવેલુ કે, અહીયા આ રોડ ઉપર એક એકસીડન્ટ થયેલ છે તેની તપાસ માટે તમારી ઓફિસમાં લગાવેલા સી.સી.ટી.વી. કેમેરા તેમને ચેક કરવા છે જેથી તેઓએ તેઓને મદદરૂપ થવા સારૂ તેમની ઓફિસના કેમેરા ચેક કરવા દીધેલા અને ત્યારબાદ તેઓએ તેમની ઓફિસના ડીવાઈસમાં થયેલ રેકોડીંગ પેન ડ્રાઈવમાં લીધેલું. તેઓએ શું રેર્કોડીંગ લીધેલું તે તેઓએ જાયેલ નહી કે તેમને બતાવેલું નહી. ત્યારબાદ પોલીસે તેમને કહેલ કે, તમોએ તેમને તમારા ડીવાઈસમાં થયેલ રેકોડીંગ પેનડ્રાઈવમાં આપેલા તે બાબતનું લખાણ તેઓએ તૈયાર કરેલુ છે તેમાં તેમને સહી કરી આપો. જેથી તેઓએ તેમાં સહી કરી આપેલી. સદર દસ્તાવેજમાં તેમને સહી કરવાનું કહેતા તેઓએ તેમની સહી કરેલી જે ઓળખી બતાવી આંક–૧૩૬ થી રજુ થયેલ છે. વધુમાં જણાવેલ છે કે, ત્યારબાદ જણાયેલ છે કે, આરોપી મહંમદ અનીસને ઓળખતો નથી કે પંચો રૂબરૂ કોઈ આરોપીને ઓળખી બતાવેલ હોય તેવુ બનેલ નથી અને આ બાબતે પોલીસે તેમનું નિવેદન નોંધેલું અને તેમને તેમની ઓફીસમાંથી પોલીસે લીધેલ રેકોડીંગ તેમને પોલીસે બતાવેલ ન હોઈ તેઓ ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે. આમ, સદર સાહેદ તેમના પોલીસ રૂબરૂના નિવેદનની કોઈ જ હકીકતને સમર્થન કરતા ન હોય, એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી વિસ્તૃત ઉલટતપાસ કરેલ છે. પરંતુ ઉલટતપાસ થકી તેમના નિવેદનને સમર્થનકારી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૩૭.૧) ઉપરોકત સાહેદની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ છે તેમાં કબુલ કરેલ છે કે, તેમની ઓફીસના આગળ હાઈવે રોડ આવેલો છે અને તેમનો કોર્મશીયલ વિસ્તાર છે અને ધણા બધા લોકોની અવરજવર રહે છે અને તેમની ઓફીસ સીવાય પણ બીજી ધણી

બધી ઓફીસોમાં સી.સી.ટી.વી.કેમેરો લગાડેલ છે.

(૩૭.૨) આમ, ઉપરોકત સાહેદના પુરાવાનું મૂલ્યાંકન કરતાં સદર સાહેદની ઓફીસમાં લગાવેલા સી.સી.ટી.વી. કેમેરા પોલીસે ચેક કરી ડીવાઇસમાં થયેલ રેકોર્ડીંગ પોલીસે પેનડ્રાઇવમાં લીધેલ છે અને તે બાબતનું લખાણ પોલીસે તૈયાર કરી સાહેદની સહી પણ તે લખાણમાં લીધેલ હોવાનું જણાય છે. પરંતુ, સાહેદનો પુરાવો ધ્યાને લેતાં પોલીસે શું રેકોર્ડીંગ લીધેલું તે સાહેદે જોયેલું નહી કે સાહેદને બતાવેલ નહી હોવાની હકીકત તથા સદર દસ્તાવેજમાં સાહેદને સહી કરવાનું કહેતા તેઓએ સહી કરી આપેલ હોવાની હકીકત જણાય છે. તેમજ સાહેદે તેમના પુરાવામાં તેમને તેમની ઓફીસમાંથી પોલીસે લીધેલ રેકોર્ડીંગ તેમને પોલીસે બતાવેલ નહોઇ તેઓ ઓળખી શકે તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. પરંતુ આ કામે જે ઈલેકટ્રોનીકસ એવીડન્સ રજુ થયેલ છે. જે કોર્ટ રૂબરૂ જોતાં તેમાં જે દ્રશ્યો ચલાયમાન થાય છે તેમાં હાલના એક પણ આરોપીની ઓળખ થતી નથી. તેમજ ગુનાના કામે વપરાયેલ વાહનોના નંબરો પણ સ્પષ્ટ પણે દ્રશ્યમાન થતા નથી. વધુમાં આ કામે મુદામાલ વાહન રીકવરી પંચનામાના પંચો ધ્વારા પંચનામાને સમર્થન કરેલ નથી. જેથી આ કામે સીસીટીવી કુટેજમાં જે વાહનો દ્રશ્યમાન થાય છે તે આ ગુનામાં સંડોવાયેલ હોવાનું અને આ ગુનાના કામે કબજે કરવામાં આવેલ હોવાની હકીકત અહી શંકાસ્પદ બની જાય છે.

**(૩૮)** ત્યારબાદ ફરીયાદપક્ષે **સાહેદ નં.૩૫ એ.એસ.આઇ. કિષ્નાબેન માધાજી ડામોરને આંક–૧૪૪ થી** તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તા. ૨૧/૦૧/૨૦૨૦ ના રોજ કલાક : ૧૭.૦૦ વાગ્યાના સુમારે ખેડબ્રહમા પો.સ્ટે. ખાતે પી.એસ.ઓ. તરીકે ફરજ પર હાજર હતી તે દરમ્યાન ફરીયાદી : વિનયભાઈ અશોકભાઈ નાયક, રહે.મકતુપુર, તા.ઉઝા, જી. મહેસાણાઓની ઈ/ચા. પોલીસ સબ ઈન્સ. ખેડબ્રહમાનાઓ રુબરુની ફરીયાદ સુચિપત્ર સાથે દાખલ થવા સારું તેમની તરફ

આવતા તેઓએ ખેડબ્રહમા પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૪૧/૨૦, ઈ.પી.કો. કલમ : ૩૯૭,આર્મ્સ એકટની કલમ–૨૫(૧–બી–એ), તથા ૨૭ મુજબનો ગુનો દાખલ કરેલ અને તેઓએ ગુન્હો દાખલ કર્યા બાદ તે અંગેની નોંધ ખેડબ્રહમા પો.સ્ટે. ના સ્ટેશન ડાયરીના અનુક્રમ નંબર : ૧૦ થી કલાક: ૧૭:૧૫ વાગ્યે કરેલ જે સ્ટેશન ડાયરીની નકલ–૧૪૫ થી રજુ કરેલ છે અને આંક–૧૪૬ થી સુચિપત્ર રજુ કરેલ છે. ત્યારબાદ સદર ગુનાની આગળની તપાસ ઇ/ચા. પી.એસ.આઇ.શ્રી જાનીનાઓ તરફ મોકલી આપેલ તેમજ સદર ગુનો ના.પો.અધિક્ષક, ઇડરનાઓના વીજીટેશનનો બનતો હોઇ જેથી તેઓને જાણ કરેલ.

(૩૮.૧) સદર પોલીસ સાહેદની બચાવપક્ષે વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં કબુલ કરેલ છે કે, સમગ્ર ફરીયાદમાં આરોપીઓના નામ, ઉંમર, વર્ણન કે સંખ્યા જણાવેલ નથી, ફરીયાદ તેમના રૂબરૂની હોય ફરીયાદીએ ફરીયાદ કયાં સંજોગોમાં આપેલ છે તેની તેમને ખબર નથી.

(૩૮.૨) આમ, ઉપરોકત પોલીસના પુરાવા પરથી તેઓએ ફરીયાદ રજીસ્ટર્ડ કરેલ હોવાની પ્રક્રિયાને સમર્થનકારી હકીકતો તેમના પુરાવામાથી રેકર્ડ ઉપર આવે છે.

**(૩૯)** ત્યારબાદ ફરીયાદપક્ષે **સાહેદ નં.૩૬ એ.એસ.આઇ. લક્ષ્મણભાઇ હીરાભાઇ દેસાઇને આંક–૧૪૯ થી** તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૨૨/૦૧/૨૦૨૦ના રોજ તેઓ ખેડબ્રહમા પોલીસ સ્ટેશને એ.એસ.આઇ. તરીકે ફરજ ઉપર હાજર હતો તે દરમ્યાન ખેડબ્રહમા પોલીસ સ્ટેશનના ઈ.ચા. પી.એસ.આઈ. શ્રી પી.પી.જાનીનાઓએ સદર ગુનાના કામે મરણજનાર કિરણકુમાર ઉર્ફે પ્રકાશભાઈ હરગોવિંદભાઈ નાયક ઉ.વ.૪૦ રહે.મકતુપુર તા.ઉંઝા જી.મહેસાણાનાઓનું લાશનું પી.એમ. કરવા સારૂ મરણ જનારની લાશ બી.જે. મેડીકલ કોલેજ અમદાવાદ ખાતે લઈ જવાનું કહેતા તેઓની લાશને લઈને તેઓ અમદાવાદ બી.જે. મેડીકલ કોલેજ ખાતે ગયેલો અને ત્યાં મરણ

જનારની લાશનું પેનલ ર્ડાકટર મારફતે ફોરેન્સીક મેડીસીન ડીપાર્ટમેન્ટ ઘ્વારા પી.એમ. કરવામાં આવેલ અને મરણજનારની લાશનું પી.એમ. થયા બાદ લાશ ઉપરના કપડા તથા એફ.એસ.એલ. તપાસણી સારૂ લીધેલ નમુનાઓ સીલબંધ કરી પેનલ ર્ડાકટરશ્રી મારફતે તેઓને સોપતા તેઓએ ખેડબહમા પોલીસ સ્ટેશન ખાતે લાવી ખેડબ્રહમા પો.સ્ટે.ના પી.એસ.ઓ.ને સોપતા સદર કપડાં તથા નમુનાઓનું પંચનામું કરવામાં આવેલું હોવાનું જણાવેલ છે.

(૩૯.૧) સદર સાહેદની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ છે પરંતુ તેમાંથી ઉપરોકત હકીકતોનુ ખંડન થાય તેવી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

(૩૯.૨) ઉપરોકત તપાસ કરનાર અમલદારના પુરાવાનુ મુલ્યાંકન કરવામા આવે તો, તેઓએ તેમના પુરાવામાં સદર ગુનાના કામે કરેલ કામગીરીને સમર્થનકારી પુરાવો પુરો પાડેલ છે. પરંતુ સદર સાહેદના પુરાવાને ઇન્કવેસ્ટ પંચનામાના પંચ સાહેદના પુરાવાથી સમર્થન મળતુ નથી.

**(૪૦)** ફરીયાદપક્ષે **સાહેદ નં.૩૭ રંજનબેન કિરણકુમાર ઉર્ફે પ્રકાશભાઇ નાયકને આંક–૧૫૧ થી** તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેમના પતી બનાવ સમયે ખેડબ્રહમા ખાતે ઓગઢીયા પેઢીમા નોકરી કરતા હતા અને હિમતનગરથી અપડાઉન કરતા હતા. બનાવ આજથી આશરે પાંચ વર્ષ અગાઉ બનેલો હતો. બનાવ સમયે તેઓ તેમના ઘરે મકતુપુર મુકામે હતી. તે વખતે બપોરના સમયે તેમના પતિના ફોન ઉપરથી કોઈકે ફોન કરી મારા પતિનું એકસીડન્ટ થયેલ છે અને સીવીલ હોસ્પીટલમા લઇ ગયેલ છે તેવું જણાવતા તેઓ તેમના કુટુંબીજનોને વાત કરેલી. ત્યારબાદ તેમનો ભત્રીજો વિનય તથા બીજા માણસો ખેડબ્રહમા આવેલા અને ત્યાં વાતોવાતોથી જાણવા મળેલ કે ખેડબ્રહમા સરદાર ચોક પાસે તેમના પતિને ફાયરીંગ કરી મોત નિપજાવેલ છે. ત્યારબાદ મારા પતિની લાશનું પી.એમ કરવા સારૂ અમદાવાદ લઇ

ગયેલા. બનાવની ફરીયાદ તેમના ભત્રીજા વિનયે આપેલી હતી. પોલીસે પુછપરછ કરી તેમનો જવાબ લીધેલો હોવાનું જણાવેલ છે.

(૪૦.૧) ઉપરોકત સાહેદની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ છે તેમાં કબુલ કરેલ છે કે, બનાવ વિશે તેમને કોઇ જાત માહિતી નથી. વધુમાં કબુલે કે, પોલીસે તેમનુ નામઠામ પુછેલું અને બનાવ તેઓએ નજરે જોયેલ નથી.

(૪૦.૨) આમ, ઉપરોકત સાહેદના પુરાવાનું મૂલ્યાંકન કરતાં, સૌ પ્રથમ સદર સાહેદને મરણજનાર કે જેઓ તેમના પતિ થાય છે તેમના ફોન ઉપરથી કોઇ ક વ્યકિતએ મરણજનારનુ એકસીડન્ટ થયેલ હોવાના સમાચાર આપેલા પરંતુ આ ફોન કરનાર વ્યકિત કોણ હતો તે બાબતે કોઇ જ હકીકત સદર સાહેદના પુરાવામાંથી રેકર્ડ ઉપર આવતી નથી. વધુમા સદર સાહેદના ભત્રીજા બનાવ બન્યા બાદ અને સમાચાર મળ્યા બાદ બનાવ સ્થળે આવેલા છે. જેથી સ્વાભાવિક રીતે જ સદર સાહેદ બનાવ સ્થળે આવેલા જ નથી જેથી સદર સાહેદે કહેવાતો બનાવ નજરો નજર જોયેલ જ ન હોય. વધુમાં આ કામે સદર સાહેદને વાતોવાતથી તેમના પતિ ઉપર ફાયરીંગ થયેલાનુ જાણવા મળેલ છે. પરંતુ સદર સાહેદના પુરાવા પરથી આ કામના આરોપીઓને ગુનામાં સાંકળતી કોઇ જ હકીકત રેકર્ડ પર આવતી નથી.

(૪૧) ત્યારબાદ ફરીયાદપક્ષે **સાહેદ નં.૩૮ થી સાહેદ જીજ્ઞેશકુમાર કિરણકુમાર ઉર્ફે પ્રકાશભાઇ નાયકને આંક–૧૫ર થી** તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે,તેમના પિતા બનાવ સમયે ખેડબ્રહમા ખાતે આંગઢીયા પેઢીમા નોકરી કરતા હતા અને હિમતનગરથી અપડાઉન કરતા હતા. બનાવ આજથી આશરે પાંચ વર્ષ અગાઉ બનેલો હતો. બનાવ સમયે તેઓ કોલેજથી ઘરે મકતુપુર મુકામે જતો હતો. તે વખતે તેમના કાકાના દિકરા મીતનો તેમના ઉપર ફોન આવેલો અને તેમને કહેલ કે હું તારા મોબાઇલ ઉપર એક ફોટો શેર કરેલ છે. તે તું જોઇને મને જણાવ જેથી તેઓએ તે ફોટો જોયેલ તો તે ફોટો તેમના પિતાજીનો મરણ ગયેલ હાલતનો

હતો. ત્યારબાદ તેઓ ઘરે આવેલો અને બનાવની જાણ થયેલ. તેમના માતા, કુંટુંબના માણસો ખેડબ્રહમા ખાતે આવેલા અને ત્યાં તેમના પિતા મરણ ગયેલા હોય તેમની લાશનું પી.એમ કરાવી ત્યારબાદ ઘરે લાવેલા અને ત્યારબાદ તેમની અંતિમ વીધી કરેલી અને ત્યારબાદ વાતોવાતોથી જાણવા મળેલ કે ખેડબ્રહમા સરદાર ચોક પાસે મારા પિતાને ફાયરીંગ કરી મોત નિપજાવેલ છે. બનાવની ફરીયાદ થતાં પોલીસે પુછપરછ કરી તેમનો જવાબ લીધેલો હોવાનું જણાવેલ છે.

(૭૧.૧) ઉપરોકત સાહેદની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ છે તેમાં કબુલ કરેલ છે કે, બનાવ વિશે તેમને કોઇ જાત માહિતી નથી. વધુમાં કબુલે કે, પોલીસે તેમનુ નામઠામ પુછેલું અને બનાવ તેઓએ નજરે જોયેલ નથી.

(૭૧.૨) આમ, ઉપરોકત સાહેદના પુરાવાનું મૂલ્યાંકન કરતાં, સદર સાહેદ તેમના પુરાવામાં વાતો વાતથી તેમને જાણવા મળેલ કે, ખેડબ્રહમા સરદાર ચોક પાસે તેમના પિતાને ફાયરીંગ કરી મોત નિપજાવેલ હકીકત જણાવે છે. તે સિવાય આરોપીઓને ગુનામા સાંકળતી કોઇ જ હકીકત સદર સાહેદના પુરાવામાંથી રેકર્ડ ઉપર આવતી નથી..

**(૭૨)** ત્યારબાદ ફરીયાદપક્ષે **સાહેદ નં.૩૯ થી મામલતદાર ગોપીભાઇ ધનાભાઇ ગમારને આંક–૧૫૩ થી** તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, સને.૨૦૨૦ ના સમયગાળા દરમિયાન ખેડબ્રહમા મામલતદાર કચેરી ખાતે મામલતદાર અને એકઝયુકેટીવ મેજી. તરીકે ફરજ બતાવતો હતો તે દરમિયાન ખેડબ્રહમાના પો.સઈ ધ્વારા ખેડબ્રહમા પોલીસ સ્ટેશન ગુ.રજી.નં.૭૧/૨૦૨૦ ના કામે આરોપીની ઓળખ પરેડ કરવા સારૂ તા. ૧૧/૨/૨૦૨૦ ના રોજ તેઓને યાદી કરેલ. જે યાદી આધારે તેઓએ તેઓને ઓળખ પરેડ સારૂ તારીખ–૧૨/૨/૨૦૨૦ ના રોજ કલાક–૧૫:૦૦ વાગે હાજર રહેવા સમજ કરેલ. ત્યારબાદ તા.૧૨/૨/૨૦૨૦ ના રોજ ખેડબ્રહમા પોલીસ સ્ટેશન ધ્વારા ઓળખ પરેડ માટે જરૂરી કાર્યવાહી કરેલ અને આરોપીની ઉમર , કદ

વિગેરે પ્રમાણેના તેમજ સરખા જણાયેલ પાચેક વ્યકિતઓને પટાવાળા મારફતે હાજર રખાવેલ તેમજ તેનું ઓળખ પરેડના પંચનામાં સારૂ બે પંચોને કચેરી ખાતે હાજર રખાવેલ અને તેઓને તે અંગેની સમજ કરેલ અને ઓળખ પરેડની કાર્યવાહી દુષિત ના થાય તેનું સપુર્ણ ધ્યાન રાખેલ તેમજ આરોપીની જે સાહેદ ધ્વારા ઓળખ પરેડ કરવાની હતી તેને ખેડબ્રહમા પો.સ્ટેના હેડ. કોન્સ. ધ્વારા સાહેદ બ્રીજેશકુમાર ભવાનભાઈ પટેલને હાજર રખાવેલ તેમજ એ.એસ.આઇ વિષ્ણુભાઈ અમરાજી પટેલનાઓએ આક્ષેપીત આરોપીને હાજર રખાવતા જેનું નામ ઠામ પુછી તેની ઓળખ મેળવેલ. ત્યારબાદ આરોપીને હાજર રખાવેલ પાંચ ઇસમોની વચ્ચે ઉભા રહેવા જણાવેલ અને ત્યારબાદ સાહેદ બ્રીજેશભાઇને બોલાવેલ અને બ્રીજેશભાઇ ધ્વારા આરોપી મહમદ અનીશ હબીબભાઇ સોલંકી(સીપાઇ) રહે.વિરમગામ વાળાઓને હાથ પકડીને ઓળખી બતાવેલ જે વિગતવારનું પંચનામું પંચોની હાજરીમા લખી લીધેલ. ત્યારબાદ પંચોની સહી મેળવેલ અને રૂબરૂ તરીકે અમોએ સહી કરેલ. જે પંચનામું આ કામે આંક–૧૦૧ થી રજુ થયેલ છે જે તેઓએ ઓળખી બતાવેલ છે. ત્યારબાદ તા.૧૭/૯/૨૦૨૦ ના રોજ સદર ગુનાના કામે અન્ય એક આરોપીની ઓળખ પરેડ કરવાની હોય કલાક–૧૬:૦૦ વાગે હાજર રહેવા સમજ કરેલ. ત્યારબાદ  ખેડબ્રહમા પોલીસ સ્ટેશન ધ્વારા ઓળખ પરેડ માટે જરૂરી કાર્યવાહી કરેલ અને આરોપીની ઉમર , કદ વિગેરે પ્રમાણેના તેમજ સરખા જણાયેલ સાતેક વ્યકિતઓને પટાવાળા મારફતે હાજર રખાવેલ તેમજ તેનું ઓળખ પરેડના પંચનામાં સારૂ બે પંચોને કચેરી ખાતે હાજર રખાવેલ અને તેઓને તે અંગેની સમજ કરેલ અને ઓળખ પરેડની કાર્યવાહી દુષિત ના થાય તેનું સપુર્ણ ધ્યાન રાખેલ તેમજ આરોપીની જે સાહેદ ધ્વારા ઓળખ પરેડ કરવાની હતી તેને ખેડબ્રહમા પો.સ્ટેના પી.એસ.આઇ ધ્વારા સાહેદ વણજારા જીતેન્દ્રભાઈ લક્ષ્મણભાઈ રહે.કરૂન્ડાને હાજર રખાવેલ તેમજ એ.એસ.આઇ સંજયભાઇ વેલાભાઇ મોદી

એલ.સી.બી. કચેરી હિમતનગરનાઓએ આક્ષેપીત આરોપીને હાજર રખાવતા જેનું નામ ઠામ પુછી તેની ઓળખ મેળવેલ અને પોતે પોતાનું નામ મહીપતસિંહ ચંમ્પુભા ઝાલા અને સીતારામ અને રામવાળો ઉપનામ હોવાનું જણાવેલ અને ત્યારબાદ આરોપીને હાજર રખાવેલ સાત ઈસમોની વચ્ચે ઉભા રહેવા જણાવેલ અને ત્યારબાદ સાહેદ વણજારા જીતેન્દ્રભાઈ લક્ષ્મણભાઈ ધ્વારા આરોપી મહીપતસિંહ ચંમ્પુભા ઝાલા અને સીતારામ અને રામવાળો ઉપનામ વાળો રહે.ઝીંઝુવાડા વાળાઓને હાથ પકડીને ઓળખી બતાવેલ જે વિગતવારનું પંચનામું પંચોની હાજરીમા લખી લીધેલ. ત્યારબાદ પંચોની સહી મેળવેલ અને રૂબરૂ તરીકે તેઓએ સહી કરેલ. જે પંચનામું આ કામે આંક–૧૦૩ થી રજુ થયેલ છે. ત્યારબાદ ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા સારૂ પો.સ્ટે ખાતેથી યાદી મળતા ખેડબ્રહમા સર્કલ ઓફીસર (શહેરી) નાઓને સુચના કરતા તેઓએ ગુનાવાળી જગ્યાનો નકશો તૈયાર કરેલ અને જે નકશો તેઓએ ફોરવર્ડીગ પત્ર સાથે પો.સ.ઈ ખેડબ્રહમાનાઓને મોકલી આપેલ જેમા તેમની સહી તથા હોદદો લખેલ છે. જે આંક–૧૫૪ થી રજુ થયેલ છે.

(૪૨.૧) સદર સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં એ વાત કબુલ કરેલ છે કે,પોલીસ અમલદાર માટે કોઈ અલગથી આવવા જવા માટેનો રસ્તો નથી. વધુમાં કબુલ કરેલ છે કે, મામલતદાર કચેરીમાં ઘણા બધા બારી બારણાં આવેલા છે અને ઓળખ પરેડના રૂમમાં પણ ધણા બધા બારી બારણા આવેલા છે. વધુમાં કબુલ કરેલ છે કે, તેમની રૂબરૂમાં કોઈ ગુનાવાળી જગ્યાનો નકશો બનેલ નથી. વધુમાં કબુલ છે કે, જે વ્યકિતે ઓળખ કરવાની તેને પોલી લઈને આવેલી અને પોલીસ લાવેલ વ્યકિત (સાહેદ)ને તેઓએ ઓળખતો નહોતો.

(૪૨.૨) સદર સાહેદના પુરાવાનું મૂલ્યાંકન કરતાં સદર સાહેદ ખેડબ્રહમા મુકામે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ તરીકે ફરજ બજાવતાં હતાં અને સદર સાહેદ રૂબરૂ પોલીસે આ કામના આરોપી

મહમદ અનીશ હબીબભાઇ સોલંકી(સીપાઇ) તથા આરોપી મહીપણસિંહ ચંમ્પુભા ઝાલા અને સીતારામ અને રામવાળોની ઓળખ પરેડ અંગેની વિગતવાર કામગીરી કરી સાહેદ બ્રીજેશકુમાર ભવાનભાઇ પટેલ તથા સાહેદ વણજારા જીતેન્દ્રભાઇ લક્ષ્મણભાઇ ધ્વારા આરોપીઓની ઓળખ પરેડ કરાવેલ હોવાનું જણાવેલ છે. પરંતુ, આ કામે ફરીયાદપક્ષે તર્ફે ૧૧૭ થી વણઝારા જીતેન્દ્રભાઇ લક્ષ્મણભાઇને તપાસવામાં આવેલ છે. સદર સાહેદે તેમના પુરાવામાં ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપેલ નથી. જેથી સદર સાહેદના પુરાવાને સાહેદ જીતેન્દ્રભાઇ લક્ષ્મણભાઇના પુરાવાથી સમર્થન મળતુ નથી. વધુમાં આરોપીઓની ઓળખ પરેડના પંચનામાના પંચોના પુરાવાથી સદર સાહેદના પુરાવાથી સમર્થન મળતુ નથી. વધુમાં સદર સાહેદ ધ્વારા તેમની સરતપાસમાં સાહેદ બ્રીજેશકુમાર ભવાનભાઇ પટેલને હાજર રખાવેલ અને આરોપીની ઓળખ પરેડ કરાવેલ હોવાનું જણાવે છે. પરંતુ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ઓળખ પરેડના પંચનામાના પંચોએ પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી તેમજ સમગ્ર રેકર્ડ ધ્યાને લેતાં બ્રીજેશકુમાર ભવાનભાઇ પટેલ નામના કોઇપણ વ્યકિતની સાહેદ તરીકે ચાર્જશીટમાં દર્શાવવામાં આવેલ નથી કે સાહેદ તરીકે તપાસવામાં આવેલ નથી.

(૪૩) ત્યારબાદ ફરીયાદપક્ષે **સાહેદ નં.૪૦ એ.એસ.આઇ. પ્રકાશભાઇ ભીમજીભાઇ પટેલને આંક–૧૫૬ થી** તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૨૨/૧/૨૦૨૦ ના રોજ ખેડબ્રહમા પોલીસ સ્ટેશન ખાતે પી.એસ.ઓ તરીકે તેમની ફરજ ઉપર હતો તે દરમિયાન ખેડબ્રહમા પો.સ્ટેના ગુ.રજી.નં.૪૧/૨૦૨૦ ના કામે મરણ જનારની લાશનું બી.જે મેડીકલ કોલેજ અમદાવાદ ખાતે પી.એમ થયા બાદ પી.એમ કરનાર મેડીકલ ઓફીસરશ્રીએ મરણ જનારની લાશ ઉપરના કપડા તથા એફ.એસ.એલ તપાસણી સારૂ લીધેલ નમુનાઓ ખેડબ્રહમા ખાતે ફરજ બજાવતા એ.એસ.આઇ લક્ષ્મણભાઇ

બં.નં.૧૩૧૦ નાઓને સોપતા જે કપડા તપાસના કામે કબ્જે લેવાના હોય અને તેનું પંચનામું કરવાનું હોય બે પંચોને ખેડબ્રહમા પો.સ્ટે ખાતે હાજર રખાવી તેઓને તે અંગેની સમજ કરી એ.એસ.આઇ લક્ષ્મણભાઈ બં.નં.૧૩૧૦ નાઓએ રજુ કરેલા કપડા તથા નમુનાઓનું વર્ણન પંચનામાની વિગતે લખી લીધેલ અને તપાસના કામે કબ્જે લીધેલ જે પંચનામું આ કામે આંક–૯૧ થી રજુ છે. જેમા પંચોની તથા રૂબરૂ તરીકે તેમની સહી તથા હોદદો લખેલ છે જે ઓળખી બતાવેલ છે તેમજ પંચનામાની વિગતે લીધેલ મુદામાલ કપડા તેમને બતાવતાં તે તેઓએ ઓળખી બતાવેલ છે.

(૪૩.૧) સદર સાહેદની બચાવપક્ષે વિ.વ.શ્રીએ ઉલટતપાસ કરવામા આવેલ છે. જેમાં એ હકીકત કબુલ કરેલ છે કે, પંચનામા સીવાય આ ગુનાના કામે તેઓએ બીજી કોઈ તપાસ કરેલી નથી.

(૪૩.૨) ઉપરોકત તપાસ કરનાર અમલદારના પુરાવાનુ મુલ્યાંકન કરવામા આવે તો, તેઓએ તેમના પુરાવામાં આ કામે તેઓએ પંચો રૂબરૂ પંચનામુ કરી લાશ ઉપરના કપડાં તથા એફ.એસ.એલ.ની તપાસણી સારૂ લીધેલ નમુનાઓ સીલબંધ પંચો રૂબરૂ કબજે લીધેલ કરેલ હોવાનું જણાવેલ છે. ફરીયાદપક્ષે સદરહું પંચનામુ આંક–૯૧ થી પંચોના પુરાવામાં પંચનામુ રજુ રાખેલ છે. પરંતુ, આ કામે આંક–૯૧ થી રજુ પંચનામાના પંચોએ પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

**(૪૪)** ત્યારબાદ ફરીયાદપક્ષે **સાહેદ નં.૪૧ તપાસ કરનાર અધિકારી પરેશકુમાર પ્રવિણકુમાર જાનીને આંક–૧૫૮ થી** તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તારીખ: ૨૧ /૦૧/૨૦૨૦ ના રોજ તેઓ ખેડબ્રહમા પો.સ્ટેશને ઈ.ચા.પોલીસ સબ ઈન્સપેકટર તરીકે તેમની ફરજ પર હાજર હતો તે દરમ્યાન ફરીયાદી:વિનયભાઈ અશોકભાઈ નાયક રહે.મકતુપુર ,તા.ઉંઝા નાઓ તેઓની ફરીયાદ હકીકત લઈ તેમની સમક્ષ આવેલા અને તેઓના લખાવ્યા મુજબની વિગતવારની ફરીયાદ તેઓએ લખી

લીધેલ, ફરીયાદીએ તેઓની ફરીયાદમાં જણાવેલ કે," બનાવ સંબંધે ભેગા થયેલ માણસોથી જાણવા મળેલ કે,ખેડબ્રહમા મુખી માર્કેટ ખાતે આવેલ આગડીયા પેઢી ઉપરથી થેલો લઇને હિમતનગર જવા માટે ચાલતા જતા હતા તે વખતે બપોરના આશરે પોણા ત્રણેક વાગ્યાના સુમારે સરદાર ચોક તરફ જતા રોડ ઉપર સ્વીફ્ટ જેવી ગાડી લઇને અજાણ્યા ઇસમો આવી ચોક તરફ જતા રોડ ઉપર સ્વીફ્ટ જેવી ગાડી લઇને અજાણ્યા ઇસમો આવી ખેડબ્રહમા જનતા બેંક નજીક ફાયરીંગ કરી ઇજા પહોચાડી તેમજ છરીથી ઇજા પહોચાડતા અને થેલો ખેંચવા જતા પબ્લીકના માણસો ભેગા થઇ જતા આ સ્વીફ્ટ ગાડીવાળા ઇસમો થેલો તથા છરો ફેકી ભાગી ગયેલ છે જેથી આ સ્વીફ્ટ જેવી ગાડીમાં આવેલા ઇસમો લુંટ કરવાના ઇરાદે થેલાની ખેંચતાણ કરી પ્રકાશભાઇ ઉપર રીવોલ્વર /પીસ્તોલ જેવા હથીયારથી ફાયરીંગ કરી છાતીના ભાગે ઇજા પહોચાડી તેમજ છરાથી ઇજા પહોચાડી મોત નિપજાવી ભાગી ગયેલા." વિગેરે બાબતની વિગતવારની ફરીયાદ તેઓએ તેમના સુપર વિઝનમા ટાઇપ કરાવી તેની પ્રિન્ટ મેળવી તે નીચે ફરીયાદીની સહી મેળવી અને રૂબરૂ તરીકે તેઓએ તેમની સહી કરેલી જે ફરીયાદ આંક-૩૧ થી રજુ થયેલ છે તે તેઓએ ઓળખી બતાવેલ છે.ત્યારબાદ સદર ગુન્હાની નોંધ પી.એસ.ઓ ક્રિષ્નાબેન માધાજી બ.નં.૮૩ નાઓએ ખેડબ્રહમા પો.સ્ટે. ફ.ગુ.રજી. નં.૪૧/૨૦૨૦ થી ઇ.પી.કો.કલમ:૩૯૭,૩૦૨ તથા આમર્સ એકટની કલમ-૨૫(૧-બી-એ),૨૭ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના ગુન્હા નોધ કરેલ અને આ કામના આરોપી સ્વીફ્ટ જેવી ગાડીમા આવેલ અજાણ્યા ઇસમો વિરૂધ્ધ ફરીયાદ નોધેલ અને ત્યારબાદ સુચિ પત્ર તૈયાર કરેલ , જે સુચિ પત્ર આ કામે આંક-૧૪૬ થી રજુ છે જે ઓળખી બતાવેલ છે. ત્યારબાદ સદર ગુનાની આગળની તપાસ તેઓ તરફ આવતા તેઓએ સંભાળી લીધેલ અને સદર ગુ.નો મહે. ના.પો.અધિક્ષકશ્રી નાઓની વિઝીટેશનનો બનતો હોય તેઓને વિઝીટેશનમા પધારવા સારૂ મેસેજ કરવા

પી.એસ.ઓને સુચના આપેલી. ત્યારબાદ મરણજનારની લાશનું ઇન્વેસ્ટ ભરવાનું હોય મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ખેડબ્રહમાનાઓને યાદી કરેલ જેમા તેમની સહી ઓળખી બતાવી આંક–૧૫૯ થી રજુ થયેલ છે. ત્યારબાદ મરણજનારની લાશનું ઇન્કવેસ્ટ પંચનામું કરવાનું હોય બે પંચોને ખેડબ્રહમા સીવીલ હોસ્પીટલ ખાતે હાજર રાખી તેઓને તે અંગેની સમજ કરી તેઓના લખાવ્યા મુજબનું વિગતવારનું પંચનામું લખી લીધેલ, અને તેમાં પંચોની સહીઓ મેળવેલ અને રૂબરૂ તરીકે તેઓએ તેમની સહી કરેલી, જે પંચનામું આંક–૩૬ થી રજુ થયેલ છે જે તેઓએ ઓળખી બતાવેલ છે. મરણોત્તર પોલીસ રીપોર્ટમાં તેમની સહી તથા હોદો લખેલ છે જે ઓળખી બતાવી આંક–૧૬૦ થી રજુ થયેલ છે. તેઓએ સાહેદ મહેન્દ્રસિંહ કરણસિંહ સોલંકી , જીતેન્દ્રભાઇ લક્ષ્મણભાઇ વણજારા, દિનેશભાઇ નારણભાઇ ગમાર, સચીનકુમાર જયંતીભાઇ બારીયા ,બ્રીજેશકુમાર ભવાનભાઇ પટેલ, વિગેરે સાહેદોના નિવેદન તેઓના લખાવ્યા મુજબના લખી લઇ તપાસના કામે સામેલ રાખેલ. ત્યારબાદ ખેડબ્રહમા પો.સ્ટેના પી.એસ.આઇ. શ્રી વિ.બી.પટેલ પોતાની ફરજ પર હાજર થતા આગળની તપાસ કેસ પેપર્સ સાથે તેઓને સુપ્રત કરેલ હોવાનું જણાવેલ છે.

(૪૪.૧) સદર તપાસ કરનાર અધિકારીની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ કબુલ કરેલ છે કે, ફરીયાદીએ પોતાની ફરીયાદમાં આરોપીનું નામ, વર્ણન, ઉંમર કે સંખ્યા જણાવેલ નથી. વધુમાં કબુલ કરેલ છે કે, ફરીયાદી સાથે ફરીયાદ લખાવવા બીજા ધણા બધાં માણસો આવેલા હતાં.

(૪૪.૨) સદર તપાસ કરનાર અધિકારીના પુરાવાનું મૂલ્યાંકન કરતાં તેઓએ તેમની તપાસની કામગીરીને સમર્થન આપેલ છે. તેઓએ સદર ગુનાના કામે તેમના રૂબરૂની ફરીયાદીની ફરીયાદ લીધેલ છે અને તેમજ તેઓએ સદર ગુનાના કામે મરણજનારની લાશનું ઇન્કવેસ્ટ પંચનામુ પંચોની હાજરીમાં કરી લીધેલ હોવાનું જણાવેલ છે અને

ફરીયાદપક્ષે આંક–૩૬ થી મરણજનારની લાશનુ ઇન્કવેસ્ટ પંચનામુ પંચોની જુબાનીમાં રજુ રાખેલ છે. પરંતુ, આંક–૩૬ થી રજુ પંચનામાના પંચોએ પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. તેમજ તપાસ કરનાર અધિકારીએ તેમના પુરાવામાં જણાવેલ નામવાળા સાહેદોના નિવેદન તેઓના લખાવ્યા મુજબના લખી લઈ તપાસના કામે સામેલ રાખેલ હોવાનું જણાવેલ છે. પરંતુ, સદર સાહેદોનો પુરાવો ધ્યાને લેતાં સદર સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો પુરો પાડેલ નથી તેમજ ફરીયાદી ધ્વારા પણ તેમના પુરાવામાં ફરીયાદ હકીકતને સમર્થન કરેલ નથી. જેથી તપાસ કરનાર અધિકારના પુરાવાને ફરીયાદી તથા સાહેદોના પુરાવાથી સમર્થન મળતુ નથી.

(૪૫) ત્યારબાદ ફરીયાદપક્ષે **સાહેદ નં.૪ર થી તપાસ કરનાર અધિકારી વિશાલકુમાર મધુ રબારીને આંક–૧૬૧ થી** તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તારીખ:ર૩/૦૧/ર૦ર૦ ના રોજ તેઓ ખેડબ્રહમા પો.સ્ટેશને અજમાયેશી ના. પોલીસ અધિક્ષકશ્રી તરીકે તેમની ફરજ પર હાજર હતો તે દરમ્યાન પો.અધિક્ષકશ્રી સાબરકાંઠાનાઓના હુકમ આધારે સદર ગુન્હાની તપાસ તેઓને સુપ્રરત થતાં સદર ગુનાની તપાસ તેઓએ સંભાળી લીધેલ. તેઓએ સાહેદ રંજનબેન કિરણકુમાર ઉર્ફે પ્રકાશભાઇ નાયક, જીગ્નેશકુમાર કિરણકુમાર ઉર્ફે પ્રકાશભાઇ નાયક,રાકેશસિંહ રમણસિંહ પરમાર, રીષભ દીલીપકુમાર જૈન,વિશાલ વાલજીભાઇ ભાનુસાલી,પ્રવિણભાઇ પરષોતમભાઇ દરજી વિગેરે સાહેદોના નિવેદન તેઓના લખાવ્યા મુજબના લખી લીધેલા અને તપાસના કામે સામેલ રાખેલ. ત્યારબાદ તેમની તપાસ દરમિયાન ગુનામાં ઉપયોગમાં લેવાયેલ વાહનની બાતમી મળતા બાતમીવાળી જગ્યાએ જવાનું હોય અને ત્યાં વોચમાં રહેવાનું હોઇ અને તેનું પંચનામું કરવાનું હોય સ્થળ ઉપર જઇ બાતમીવાળુ વાહન આવતાં તેનું વિગતવારનું પંચનામુ પંચોના લખાવ્યા મુજબ લખી લીધેલ અને સદર મુદામાલ વાહન ઇકો ગાડી તેમજ મળી આવેલ દસ્તાવેજ

કબ્જે લીધેલ અને તે પંચનામામાં પંચોની સહીઓ મેળવેલ અને રૂબરૂ તરીકે તેઓએ સહી કરેલજે પંચનામુ આંક–૭૭ થી રજુ થયેલ છે જે ઓળખી બતાવેલ છે તેમજ સદર ગાડીના ડ્રાયવર આરોપી મોહંમદ અનીસ હબીબભાઈ સોલંકીને અટક કરેલ. ત્યારબાદ તેમની તપાસ દરમિયાન ગુનામાં ઉપયોગમાં લેવાયેલ સીફ્ટ ડીઝાયર ગાડી મહાવીરસિંહ રણવિરસિંહ જોધ્ધા, રહે. મેઢાસણનાઓની હોવાનું જણાઈ આવતા તેઓનો સંપર્ક કરી એલ.સી. બી. કચેરી, હિંમતનગર ખાતે સીફ્ટ ગાડી લઈ આવતા સદર ગાડીનું પંચનામું કરવાનું હોય પંચોના લખાવ્યા મુજબનું પંચનામુ લખી લીધેલ અને સદર મુદ્દામાલ વાહન સીફ્ટ ગાડી તપાસ અર્થે કબ્જે લીધેલ અને તે પંચનામામાં પંચોની સહીઓ મેળવેલ અને રૂબરૂ તરીકે તેઓએ સહી કરેલ જે પંચનામુ આંક–૯૮ થી રજુ થયેલ છે જે ઓળખી બતાવેલ છે. ત્યારબાદ સીફ્ટ ગાડીના માલિક મહાવીરસિંહ રણવિરસિંહ જોધ્ધાનાઓનું તા. ૦૭/૦૨/૨૦૨૦ ના રોજ નિવેદન નોંધેલ. તેઓએ તેમની તપાસ દરમિયાન કબ્જે લીધેલ મુદ્દામાલની પાવતી બનાવવા તેમજ જરૂરી સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા સારૂ પી.એસ.ઓ. ખેડબ્રહમાનાઓને રીપોર્ટ કરેલ. ત્યારબાદ તેમની અજમાયેશી તાલીમ લેવા સારૂ ગાંધીનગર ખાતે જવાનું હોય સદર ગુનાની આગળની તપાસ પો.સ.ઈ. શ્રી,વી.બી.પટેલ નાઓને સુપ્રત કરેલ અને તેમની તપાસ દરમિયાન કબ્જે લેવામાં આવેલ મુદ્દામાલ તેમને બતાવતા તેઓએ ઓળખી બતાવેલ છે. તેમની તપાસ દરમિયાન કબ્જે લીધેલ મુદ્દામાલ ઈકો ગાડીની પોલીસ તથા ડ્રાયવીંગ લાયસન્સ બતાવતાં ઓળખી બતાવેલ છે તેમજ આરોપી મોહંમદ અનીસ હબીબભાઈ સોલંકીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

(૭૫.૧) સદર તપાસ કરનાર અધિકારીની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ કબુલ કરેલ છે કે, તેઓએ જે સાહેદોના નિવેદન નોંધેલા તે નિવેદનોમાં સાહેદોએ કોઈપણ આરોપીઓના નામ કે ગાડી નંબર જણાવેલ નથી.

(૭૫.૨)સદર તપાસ કરનાર અધિકારીના પુરાવાનું મૂલ્યાંકન કરતાં તેઓએ તેમની તપાસની કામગીરીને સમર્થન આપેલ છે. તેઓએ સદર ગુનાના કામે આરોપી ઈકો ગાડી ડ્રાયવર મોહંમદ અનીસ હબીબભાઈને અટક કરેલ છે તેમજ ઈકો ગાડી કબજે કર્યાનું પંચનામુ પંચોની હાજરીમાં કરી લીધેલ હોવાનું જણાવેલ છે તેમજ ગુનાના કામે આરોપી મહાવીરસીંહ રણવીરસિંહ જોધ્ધા સીફ્ટ ગાડી લઈ આવતાં હોય આરોપીને તથા સ્વીફ્ટ ગાડી પંચો રૂબરૂ અટક કરી પંચનામુ પંચોની હાજરીમાં કરી લીધેલ હોવાનું જણાવેલ છે. અને ફરીયાદપક્ષે આંક–૭૭ તથા આંક–૯૮ થી સદર બન્ને પંચનામા પંચોની જુબાનીમાં રજુ રાખેલ છે. પરંતુ, આંક–૭૭ તથા આંક–૯૮ થી રજુ પંચનામાના પંચોએ પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. તેમજ તપાસ કરનાર અધિકારીએ તેમના પુરાવામાં જણાવેલ નામવાળા સાહેદોના નિવેદન તેઓના લખાવ્યા મુજબના લખી લઈ તપાસના કામે સામેલ રાખેલ હોવાનું જણાવેલ છે. પરંતુ, સદર સાહેદોનો પુરાવો ધ્યાને લેતાં સદર સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો પુરો પાડેલ નથી. જેથી તપાસ કરનાર અધિકારના પુરાવાને સદર સાહેદોના પુરાવાથી સમર્થન મળતુ નથી.

(૭૬) ત્યારબાદ ફરીયાદપક્ષે **સાહેદ નં.૭૩ થી તપાસ કરનાર અમલદાર પી.એસ.આઈ. બીલાલ ઉસ્માનભાઈ મુરીમાને આંક–૧૬૫ થી** તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તારીખ: ૨૨/૦૭/૨૦૨૦ ના રોજ તેઓ એલ.સી.બી. સાબરકાંઠા ખાતે પો. સબ. ઈન્સ્પેકટર તરીકે તેમની ફરજ પર હાજર હતો તે દરમ્યાન પો.અધિક્ષકશ્રી, સાબરકાંઠાના હુકમ આધારે સદર ગુનાની તપાસ તેઓને સુપ્રરત થતાં સદર ગુનાની તપાસ તેઓએ સંભાળી લીધેલ. ત્યારબાદ તેઓ પેરોલફર્લો, પી.એસ.આઈ. સાબરકાંઠા તરીકે પણ ફરજ બજાવતા હોઈ જીલ્લાના નાસતાફરતા આરોપીઓ પકડવાની કામગીરી કરતા હોઈ અગાઉથી જ સદરહું ગુનાના આરોપીઓને પકડવા માટે પ્રયત્નશીલ હતા જેથી આ

ગુનાના કામના આરોપી મહીપતસિંહ ચંપુભાઇ ઝાલા વિગેરે આરોપીઓની સદર ગુનાના કામે જુદી જુદી જગ્યાઓ સ્થળો ઉપર તપાસ તજવીજ કરતા હોઇ તે દરમિયાન તા. ૦૧/૦૯/૨૦૨૦ના રોજ વડોદરા ગ્રામ્ય એસ.ઓ. જી. દવારા આરોપી મહેશ સંદીપ શર્મા, રહે. જગત,તા. સલુમ્બર, જી. ઉદેપુર વાળો પોતાનો જે તે સમયે ઉપજાવી કાઢેલ નામ અમીતભાઇ મોહનભાઇ રાઠવા,રહે., ખદાણગામ,તા. જી. અલીરાજપુર, વડોદરા ગ્રામ્ય જીલ્લાના સાવલી પો.સ્ટેશનના ગુના. રજી. નંબર-૧૦૫૮/૨૦૨૦, આર્મ્સ એકટની કલમો મુજબ પકડાયેલ હતા તેની સાથે સોહનલાલ માંગીલાલ ભીલાણા, અલીરાજપુર મધ્યપ્રદેશવાળા દેશી બનાવટની બે નંગ પીસ્ટલ સાથે સાવલી મુકામે પકડાયેલ હતા. જે આરોપીઓને અટક કરી નામ. કોર્ટમાં રજુ કરેલ હતા. જેમાં આરોપી અમિત મોહનભાઇ રાઠવા, ઉ.વ. ૩૫, ધંધો, ખેતી, રહે. અલીરાજપુરવાળા ખોટુ નામ ધારણ કરી પોલીસની તપાસ દરમિયાન પોતાનું સાચુ નામ મહિપતસિંહ ઉર્ફે રામવાળો ઉર્ફે સીતારામ ચંપુભાઇ ઝાલા જે તે સમયે ઉ.વ. ૩૭, રહે. ઝીજુવાડા,રસાણીપાર્ટી, તા.પાટડી, જી.સુરેન્દ્રનગરના હોવાનું જણાયેલ હતુ અને પોતે ખેડબ્રહમા પો.સ્ટેશન ના ગુ. રજી નંબર-૪૧/૨૦૨૦ ના લુંટ વીથ મર્ડર તેમજ મહેસાણા, બનાસકાંઠા તેમજ રાજકોટ શહેરના લુંટના ગુનામાં વોન્ટેડ હોવાનું વડોદરા ગ્રામ્ય પોલીસ સમક્ષ કલુલાત કરેલ હતી. જે આધારે વડોદરા ગ્રામ્ય પોલીસના પત્રથી તમામ જીલ્લા તેમજ કમીશ્નરેટ વિસ્તારમાં કંટ્રોલ મેસેજ પાઠવવામાં આવેલ હતો જે મેસેજ તેમને મળતા તેઓ તાત્કાલીક વડોદરા શહેર ખાતે પહોચી જણાવેલ આરોપીનું ઈન્ટ્રોગેશન કરી સદરહું મહીપતસિંહ તેમની પાસેની તપાસનો જ આરોપી છે તે ખરાઇ કરી આરોપીનો કબ્જો સાવલી કોર્ટમાંથી ટ્રાન્સફર વોરંટ દવારા કબ્જો લઇ તેમને આરોપીનો કબ્જો સોંપેલ હતો. જે બાબતે કાયદેસર કાર્યવાહી કરી આરોપીને ગુના સબંધે પુછપરછ કરતા આરોપીએ ૨૦૧૫ થી ૨૦૨૦ સુધી તેમજ તે અગાઉ એક થી વધુ લુંટના ગુનાઓને અંજામ આપેલ

હતુ તેવુ તેમના સમક્ષ જાહેર થયેલુ તેમજ સદર લુંટના બનાવમાં સમી તાલુકાના આરોપી હનીફ ઉર્ફે સબ્બીરભાઇ ઇમામભાઇ બેલીમ, રહે. સમીવાડા તેમજ ઇકો ગાડીનો ડ્રાઇવર આરોપી મોહમંદ અનીસ હબીબભાઇ સોલંકી, રહે. વિરમગામવાળો તેમજ આરોપી પ્રધ્યુમનસિંહ ઉર્ફે રાજેન્દ્રસિંહ ઉર્ફે પદુભા ઘનશ્યામસિંહ ઉર્ફે નવલસિંહ ઝાલા તથા આરોપી રોહિતસિંહ ઉર્ફે રણવીરસિંહ ઉર્ફે ભાણુભા કિરિટસિંહ ઝાલા, રહે .ધ્રાગધ્રા તેમજ આરોપી આરોપી મહિપતસિંહ તેમજ મેઢાસણ ગામમાં રહેતા ગુનામાં વપરાયેલ જીજે.૩૧એ–૫૫૨૬ મારૂતિ સ્વીફ્ટ ડીઝાયર ગાડીના માલિક મહાવીરસિંહ સ/ઓ રણવિરસિંહ લાલસિંહ જોધ્ધા તેમજ આરોપી પ્રધ્યુમનસિંહને ધરપકડથી બચવા આશરો આપનાર અજીતસિંહ હેમુભા ચાવડા,વગેરે આરોપીઓને જુદી જુદી તારીખ તેમજ સમયે અટક કરી આરોપીઓના મોબાઇલ નંબર તેમજ સી.ડી.આર. તેમજ આરોપીઓની પુછપરછમાં થયેલ કબુલાત આધારે આરોપીઓને અટક કરવામાં આવેલ તેમજ આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા હોઇ તમો આરોપી વિરૂધ્ધ નામ. કોર્ટમાં ચાર્જશીટ રજુ કરવામાં આવેલ હતુ. આરોપીઓને પુછપરછ દરમિયાન તમામ આરોપીઓના રીમાન્ડ મેળવવામાં આવેલ હતા તેમજ તમામ આરોપીઓએ પુછપરછની શરૂઆતમાં અન્ય આરોપીઓના નામ જણાવતા ન હોઇ જે તમામ આરોપીઓના સાચા નામ, સરનામા, મોબાઇલ નંબર, ગુનામાં વપરાયેલ વાહનના સાચા નંબરો આરોપીઓએ અન્ય વ્યકિતઓના વાપરેલ મોબાઇલ નંબરોની તપાસ કરવામાં આવેલ તેમજ તે નંબરોની કોલ–ડીટેઇલના અભ્યાસ કરવામાં આવેલ તેમજ સદરહું મોબાઇલ નંબર બાબતે સાહેદોના નિવેદનો લેવામાં આવેલ. તેમજ ગુનામાં વપરાયેલ હથિયારો તેની તપાસ દરમિયાન પાટણ તાલુકા પો.સ્ટેશનમાં પકડાયેલ હતો તે બાબતે એફ.એસ.એલ.માં તપાસણી અર્થે રીપોર્ટ કરતા મરણજનારના શરીરમાંથી મળેલ કારર્ટીસ આરોપીએ જણાવેલ તેમજ પાટણ પોલીસે કબ્જે કરેલ પીસ્ટલમાંથી ફાયરીંગ થયાનું મેચ થાય છે તે

બાબતનો ગાંધીનગર એફ.એસ.એલ.માંથી અભિપ્રાય રીપોર્ટ મેળવી સામેલ રાખેલ તેમજ તપાસ દરમિયાન મળી આવેલ આરોપીઓ વિરૂધ્ધના પુરાવા કેસપેપર્સમાં એકઠા કરી તમામ આરોપીઓ વિરૂધ્ધ ગુના સબંધે જે ભાગ ભજવવામાં આવેલ હતો વિવિધ હકીકતો દર્શવાતા નિવેદનો તપાસમાં સામેલ રાખવામાં આવેલ હતા. સદર તપાસ કરનાર વધુમાં તેમના પુરાવામાં જણાવેલ છે કે, ગુના સબંધે પકડાયેલ આરોપી મહાવીરસિંહ રણવિરસિંહ જોધ્ધાનાઓ તથા આરોપી મહીપતસિંહ ઉર્ફે રામવાળો ઉર્ફે સીતારામ ચંપુભા ઝાલાનાઓ ગુનાના કામે કઇંક કહેવા બતાવવા માગતો હોઇ અને તેનું પંચનામુ કરવાનુ હોઇ અને તે અંગેનું વિગતવારનું પંચનામુ પંચોની હાજરીમાં પંચોના લખાવ્યા મુજબ લખી લીધેલ અને તે પંચનામામાં પંચોની તથા રૂબરૂ તરીકે તેઓએ સહી કરેલ. જે પંચનામુ આંક–૯૪ તથા આંક–૧૦૬ થી રજુ થયેલ છે જે તેઓએ ઓળખી બતાવેલ છે. ગુના સબંધે પકડાયેલ આરોપી પ્રધ્યુમનસિંહ ઉર્ફ રાજેન્દ્રસિંહ ઉર્ફે પદુભા ઘનશ્યામસિંહ ઉર્ફે નવલસિંહ ઝાલાનાઓ ગુનાના કામે પાસેથી ગુના વખતે ઉપયોગમાં લીધેલ મોબાઇલ વિગેરે કબ્જે લેવાના હોઇ અને તેનું પંચનામુ કરવાનુ હોઇ બે પંચોને મોજે વસાઇ, તા. જી. જામનગર ખાતે હાજર રાખી તેઓને તે અંગેની સમજ કરી તે અંગેનું વિગતવારનું પંચનામુ પંચોની હાજરીમાં પંચોના લખાવ્યા મુજબ લખી લીધેલ અને તે પંચનામામાં પંચોની તથા રૂબરૂ તરીકે તેઓએ સહી કરેલ. જે પંચનામુ આંક–૮૭ થી રજુ છે. જે તેઓએ ઓળખી બતાવેલ છે. મુદામાલ પીસ્ટલનું પરીક્ષણ કરવા બાબતેનું બેલેસ્ટીક વિભાગને પો.અધિક્ષકશ્રી, સાબરકાંઠાનાઓએ લખેલ જે તેઓએ તપાસના કામે સામેલ રાખેલ જે આંક–૧૬૬ થી રજુ થયેલ છે. મુદામાલ ના પરીક્ષણ બાબતેનો એફ.એસ.એલ. અમદાવાદનો પરીક્ષણ અહેવાલ બતાવતા જે તેઓ તરફ આવેલ અને તપાસના કામે સામેલ રાખેલ તે જ છે તેમ જણાવી આંક–૧૬૭ થી રજુ થયેલ છે. મુદામાલ ના પરીક્ષણ બાબતેનો એફ.એસ.એલ. અમદાવાદનો

બાયોલોજી વિભાગનો પરીક્ષણ અહેવાલ બતાવતા જે ઓળખી બતાવી આંક–૧૬૮ થી રજુ રાખેલ છે. મુદ્દામાલ ના પરીક્ષણ બાબતેનો એફ.એસ.એલ. અમદાવાદનો સીરોલોજી વિભાગનો પરીક્ષણ અહેવાલ બતાવતા જે ઓળખી બતાવી આંક–૧૬૯ થી રજુ રાખેલ છે. તપાસના કામે તેઓએ મેઢાસણ ગ્રામપંચાયતમાંથી મકાન ભાડે આપવા બાબતેનો દાખલો મેળવી તપાસના કામે સામેલ રાખેલ જે ઓળખી બતાવી આંક–૧૭૦ થી રજુ રાખેલ છે. આરોપીઓ વિરૂધ્ધ ઇ.પી.કો.કલમ.૨૧૨ તથા ઇ.પી.કો.કલમ–૪૬૫, ૪૬૭, ૪૭૧, ૨૦૧,૩૪ મુજબનો ગુનો બનતો હોઇ સદર કલમો ઉમેરો કરવા સારૂ નામ. કોર્ટમા રીપોર્ટ કરેલ , જે મંજુર થતા, તે મુજબનો કલમનો ઉમેરો કરવામા આવેલ. જે રીપોર્ટ આંક–૧૭૧ તથા આંક–૧૭૨ થી રજુ રાખેલ છે. ગુના સબંધે પકડાયેલ આરોપી અજીતસિંહ હેમુભા ચાવડા તથા પ્રધ્યુમનસિંહ ઉર્ફ રાજેન્દ્રસિંહ ઉર્ફે પદુભા ઘનશ્યામસિંહ ઉર્ફે નવલસિંહ ઝાલાનાઓની શરીર સ્થીતિ તેમજ ગુનામાં વાપરેલ વાહન તેમજ મોબાઇલ વિગેરેનું પંચનામુ કરવાનુ હોઇ તે અંગેનું વિગતવારનું પંચનામુ પંચોની હાજરીમાં પંચોના લખાવ્યા મુજબ લખી લીધેલ અને તે પંચનામામાં પંચોની તથા રૂબરૂ તરીકે તેઓએ સહી કરેલ. જે પંચનામુ આંક–૭૮ થી રજુ થયેલ છે જે તેઓએ ઓળખી બતાવેલ છે. સદર તપાસ કરનાર વધુમાં તેમના પુરાવામાં જણાવેલ છે કે, ગુના સબંધે પકડાયેલ તમો આરોપી પ્રધ્યુમનસિંહ ઉર્ફ રાજેન્દ્રસિંહ ઉર્ફે પદુભા ઘનશ્યામસિંહ ઉર્ફે નવલસિંહ ઝાલાનાઓ ગુનો કર્યા બાદ આરોપીઓ કેવી રીતે ભાગી ગયેલ જે સમગ્ર હકીકત મુજબની જગ્યા વિગેરે બતાવવા માગતો હોય અને તેનુ વિગતવારનું પંચનામુ કરવાનુ હોઇ તે અંગેનું વિગતવારનું પંચનામુ પંચોની હાજરીમાં પંચોના લખાવ્યા મુજબ લખી લીધેલ અને તે પંચનામામાં પંચોની તથા રૂબરૂ તરીકે તેઓએ સહી કરેલ. જે પંચનામુ આંક–૭૯ થી રજુ થયેલ છે જે તેઓએ ઓળખી બતાવેલ છે. ગુના સબંધે પકડાયેલ આરોપી રોહિતસિંહ ઉર્ફે રણવીરસિંહ ઉર્ફે ભાણુભા કિરિટસિંહ

ઝાલાનાઓએ લુંટના પૈસાથી ખરીદેલ ઈકો સ્પોટ ગાડી સંજયસિંહ કાભાઈભાઈ રાજનાઓના નામે ખરીદેલ હોય જે વાહનનું પંચનામુ કરવાનુ હોઈ તે અંગેનું વિગતવારનું પંચનામુ બે પંચોની હાજરીમાં પંચોના લખાવ્યા મુજબ લખી લીધેલ અને તે પંચનામામાં પંચોની તથા રૂબરૂ તરીકે તૌએ સહી કરેલ. જે પંચનામુ આંક–૮૦ થી રજુ થયેલ છે જે ઓળખી બતાવેલ છે. આરોપી રોહિતસિંહ ઉર્ફે રણવીરસિંહ ઉર્ફે ભાણુભા કિરિટસિંહ ઝાલાનાઓ તા. ૨૧/૦૧/૨૦૨૦ ના રોજ પોતે તથા સહઆરોપીઓ ભેગા થયેલ જે જગ્યા તથા ખેડબ્રહમા મુકામે આંગડીયા કર્મચારી સાથે ઝપાઝપી કરી લુંટ કરેલ તે જગ્યા અને ગુનો કર્યા બાદ કેવી રીતે ભાગી ગયેલ તે સમગ્ર હકીકત જણાવવા તેમજ બતાવવા માગતા હોય અને તેનું પંચનામુ કરવાનુ હોઈ તે અંગેનું વિગતવારનું પંચનામુ પંચોની હાજરીમાં પંચોના લખાવ્યા મુજબ લખી લીધેલ અને તે પંચનામામાં પંચોની તથા રૂબરૂ તરીકે તેઓએ સહી કરેલ. જે પંચનામુ આંક–૮૧ થી રજુ થયેલ છે જે તેઓએ ઓળખી બતાવેલ છે. તેઓએ તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેમના લખાવ્યા મુજબના નોંધી લીધેલ અને તપાસના કામે સામેલ રાખેલ હોવાનું જણાવી આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે તેમજ તેમની તપાસના અંતે આરોપી મહિપતસિંહ ઉર્ફે રામવાળો ઉર્ફે સીતારામ ચંપુભા ઝાલા,મહાવીર સિંહ સ/ઓ. રણવીરસિંહ લાલસિંહ જોધ્ધા, પ્રધ્યુમનસિંહ ઉર્ફ રાજેન્દ્રસિંહ ઉર્ફે પદુભા ઘનશ્યામસિંહ ઉર્ફે નવલસિંહ ઝાલા, અજીતસિહ હેમુભા ચાવડા, રોહિતસિંહ ઉર્ફે રણવીરસિંહ ઉર્ફે ભાણુભા કિરિટસિંહ ઝાલાઓની વિરૂધ્ધ પુરતો પુરાવો હોઈ તેઓના વિરૂધ્ધ નામ. કોર્ટમાં ચાર્ઝશીટ દાખલ કરેલ. સદર તપાસ કરનાર અધિકારી વધુમાં તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેઓએ તપાસના કામે મેળવેલ આરોપીઓના મોબાઈલ ફોન અને આરોપીઓએ બીજા વ્યકિતઓના નામે મેળવેલ સીમકાર્ડના ફોનની કોલ–ડીટેઈલ આંક–૧૭૩ થી રજુ થયેલ છે.

(૪૬.૧) સદર તપાસ કરનાર અધિકારીની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ કબુલ કરેલ છે કે, આ કામે થયેલ ફરીયાદ વંચાણે લીધેલ અને આ કામે આપેલ ફરીયાદમાં કોઇ આરોપીનું નામ, ઉંમર અને વર્ણન જણાવેલ નથી.

(૪૬.૨)સદર તપાસ કરનાર અધિકારીના પુરાવાનું મૂલ્યાંકન કરતાં તેઓએ તેમની તપાસની કામગીરીને સમર્થન આપેલ છે. સદર સાહેદના પુરાવાથી એફ.એસ.એલ.ના પુરાવાથી સમર્થન પ્રાપ્ થાય છે પરંતુ, સદર સાહેદ ધ્વારા જે સાહેદોના નિવેદનો લેવામાં આવેલ છે તે સાહેદો ધ્વારા તેમના પોલીસ રૂબરૂના જવાબની હકીકતોને સમર્થન કરેલ નથી. તેવી જ રીતે આ કામે થયેલ પંચનામાના પંચો ધ્વારા પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી. જેથી આરોપીઓને ગુનામાં સાંકળતી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી.

(૪૭) ત્યારબાદ ફરીયાદપક્ષે **સાહેદ નં.૪૪ થી તપાસ કરનાર અધિકારી પી.આઇ.વિશાલકુમાર ભીખાભાઇ પટેલને આંક–૧૭૭ થી** તપાસવામાં આવેલ છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તારીખ: ૦૭/૦૨/૨૦૨૦ ના રોજ તેઓ ખેડબ્રહમા પો.સ્ટે. ખાતે તેઓ પી.એસ.આઇ. તરીકે તેમની ફરજ પર હતો તે દરમ્યાન સદર ગુન્હાની તપાસ તેઓને સુપ્રરત થતાં સદર ગુનાની તપાસ તેઓએ સંભાળી લીધેલ અને તપાસના કામે પકડાયેલ આરોપી મહંમદઅનીસ હબીબભાઈ સોલંકી નાઓને સાથે રાખી ગુન્હામાં વપરાયેલ સ્વીફટ ગાડી લઈ આવનાર સહ આરોપી મહેશ સંદિપ શર્માની ધરપકડ કરી મુદદામાલની રીકવરી કરવાની હોય અને તેનુ પંચનામુ કરવા બે પંચોને ખેડબ્રહમા પો.સ્ટે. હાજર રાખી તેઓને તે અંગેની સમજ કરી મેઢાસણ ગામે ગયેલ અને પંચનામાની વિગતે મુદદામાલ કબ્જે કરેલ અને તેનુ વિગતવારનુ પંચનામુ લેપટોપમાં લખી લીધેલ અને તેની ખેડબ્રહમા પો.સ્ટે. આવી પ્રિન્ટ કાઢી તેમાં પંચોની અને રુબરુ તરીકે તેઓએ તેમની સહી કરેલી જે પંચનામુ આંક–૪૩ થી રજુ થયેલ છે. સદર તપાસ કરનાર અધિકારી વધુમાં

તેમના પુરાવામાં જણાવેલ છે કે, તપાસના કામે પકડાયેલ આરોપી મહંમદઅનીસ હબીબભાઈ સોલંકી નાઓ કઇક કહી બતાવવા માગતા હોય અને તેનુ પંચનામુ કરવાનુ હોય આરોપી સાથે તમો આરોપીએ બતાવેલ સ્થળે વિરમગામે આરોપીના ઘરે ગયેલા અને તેનુ વિગતવારનુ પંચનામુ લખી લીધેલ તેમજ બનાવ સમયે પહેરેલ કપડા આરોપી રજુ કરતો હોય તેનુ વિગતવારનુ પંચનામુ લખી લીધેલ અને તપાસના કામે સામેલ રાખેલ. ત્યારબાદ આરોપીના બતાવ્યા મુજબ વિવિધ જગ્યાએ ગયેલ અને હિંમતનગર સહકારી જીન ચાર રસ્તા પાસે આવેલ દુકાનના સીસીટીવી ફુટેજ મેળવવા સારુ તજવિજ કરેલ અને તે અંગેનુ વિગતવારનુ પંચનામુ લેપટોપમાં લખી લીધેલ અને ખેડબ્રહમા પો.સ્ટે. આવી પ્રિન્ટ કાઢી તેમાં પંચોની અને રુબરુ તરીકે તેઓએ તેમની સહી કરેલી, જે પંચનામુ આ કામે આંક : ૫૦ થી રજુ થયેલ છે. ત્યારબાદ ખેડબ્રહમા મુકામે ઈકો ગાડી બજારમાં આવેલ તેમજ ગુન્હામાં વપરાયેલ સ્વીફટ ગાડી સાથે બનાવના દિવસે ખેડબ્રહમા મુકામે આવેલ જે સીસીટીવી કેમેરામાં દેખાતી હોય જે સીસીટીવી વિડીયો ફુટેજ તપાસના કામે કબ્જે લેવાના હોય અને તેનુ પંચનામુ કરવાનુ હોય બે પંચોને ખેડબ્રહમા પો.સ્ટે. હાજર રાખી તેઓને તે અંગેની સમજ કરી ખેડબ્રહમા એસ.બી.આઇ. બેંક તેમજ જનતા બેંકના સીસીટીવી વિડીયો ફુટેજ પંચનામાની વિગતે મેળવી તપાસના કામે સામેલ રાખેલ અને તેનુ વિગતવારનુ પંચનામુ લખી લીધેલ અને તેમાં પંચોની અને રુબરુ તરીકે તેઓએ તેમની સહી કરેલી, જે પંચનામુ આંક-૫૧ થી રજુ થયેલ છે. આરોપી મહંમદ અનીસની તપાસ દરમ્યાન અન્ય આરોપીઓ હનીફભાઈ શબ્બીરભાઈ બહેલીમ, મહેશ સંદિપ શર્મા, જયેશ નામનો વ્યકિત તથા એક અજાણ્યો ઈસમ ગુન્હામાં વાપરાયેલ સ્વીફટ ગાડી સાથે તા. ૨૧/૧/૨૦૨૦ ના રોજ બનાવના દિવસે સીસીટીવી કેમેરામાં દેખાઈ આવતા હોય અને જે ઓળખી બતાવેલ હોય તે સમયગાળા દરમ્યાનના સીસીટીવી વિડીયો ફુટેજના બેકપની ડીવીડી બનાવી

તપાસના કામે સામેલ રાખવાની હોય અને તેનુ  પંચનામુ કરવાનુ હોય બે પંચોને ખેડબ્રહમા પો.સ્ટે. હાજર રાખી તેઓને તે અંગેની સમજ કરી હિંમતનગર સહકારી જીન વિસ્તારમાં રણાસણ ધનસુરા રોડ પર કોર્નર પર આવેલ એલ.આઇ.સી. એજન્ટની ઓફીસમાં લગાડેલ સીસીટીવી કેમેરાનુ સીસીટીવી ફુટેજ મેળવી ડીવીડી બનાવી તેનુ વિગતવારનુ  પંચનામુ લખી લીધેલ અને તેમાં પંચોની અને રુબરુ તરીકે તેઓએ તેમની સહી કરેલી, જે પંચનામુ આંક : ૯૪ થી રજુ  થયેલ છે. સદર તપાસ કરનાર અધિકારી વધુમાં તેમના પુરાવામાં જણાવેલ છે કે,  તપાસના કામે સાહેદ : કસ્તુરભાઈ મગનભાઈ પરમાર, પ્રેમજીભાઇ દલપતભાઇ વણકર, ધમેન્દ્રભાઇ હસમુખલાલ જોષી વિગેરે સાહેદોના લખાવ્યા મુજબના તેમની રૂબરૂ લખી લીધેલા અને તપાસના કાગળો સાથે સામેલ રાખેલ અને અને તેમની તપાસ દરમ્યાન આરોપી મહંમદ અનીસ આબીદભાઇ સોલંકી વિરૂધ્ધ્ પુરતો પુરાવો હોય તેઓને અટક કરેલ અને તમો આરોપી વિરૂધ્ધ્ પુરતો પુરાવો હોય આરોપી વિરૂધ્ધ ના.કોર્ટમાં ચાર્જશીટ કરેલ. સદર તપાસ કરનાર અધિકારી વધુમાં તેમના પુરાવામાં જણાવેલ છે કે, ત્યારબાદ આગળની તપાસ તેમના ઉપલા અધિકારીની સુચના મુજબ એલ.સી.બી. કચેરી હિંમતનગર ખાતે મોકલી આપેલી.

(૪૭.૧) સદર તપાસ કરનાર અધિકારીની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ છે પરંતુ તેમાંથી ઉપરોકત હકીકતોનુ ખંડન થાય તેવી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

(૪૭.૨)સદર તપાસ કરનાર અધિકારીના પુરાવાનું મૂલ્યાંકન કરતાં તેઓએ તેમની તપાસની કામગીરીને સમર્થન આપેલ છે. સદર સાહેદે તેમના પુરાવામાં તેઓએ આ કામના મહેશ સંદિપ શર્માને અટક કરી મેઢાસણ ગામે જઇ મુદ્દામાલ સ્વીફ્ટ ગાડી કબજે અને અન્ય ચીજવસ્તુઓ કબજે કરી પંચો રૂબરૂ પંચનામુ કરેલ હોવાનું જણાવેલ છે અને જે પંચનામુ ફરીયાદપક્ષે આંક–૪૩ થી રજુ રાખેલ છે. પરંતુ, આંક–૪૩ થી રજુ પંચનામાના પંચોએ તેમના પુરાવામાં

પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. તેમજ આરોપી મહંમદ અનીસ સોલંકીનાઓ કંઈક કહી બતાવતાં હોય તેઓને સાથે રાખી પંચો રૂબરૂ આરોપીએ બનાવ સમયે પહેરેલ કપડાં રજુ કરતાં તે પંચનામાની વિગતે પંચો રૂબરૂ કબજે કરેલ તેમજ સદર આરોપીના બતાવ્યા મુજબ અલગ અલગ જગ્યાએ જઈ હિંમતનગર મુકામે સહકારી જીન ચાર રસ્તા પાસે આવેલ દુકાનના સીસીટીવી ફુટેજ મેળવવા તજવીજ કરી તેનું પંચનામુ પંચો રૂબરૂ કરેલ છે જે પંચનામુ આંક-૫૦ થી રજુ થયેલ છે. પરંતુ,આંક-૫૦ થી રજુ પંચનામાના પંચોએ તેમના પુરાવામાં પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. તેમજ આ કામે જે ઈલેકટ્રોનીકસ એવીડન્સ રજુ થયેલ છે. જે કોર્ટ રૂબરૂ જોતાં તેમાં જે દ્રશ્યો ચલાયમાન થાય છે તેમાં હાલના એક પણ આરોપીની ઓળખ થતી નથી. તેમજ ગુનાના કામે વપરાયેલ વાહનોના નંબરો પણ સ્પષ્ટ પણે દ્રશ્યમાન થતા નથી. વધુમાં આ કામે મુદામાલ વાહન રીકવરી પંચનામાના પંચો ધ્વારા પંચનામાને સમર્થન કરેલ નથી. જેથી આ કામે સીસીટીવી ફુટેજમાં જે વાહનો દ્રશ્યમાન થાય છે તે આ ગુનાના કામે કબજે કરવામાં આવેલ હોવાની હકીકત અહી શંકાસ્પદ બની જાય છે.

(૪૮) ત્યારબાદ ફરીયાદપક્ષે **સાહેદ નં.૪૬ તપાસ કરનાર અધિકારી પી.આઈ. લલીતસિંહ પહાડસિંહ રાણાને આંક-૧૭૯ થી** તપાસવામાં આવેલ છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તારીખ : ૦૬/૦૩/૨૦૨૩ ના રોજ તેઓ એલ.સી. બી. કચેરી, હિંમતનગર ખાતે પોલીસ સબ ઈન્સ. તરીકે તેમની ફરજ પર હાજર હતો જે દરમ્યાન ખેડબ્રહમા પો.સ્ટે. ગુ.ર.નં. ૪૧/૨૦૨૦ ના કામે પકડવાના બાકી આરોપી હનીફભાઈ ઉર્ફે શબીબભાઈ ઈમામભાઈ બહેલીમ રહે. મફતપુરા બસ સ્ટેશનની બાજુમાં, તા. સમી નાઓને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ પોલીસ ધ્વારા તા. ૨૮/૨/૨૦૨૩ ના રોજ પકડવામાં આવેલ જે આરોપીનો કબ્જો ટ્રાન્સફર વોરંટ આધારે મેળવી ત્યારબાદ તેનુ નિવેદન નોંધેલ અને તેની નોંધ ખેડબ્રહમા

પો.સ્ટે. લાગતાવળગતા રજીસ્ટરોમાં કરાવેલ. નામ. કોર્ટમાંથી રીમાન્ડ મેળવી રીમાન્ડ દરમ્યાન તેનુ નિવેદન લેવામાં આવેલ. અટક કરેલ આરોપીએ ગુન્હાને કઇ રીતે અંજામ આપેલ તે બાબતે કહેવા અને બતાવવા માગતો હોય અને તેનુ પંચનામુ કરવાનુ હોય બે પંચોને હિંમતનગર એલ.સી. કચેરી ખાતે બોલાવી તેઓને તે અંગેની સમજ કરી આરોપીના બતાવ્યા મુજબ એલ.સી. કચેરી, હિંમતનગર થી નીકળી આરોપીના જણાવ્યા મુજબના સ્થળે ગયેલ અને તે અંગેનુ વિગતવારનુ પંચનામુ પંચોની હાજરીમાં લેપટોપમાં લખી લીધેલ, જે પંચનામામાં પંચોની સહી મેળવેલ અને રુબરુ તરીકે તેઓએ તેમની સહી કરેલી, જે પંચનામુ આંક : ૧૧૧ થી રજુ થયેલ છે જે તેઓએ ઓળખી બતાવેલ છે. સદર તપાસ કરનાર અધિકારી વધુમાં તેમના પુરાવામાં જણાવેલ છે કે, આરોપીના રીમાન્ડ પુર્ણ થતા આરોપીને નામ. કોર્ટમાં રજુ કરેલ. આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ હોવાનું જણાવી આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

(૪૮.૧) સદર તપાસ કરનાર અધિકારીની બચાવ પક્ષ તરફે ઉ.ત. કરવામા આવેલ છે પરંતુ તેમાંથી ઉપરોકત હકીકતોનુ ખંડન થાય તેવી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

(૪૮.૨)સદર તપાસ કરનાર અધિકારીના પુરાવાનું મૂલ્યાંકન કરતાં તેઓએ તેમની તપાસની કામગીરીને સમર્થન આપેલ છે. સદર સાહેદનો પુરાવો ધ્યાને લેતાં તેઓએ સદર કામે આરોપી હનીફભાઇ ઉર્ફે શબીબભાઇ નો કબજો ટ્રાન્સફર વોરંટ આધારે મળવેલ અને આરોપીએ ગુન્હાને કઇ રીતે અંજામ આપેલ તે બાબતે કંઇક બતાવતા માંગતો હોય આરોપીને સાથે રાખી બનાવવાળા સ્થળે જઇ પંચો રૂબરૂ વિતગવારનું પંચનામુ કરેલ હોવાનું જણાવેલ છે. જે પંચનામુ ફરીયાદપક્ષે આંક–૧૧૧ થી રજુ રાખેલ છે. પરંતુ, આંક–૧૧૧ થી રજુ પંચનામાના પંચોએ પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

(૪૯) સદર કામે ફરીયાદ પક્ષ તરફે બચાવ પક્ષની સંમતિથી ફરીયાદપક્ષે આંક–૧૮૯ થી ડાયરેકટોરેટ ઓફ ફોરેન્સિક સાયન્સ, ગાંધીનગરનો સ્થળ પરીક્ષણ અહેવાલ તેમજ આંક–૧૯૦ થી આરોપીની બ્લડ સેમ્પલ લેવા બાબતની પોલીસ યાદી તેમજ આંક–૧૯૧ થી મરણ જનારની લાશ સોંપ્યા બાબતની પહોંચ તેમજ આંક–૧૯૨ થી મુદ્દામાલ રવાનગી નોંધ તેમજ આંક–૧૯૩ થી મુદ્દામાલ એફ.એસ.એલ. મળ્યાની અંગેની પહોંચ તેમજ આંક–૧૯૪ થી મુદ્દામાલ એફ.એસ.એલ. નો પરીક્ષણ બાબતેનો પત્ર તેમજ આંક–૧૯૫ થી મુદ્દામાલ એફ.એસ.એલ. નો બાયોલોજી વિભાગનો અહેવાલ તેમજ આંક–૧૯૬ થી મુદ્દામાલ એફ.એસ.એલ. નો સીરોલોજી વિભાગનો અહેવાલ તેમજ આંક–૧૯૭ થી મુદ્દામાલ રવાનગી નોંધ તેમજ આંક–૧૯૮ થી મુદ્દામાલ ડી.એફ.એસ. મળ્યાની અંગેની પહોંચ તેમજ આંક–૧૯૯ થી મુદ્દામાલ રવાનગી નોંધ તેમજ આંક–૨૦૦ થી મુદ્દામાલ એફ.એસ.એલ.માં મળ્યા અંગેની પહોંચ તેમજ આંક–૨૦૧ થી ભારતીય પુરાવા અધિનિયમ–૧૮૭૨ ના કાયદાની કલમ–૬૫–ખ(૪)(સી) મુજબ બ્રાન્ચ મેનેજર જનતા બેન્ક ખેડબ્રહમાનાઓનું સર્ટીફીકેટ તેમજ આંક–૨૦૨ થી એફ.આઇ.આર.માં આરોપીના નામ સરનામાના ઉમેરો કરવા બાબતનો રીપોર્ટ તેમજ આંક–૨૦૩ થી ગુનાવાળી જગ્યાનો નકશો બનાવી આપવા બાબતે ચીફ ઓફીસરશ્રી નગરપાલીકા ખેડબ્રહમાનાઓને કરેલ યાદી રજુ થયેલ છે. પરંતુ સદર દસ્તાવેજી પુરાવો સમર્થનકારક પુરાવો હોય તેને ફરીયાદ પક્ષના મહત્વના પુરાવાઓની સાથે વંચાણે લેવો જરૂરી હોય છે. જયારે ફરીયાદપક્ષના મહત્વના પંચો તથા ફરીયાદી તથા સાહેદોના પુરાવાથી ફરીયાદ પક્ષના કેસને સર્મથન મળતું ન હોય ત્યારે સમર્થનકારક પુરાવા ઉપર આધાર રાખી આરોપીઓને તેમની સામે આક્ષેપાયેલ ગુના સાથે સાંકળી શકાય નહીં.

(૫૦) બંન્ને પક્ષની રજુઆતો રેકર્ડ ઉપરનો પુરાવો તથા તેની કરેલ ઉપરોકત ચર્ચા ધ્યાને લેતાં, સદર કામે ફરીયાદ પક્ષના ફરીયાદી,

બનાવ નજરે જોનાર સાહેદો અને પંચ સાહેદો દ્વારા ફરીયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરેલ નથી. આ કામે એફ.એસ.એલ.ના પુરાવા તથા તબીબ સાહેદના પુરાવા પરથી ફરીયાદ પક્ષના કેસને સમર્થન મળે છે પરંતુ તેના ઉપરથી આરોપીઓની ઓળખ, આરોપીઓ દવારા જ સદર ગુનાને અંજામ આપવામાં આવેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. વધુમાં સી.સી.ટી.વી. ફુટેજના વિડીયો જોતાં તેમાંથી પણ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવા કોઈ આધાર પુરાવા રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં ગુનામાં વપરાયેલ વાહનો તેમજ ગાડીની નંબર પ્લેટો તથા હથિયારની પણ ઓળખ થયેલ નથી કે હથિયાર આરોપીઓ પાસેથી પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ હોવાની હકીકત પણ પુરવાર થતી નથી. આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ આ કામના આરોપીઓ ધ્વારા અલગ અલગ વિસ્તારમાં એકબીજા સાથે મળી, પરસ્પર સામાન્ય ઈરાદાથી તથા ગુનાહિત કાવતરૂ રચી મરણ જનાર આંગડીયા પેઢીના કર્મચારી પાસેથી લૂંટ કરવાની પૂર્વ યોજના બનાવી અને લૂંટના હેતુથી અલગ અલગ વાહનોની વ્યવસ્થા કરી, પોલીસ તથા સી.સી.ટી.વી. કેમેરાની નજરથી બચવા માટે ગુનામાં વપરાયેલા વાહનો લઈને લુંટ કરવાના ઈરાદે ગુનાહિત કાવતરૂ રચી રેકી કરી તથા લૂંટની રકમમાં ભાગ–બટાવ અંગે અગાઉથી નકકી કરી મરણ જનાર આંગડીયા પેઢીના કર્મચારી પાસેના થેલાની ખેંચતાણ કરી આરોપીએ વગર લાયસન્સે ગેરકાયેદસર હથીયાર પીસ્તોલ/રીવોલ્વર પોતાના કબજામાં રાખી વહન કરી તેનો ગેરકાયદેસર ઉપયોગ કરી મરણ જનાર આંગડીયા પેઢીના કર્મચારી ઉપર ફાયરીંગ કરી છાતીના ભાગે ઈજાઓ પહોંચાડી તેમજ છરાથી પેટના ભાગે ઈજા પહોંચાડી, ધાડ પાડી મોત નિપજાવી થેલો તથા છરો મુકી થેલામાં રહેલી રોકડ રકમની લૂંટ કરી નાસી જઈ તેમજ ગુનામાં વાપરેલ વાહનોની નંબર પ્લેટો બદલી ખોટી નંબર પ્લેટોનો ખરા તરીકે ઉપયોગ કરી તેનો નાશ કરી તેમજ વાહનની ઓળખ ન થાય તે માટે વાહન ઉપરથી કાળી ફીલ્મ દુર કરાવી તેમજ ગુનામાં

વપરાયેલ મોબાઈલ ફોનનો નાશ કરી, પુરાવાનો નાશ કરી, તેમજ આરોપીએ પોતાની ઓળખ છુપાવાના ઈરાદાસર નામ બદલી તેમજ આ કામે ફરમાવવામાં આવેલ તહોમતનામાઓ મુજબના ગુના આવશ્યક ત્તવો પુરવાર થતાં ન હોય આરોપીઓને તેઓની સામેના આક્ષેપાયેલ ગુનામાં તકસીરવાન ઠરાવી શકાય નહીં. જેથી **મુદ્દા નં.ર** નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે.

**મુદા નં.૩ :–**

(૫૧) વધુમા આ કામે આરોપીઓ વિરૂધ્ધ જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાનો આરોપ છે. પરંતુ, બનાવ સમયે અધિક જીલ્લા મેજી.શ્રી સાબરકાંઠા–હિંમતનગરનાઓનુ જી.પી.એકટની કલમ–૩૭(૩) અન્વયેનુ જાહેરનામુ અમલ હોવા સંદર્ભે ફરીયાદપક્ષે કોઇ સાહેદને તપાસેલ નથી કે કોઇ જાહેરનામું રજુ રાખેલ નથી. આ સંજોગોમાં બનાવના દિવસે આરોપીએ મે.અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ શ્રી, સાબરકાંઠાના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરેલ હોય તેમ ફરીયાદપક્ષ વિશ્વસનીય, આધારભુત પુરાવાઓ પરથી પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. જેથી બનાવ વખતે મે.જીલ્લા અધિ.મેજી.શ્રીનું જી.પી.એકટની કલમ–૩૭(૩)મુજબનું જાહેરનામુ બનાવ સમયે અમલમા હોવાનુ નિ:શંકપણે ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલ ન હોય, **મુદા નં.૩** નો નિર્ણય '' **નકાર** '' માં ઠરાવી **મુદ્દા નં.૪** પરત્વે નીચે મુજબનો આખર હુકમ કરવામાં આવે છે.

**/// આ ખ રી હુ ક મ ///**

(૧) **સેસન્સ કેસ નં.૧૨/૨૦૨૦** ના કામે ક્રિમીનલ પ્રોસીજર રોડની કલમ–૨૩૫(૧) અન્વયે આ કામના આરોપી **મહમદ અનિસ હબીબભાઇ સોલંકી(સીપાઇ)** ઉ.વ.૨૭ રહે. ધોડાપીરની દરગાહ પાસે, કાસમપુર વિસ્તાર, વિરમગામ , તા.વિરમગામ, જી.અમદાવાદનાઓને ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ–૩૯૬, ૩૯૭,૩૦૨, ૧૨૦(બી) તથા આમર્સ એકટની કલમ– ૨૫ (૧–બી–એ), ૨૭ તથા જી.પી.એકટ. કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા

આવે છે.

(૨) **સેસન્સ કેસ નં.૫/૨૦૨૧** ના કામે ક્રિમીનલ પ્રોસીજર રોડની કલમ–૨૩૫(૧) અન્વયે આ કામના આરોપી નં. **(૧) મહિપતસિંહ ઉર્ફે રામવાળો ઉર્ફે સીતારામ ચંપુભા ઝાલા,** ઉ.વ.૩૭, રહે.ઝીંઝુવાડા, રસાણીપાટી, તા.પાટડી, જી.સુરેન્દ્રનગર, **(૨) મહાવીરસિંહ સ/ઓ. રણવીરસિંહ લાલસિંહ જોધ્ધા,** ઉ.વ.૩૭, રહે. મેઢાસણ, રાજપુત ફળીયુ, તા.મોડાસા, જી.અરવલ્લી, **(૩) પધ્યુમનસિંહ ઉર્ફે રાજેન્દ્રસિંહ ઉર્ફે પદુભા ધનશ્યામસિંહ ઉર્ફે નવલસિંહ ઝાલા,** ઉ.વ.૩૫ રહે.રાંદલનગર, જામનગર, તા.જી.જામનગરનાઓને ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ– ૩૯૬,૩૯૭,૩૦૨,૧૨૦(બી), ૩૪, ૨૧૨,૨૦૧,૪૬૫,૪૬૭, ૪૭૧ તથા આમર્સ એકટની કલમ– ૨૫ (૧–બી–એ), ૨૭ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

(૩) **સેસન્સ કેસ નં.૫/૨૦૨૧** ના કામે કેસની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન આરોપી નં.**(૪) અજીતસિંહ હેમુભા ચાવડા, (એબેટ)** રહે.છારા, તા.કોડીનાર, જી.ગીર સોમનાથનાઓ મરણ ગયેલ હોય તેઓની સામેનો કેસ એબેટ થયેલ હોય કોઈ હુકમ કરવામાં આવતો નથી.

(૪) **સેસન્સ કેસ નં.૯/૨૦૨૧** ના કામે ક્રિમીનલ પ્રોસીજર રોડની કલમ–૨૩૫(૧) અન્વયે આ કામના આરોપી **રોહિતસિંહ ઉર્ફે રણવીરસિંહ ઉર્ફે ભાણુભા કિરીટસિંહ ઝાલા,** ઉ.વ.૩૦, મુળ રહે.ધાંગધ્રા, ભાર્ગવી સોસાયટી, તા.ધાંગધ્રા, જી.સુરેન્દ્રનગર, હાલ રહે. સાવલી, નંદર રેસીડેન્સી, ફ્લેટ નં.૩૦૧, ભાદરવા ચોકડી, તા.સાવલી, જી.વડોદરા નાઓને ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ– ૩૯૬,૩૯૭,૩૦૨,૧૨૦(બી), ૩૪, ૨૧૨,૨૦૧,૪૬૫, ૪૬૭, ૪૭૧ તથા આમર્સ એકટની કલમ– ૨૫ (૧–બી–એ), ૨૭ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

(૫) **સેસન્સ કેસ નં.૪૯/૨૦૨૩** ના કામે ક્રિમીનલ પ્રોસીજર રોડની કલમ–૨૩૫(૧) અન્વયે આ કામના આરોપી **હનીફભાઇ ઉર્ફે સબીરભાઇ ઉર્ફે કાળીયો ઉર્ફે નાનુખાન ઇમામભાઇ એહમદભાઇ બેલીમ,** ઉ.વ.૪૮,રહે.મફતપુરા, બસ સ્ટેશનની બાજુમાં સમી, તા.સમી, જી.પાટણ નાઓને ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ– ૩૯૬,૩૯૭,૩૦૨,૧૨૦(બી), ૩૪, ૨૧૨,૨૦૧,૪૬૫, ૪૬૭, ૪૭૧ તથા આમર્સ એકટની કલમ– ૨૫ (૧–બી–એ), ૨૭ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

(૬) સદર હુકમની ખરીનકલ સેસન્સ કેસ નં.૫/૨૦૨૧, સેસન્સ કેસ નં.૯/૨૦૨૧ તથા સેસન્સ કેસ નં.૪૯/૨૦૨૩ ના કામે સામેલ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૭) મુદામાલ પાવતી નં.૧૭/૨૦૨૦ ના કામે કબજે કરવામાં આવેલ રૂપિયા બે હજાર ના દરની ચલણી નોટ નંગ–૧૫ જે ક્રિમીનલ કોર્ટ ડીપોઝીટ એન્ટ્રી નં.૨૮ તારીખ ૧૫/૦૯/૨૦૨૩ થી જમા લીધેલ છે તે શ્રી સરકાર ખાતે ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

તેમજ મુદામાલ પાવતીમાં જણાવ્યા મુજબનો મોબાઇલ, તેમજ વાહનો અનુસંધાને અગાઉ થયેલ વચગાળાનો હુકમ કાયમી કરવાનો હુકમ કરવામાં આવે છે અન્યથા અપીલ અદાલતના નિર્ણયને અનુસરવુ.

(૮) મુદામાલ પાવતીઓમા જણાવ્યા મુજબના બિનકિંમતી મુદામાલ નો અપીલ સમય બાદ નાશ કરવો અન્યથા અપીલ અદાલતના નિર્ણય ને આધીન નિકાલ કરવો.

(૯) આ કામે ટ્રાયલ દરમ્યાન લીધેલ જામીન અને જાતમુચરકા આથી રદ કરવાનો હુકમ કરવામા આવે છે.

(૧૦) ક્રિ.પ્રો.કોડ કલમ–૪૩૭(એ) અન્વયે જો સદર હુકમને કોઇ અપીલ ધ્વારા પડકારવામા આવે તો, તેવા પ્રસંગે આરોપીએ એપેલેટ કોર્ટ સમક્ષ ઉપસ્થીત રહેશે તેવી ખાતરી માટે દરેક આરોપીએ રૂા.૧૫,૦૦૦/– અંકે રૂપિયા પંદર હજાર પુરાના જામીન અને

તેટલી રકમના જાત મુચરકા આપવાના રહેશે.

(૧૧) હુકમ મુજબ જેલરશ્રી સબજેલ,હિંમતનગરને યાદી કરવી.

આ હુકમ આજ તારીખ **૦૮**મી માહે–**ઓગસ્ટ** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૦૮/૦૮/૨૦૨૬
સ્થળ : ઈડર

**( એમ.વાય.રાધનપુરવાલા)**
**બીજા એડીશ્નલ સેસન્સ જજ**
**ઇડર–સાબરકાંઠા**
**કોડ જીજે૦૦૭૩૪**

***NVP***